# આગમ જ્યોત

॥ શાસ્ત્રં સર્વત્રગં ચક્ષુઃ ॥

શ્રી અનુયોગ દ્વાર સૂત્ર

૧૧ અંગ

શ્રી નંદીસૂત્ર

૧૨ ઉપાંગ

૪ મૂળસૂત્ર

૧૦ પયન્ના

૬ છેદસૂત્ર

વર્ષ ૧૫

: પ્રકાશક :

શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા

કપડવંજ (જી. ખેડા)

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણિ[illegible]ગર-સૂરીશ્વરજી ભગવંતની મંગળપ્રેરણાથી ધ્યાન[illegible]. પૂ, આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણવાન પ્રકાશન.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागमो ॥

प्रकाशितं जिनानां —मतं सर्वनयाश्रितम ।
चिते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥

गीतार्थाय जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

પ્રાકૃત–ગુજરાતી–મરાઠી-સંસ્કૃત-હિંદી-અંગ્રેજી ભાષામાં
卐 પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની સ્તુતિ 卐

सिद्धददौ भाणुदंगे वरसुयभवणा શૈલતાગ્રાગમોના
સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरासाठीं केले सुयत्ना ।
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरीकालमेंमी,
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हे.

MOST GAIN ACCLOMATION

सम्यक तत्त्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

પૂજ્યશ્રી આગમજ્ઞ-શિરોમણિ
વાદી-વિજેતા
આગમિક-તાત્ત્વિક વ્યાખ્યાતા
આગમોદ્ધારક - આચાર્યશ્રીનાં
તાત્ત્વિક વ્યાખ્યાનો

આદિના સંકલન રૂપ

# શ્રી
# આગમ જ્યોત

॥ आगमज्ञानं आत्मस्वरूपदर्शनम् ॥

"આગમજ્ઞાને ભયભય ટળે."

卐

: મૂલ્ય :

પાં....ચ....રૂ...પિ....યા

卐

પિસ્તાલીશ ભાખીયા, આગમ-જિનમતમાંહી,
મનુષ્ય જન્મ પામી કરી, ભક્તિ કરો ઉચ્છાહી.

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
દલાલવાડો,
મુ૦ કપડવંજ,

પુસ્તક-પ્રાપ્તિસ્થાન :
પં. હરગોવનદાસ એસ. શાહ
મી. ગુ. જૈન ઉપાશ્રય
દલાલવાડો,
મુ૦ કપડવંજ.
(જિ. ખેડા)

વિ. નિ. સં. ૨૫૦૬ ❋ વિ. સં. ૨૦૩

## ન.....મ્ર.....નિ.....વે.....દ.....ન.....

* આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તક રૂપે પ્રગટ થાય છે.
* વાર્ષિક-લવાજમની યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજાઓ, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ-ગૃહસ્થોને ભેટ અપાય છે.
* સ્થાયી-કોશની યોજના ચાલુ છે, જેમાં ઓછામાં ઓછા રૂ. ૧૦૧) લેવાય છે.
* છુટક ભેટ યોજનામાં પાંચ રૂપિયા કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે.

મુદ્રક :
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર,
અમદાવાદ.

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઇપણ જાતના ટેકા
વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ
અર્ધપદ્માસને કાઉસ્સગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન
અનશન સમાધિ-મરણની ઝાંખી કરાવી




આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ-સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત

**પૂ. આચાર્યદેવશ્રી**

**આનંદસાગર-સૂરીશ્વરજી મહારાજ**

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

## અ.....મા.... રી.....વા.....ત

શ્રી દેવગુરુકૃપાએ આગમ-પારગામી બહુશ્રુત સૂરિપુંગવ ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના વિશાળ સાહિત્ય સમુદ્રને પુસ્તકાકારે ગાગરમાં ભરવારૂપે મહદ્‌ભગીરથ કાર્ય સ્વ. પૂ. **ગચ્છાધિપતિ આ. શ્રી. માણેકસાગર-સૂરિમ.** ની વરદ-આશીર્વાદભરી પ્રબળ પ્રેરણા અને કૃપાથી અમારી શક્તિ-ગજા ઉપરાંતનું પણ કરી શકવા સમર્થ બન્યા છીએ, એ અમારા પરમ સૌભાગ્યની વાત છે.

જે બધાના ઉપર કળશ ચડાવવા રૂપે હાથના લખેલ કાગળોમાં વેરવિખેર અટવાયેલું પૂ. **આગમોદ્ધારકશ્રીનું** વ્યાખ્યાન-સાહિત્ય અને બીજું પણ પરચુરણ તાત્વિક-સાહિત્ય આદિના અભૂતપૂર્વ ખજાના તુલ્ય **"આગમજ્યોત"** ત્રૈમાસિકનું પુસ્તકાકારે પ્રકાશન અમારે માટે ખૂબ જ ગૌરવ લેવા જેવું છે.

આ બધા પાછળ અમારી ગ્રંથમાળાના આદ્ય પ્રેરક **પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના** લઘુતમ બાળ-શિષ્ય કર્મ-ગ્રંથાદિ-સાહિત્યોના અઠંગ જ્ઞાની પૂ. પં. **શ્રી સૂર્યોદયસાગરજી મ. શ્રીની** બહુમુખી પ્રેરણાએ કામ કર્યું છે, એમ અમારી શક્તિઓ જોતાં લાગે છે.

શ્રી દેવ-ગુરુની અસીમ મંગલ-કૃપાએ. પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીની મંગલ-નિશ્રામાં નક્કી થયેલ આ પ્રકાશનનું આજે ૧૫મું વાર્ષિક-પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે.

આના પ્રકાશનમાં, પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીની અસીમ વરદ કૃપાના બળની સાથે સાથે સાગર-સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉપદેશ, પ્રેરણા તેમજ તત્ત્વરુચિવાળા જૈન શ્રીસંઘો તથા ગુણાનુરાગી-ધર્મપ્રેમી ગૃહસ્થોનો મંગળ સહકાર અમોને સાંપડયો છે, તે બદલ અમે અમારી જાતને ધન્ય-કૃતાર્થ માનીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે સહાય આપનારા સહુની ગુણાનુરાગભરી અનુમોદના કરવા સાથે વિશેષમાં જણાવવાનું કે—

આ પ્રકાશનના આર્થિક-ક્ષેત્રને-સુસમૃદ્ધ બનાવવા ખંત ભર્યો શ્રમ ઉઠાવનાર **પૂ.પં. સૂર્યોદય સાગરજી મ. શ્રી**ના **ધર્મપ્રેમની બહુમાન ભરી અનુમોદના.**

વળી પ્રસ્તુત-પ્રકાશનના સંપાદનની જવાબદારી સ્વીકારી સર્વાંગ સુંદર બનાવવા પ્રયત્નશીલ. પ. પૂ. પરમ તપસ્વી **શાસન જ્યોતિર્ધર-સ્વ. પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રી ધર્મસાગરજી મ. શ્રીના** શિષ્યરત્ન **પૂ. પં. શ્રી અભયસાગરજીમ. શ્રીને** અત્યંત ભાવ ભરી વંદનાંજલિ.

આ સિવાય પ્રકાશનને પગભર બનાવવા માટે ઉપદેશ-પ્રેરણા-આપનાર. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રી જૈન સંઘ અને સદ્‌ગૃહસ્થો આદિની શ્રુત-ભક્તિની હાર્દિક સદ્‌-ભાવના ભરી અનુમોદના.

તેમાં ખાસ કરીને. પૂ ગચ્છાધિપતિ આ. દેવશ્રી હેમ-સાગર સૂરીશ્વરજી મ., પૂ. આ. દેવશ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી કંચન સાગરજી મ., પૂ. પં. શ્રી દોલતસાગરજી મ., પૂ. પં. શ્રી યશોભદ્ર સાગરજી મ., પૂ. પં. શ્રી. સૌભાગ્ય સાગરજી મ., પૂ. મુનિ શ્રી ગુણસાગરજી મ., પૂ. આ. શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી જ્ઞાન મંદિર ઉજ્જૈનના કાર્ય વાહક શ્રી. કુંદન મલજી આદિ અનેક પુણ્યવાન ગૃહસ્થો આદિ ચતુર્વિધ શ્રી સંઘના ધર્મ-પ્રેમભર્યા સહયોગની કૃતજ્ઞભાવે સાદર નોંધ લઈએ છીએ.

વધુમાં આ પ્રકાશન અંગે વ્યવસ્થાતંત્રમાં નિઃસ્વાર્થભાવે સેવા આપનાર શ્રી હરગોવનદાસભાઈ (પ્રધાનાધ્યાપકશ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર-કપડવંજ) તથા બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા (૧૧, નગરશેઠ માર્કેટ, રતનપોળ અમદાવાદ) તેમજ સંપાદન-પ્રકાશન અંગેની ઝીણવટભરી ખંતપૂર્વક તપાસ અને પ્રુફરીડિંગ આદિની મૂક સેવા આપનાર શ્રી રતિલાલ ચી. દોશી (અધ્યાપક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા-અમદાવાદ) પ્રુફમેટર વિગેરે સંબંધી હાર્દિક સેવા આપનાર આશિષકુમાર માણેકલાલ શાહ (સાતભાઈની હવેલી ઝવેરીવાડ-અમદાવાદ), કુમારપાલ જયંતિલાલ શાહ (ગગનવિહાર ફ્લેટ, એ/૨૯, ચોથે માળે, શાહપુર, અમદાવાદ) તથા પ્રેસ-કોપી વિગેરેની ખંતભરી સેવા આપનાર શ્રી અશ્વિનકુમાર એસ. દવે (પાલીતાણા) તથા પ્રેસ કોપી આદિની સેવા આપનાર ભોજક ભોગીલાલ ચીમનલાલ (પાટણ) તથા પોપટલાલ ગોકળદાસ ઠક્કર(શ્રી શક્તિ પ્રિન્ટરીના માલિક) તથા ટાઈટલ પેજનું સુંદર સ્વચ્છ કામ કરી આપનાર દીપક પ્રીન્ટરીના કાર્યવાહકો આદિ સઘળા સહયોગી મહાનુભાવોની કૃતજ્ઞતાપૂર્વક સ્મરણાંજલિ.

છેલ્લે આ પ્રકાશનમાં છદ્મસ્થતાના કારણે જે કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તે બદલ ક્ષમા–યાચના સાથે પુસ્તક–પ્રકાશનનો સદુપયોગ કરી પુણ્યવાન–વિવેકી આત્માઓ જીવનને તત્ત્વદૃષ્ટિ–સંપન્ન બનાવે એજ મંગલ કામના.

વીર નિ. સં. ૨૫૦૬
વિ. સં. ૨૦૩૬
ભા. સુ. ૧૩
દલાલવાડા
કપડવંજ (જિ. ખેડા)

નિવેદક–
રમણલાલ જેચંદ શાહ
મુખ્ય કાર્યવાહક
શ્રી આગમોદ્ધારક જૈન
ગ્રંથમાળા

**ખાસ ધ્યાનમાં રાખવા જેવું !!!**

આગમના આરીસામાં પ્રતિબિંબ
ત્રણેલોકના સઘળા પદાર્થોને નય સાપેક્ષ રીતે
સમજવાની દૃષ્ટિ વિના યથાર્થ રીતે ઓળખી
શકાય નહીં.

તેથી જ્ઞાનીગુરૂના ચરણોમાં વિનયપૂર્વક બેસી જિજ્ઞાસુભાવે નિશ્રા કેળવવી જરૂરી છે.

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

# કહેવા....જોગું

આગમિક-જ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ચિંતન વિના બુદ્ધિનો રથ આત્મશુદ્ધિના પંથે ચાલી શકતો નથી.

વર્તમાનકાળે ભૌતિકવાદી-દિશા તરફ વળાંકવાળું બાહ્ય ફટાટોપ ભર્યું જ્ઞાન ખૂબ પૂર-ઝડપથી ફેલાઈ રહ્યું છે.

પરિણામે જૈન શ્રીસંઘમાં બહુધા તત્ત્વજ્ઞાન કે આગમિક ગહન પદાર્થોની વાત દર્શનાવરણીય કર્મ-નિદ્રાના ઉદયનું સાધન બની રહેલ છે.

વળી દુઃખની વાત એ બની રહે છે કે જૈન શ્રીસંઘને અગ્રગણ્ય દોરવણી આપનાર શ્રમણ સંસ્થામાં પણ ટુચકાઓ, વિનોદ અને દિલ બહેલાવનારા છીછરા શબ્દ-લાલિત્યના પ્રમોદભર્યા મનોરંજન કે જનરંજનની દિશા તરફ ભૌતિકવાદી વલણ મોટે ભાગે થઈ રહ્યું છે.

દ્રવ્યાનુયોગ, કર્મગ્રંથ કે પ્રકરણના પદાર્થોની યથાર્થ છણાવટ આજના વ્યાખ્યાનોમાં મોટે ભાગે સાંભળવા નથી મળતી.

આવા કપરા યુગમાં જે મહાપુરૂષે અત્યંત નાની વયે ઉચ્ચ કોટિના પવિત્ર સંસ્કારો અને પૂર્વ જન્મની આરાધના બળે ચઢતી જવાનીમાં સંસારને લાત મારી ગુરૂ-ચરણોની છત્રછાયા

માત્ર નવ મહિના પૂરતી મેળવવા છતાં અગાધ ખંતભર્યા પ્રયત્ન પુરૂષાર્થ બળે સમસ્ત–આગમોને હસ્તલિખિત અને જીર્ણ–શીર્ણ અવસ્થામાં પણ પરિશ્રમથી વાંચી–વિચારી આગમોદય સમિતિ, દેવચંદ લાલચંદ ફંડ આદિ દ્વારા મર્યાદિત સંખ્યામાં પ્રકાશિત કરાવી જાહેર આગમ–વાચનાઓ આપી આગમિક અભ્યાસને શ્રમણ–સંસ્થામાં પ્રચલિત કરાવ્યો તે પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આગમિક–શૈલિએ તાત્વિક છણાવટ ભરી પદ્ધતિએ એકએક પદાર્થનું સૂક્ષ્મ ચિંતનવાળા વ્યાખ્યાનોની ઝડી વરસાવી.

આવા વ્યાખ્યાનો, છૂટક લેખો, પ્રશ્નોત્તરો આદિના સુમધુર સંકલનરૂપ "આગમ જ્યોત" ત્રૈમાસિકનું પ્રકાશન પૂજ્યપાદ કરૂણાસિંધુ સ્વ. ગચ્છાધિપતિ આ. શ્રી માણેકસાગર સૂરીશ્વરજી ભગવંતના મંગળ વરદ આશીર્વાદથી અને મારા પરમ–તારક જીવનોપકારી શાસન–જ્યોતિર્ધર પૂ. સ્વ. ધર્મસાગરજી મ. ની અપાર નિસ્સીમ કરૂણાબળે સં. ૨૦૨૨ થી થવા પામ્યું છે.

તેનું આ પંદરમું વાર્ષિક પ્રકાશન દેવ–ગુરૂકૃપાએ સકલ શ્રીસંઘ સમક્ષ તાત્વિક આગમપ્રેમી મહાનુભાવોના હાથમાં મૂકતાં અતિ આનંદ અનુભવાય છે કે આવું સૂક્ષ્મ–પ્રજ્ઞાથી સમજાય તેવું તાત્વિક–બાબતોના સંગ્રહરૂપ સંપાદન દેવ–ગુરૂ કૃપાએ સફળપણે થવા પામ્યું છે.

જો કે આ સંપાદનમાં વડીલોની કૃપા, સહયોગીઓનો પવિત્ર સહકાર અને વિવિધ મળી આવતા યોગ્ય સહકારી નિમિત્ત કારણોએ જ મહત્વનો ભાગ ભજવ્યો છે.

અર્થાત્–પૂ. આગમજ્યોતિર્ધર આગમોદ્ધારક શ્રી તથા પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીનો વરદ કૃપાભર્યો આશીર્વાદ, તો મુખ્ય છે જ! એ નિશંક બીના છે.

આ ઉપરાંત મારા જીવનને અથ થી ઇતિ સુધી ઘડવામાં અજબનો ફાળો આપનાર મારા તારકવર્ય, પૂ. પરમારાધ્ય પરમોપકારી સ્વ. ગુરુદેવશ્રી શાસન-જ્યોતિર્ધર ઉપાધ્યાય-ભગવંતની કરૂણાનો વિશિષ્ટ સ્મરણીય ફાળો છે કે જેના પ્રતાપે યત્કિંચિત્ પણ સર્વતોમુખ જીવન-શક્તિઓની સફળતાની કક્ષાએ જાતને લઈ જઈ શકયો છું.

આ ઉપરાંત પ્રસ્તુત સંપાદનની સફળતામાં નીચેના મહાનુભાવોના ભાવ-કરૂણાભર્યા ધર્મ-સહયોગની નોંધ નમ્રાતિનમ્ર ભાવે કૃતજ્ઞતા પૂર્વક લઉં છું.

પરમ પૂજ્ય શાસન પ્રભાવક. પૂ. આ. શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ.-

જેઓએ નિર્વ્યાજ-ધર્મસ્નેહ અને અંતરની લાગણી સાથે પૂ. આગમોદ્ધારકશ્રીની. શ્રી તત્વાર્થસૂત્રની વાચનાની આખી પ્રેસકોપી સાદર મને આપી, તે ઉપરાંત બીજી પણ ઘણી મહત્વની સૂચનાઓ દ્વારા યોગ્ય સહકાર આપ્યો છે.

પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીના ઉપસંપદા પ્રાપ્ત શિષ્ય રત્ન-વિદ્વદ્વર્ય-પ. પૂ. પં. શ્રી કંચનસાગરજી મ.

પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન કર્મગ્રંથાદિ વિચક્ષણ-ચતુર સહૃદયી-પ. પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી. મ.

પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ ધર્મસ્નેહી મુનિરત્ન શ્રી ગુણસાગરજી મ.

આ ઉપરાંત આ સંપાદનમાં આજ્ઞા થતાંની સાથે નાની મોટી દરેક જાતની કામગીરી કરી વિનીતભાવ દર્શાવનાર ધર્મ-

સ્નેહી મુનિ નિરૂપમ શ્રી સાગરજી મ., મુનિશ્રી નયશેખર સાગરજી મ., બાલ મુનિશ્રી પુણ્યશેખર સાગરજી મ. આદિ અનેક મહાનુભાવોના સહયોગના ફળરૂપે આ સંપાદન વ્યવસ્થિત થઈ શક્યું છે.

છેલ્લે નિવેદન એ છે કે–યથાયોગ્ય જાગૃતિ રાખી. પૂ. આગમોદ્ધારક–આચાર્યદેવશ્રીના આશય–વિરૂદ્ધ કંઈ ન થાય તેની તકેદારી રાખવા છતાં છદ્મસ્થતાના કારણે જિનાજ્ઞા કે શાસનની પરંપરા વિરૂદ્ધ કંઈ થવા પામ્યું હોય તો તે બદલ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત દેવા સાથે પુણ્યવાન તત્વ-રુચિવાળા મહાનુભાવો આ પ્રકાશનને જ્ઞાની–ગીતાર્થ ગુરુ ભગવંતની નિશ્રાએ વાંચી–વિચારી અંતરંગ–તત્ત્વદૃષ્ટિની સફળ કેળવણી કરી સંપાદકના અનુભવની જેમ પોતે પણ જિન શાસનની વિશ્વાસ-પૂર્વક સફળ આરાધનાનો લાભ મેળવવા ભાગ્યશાળી બને એ મંગલ અભિલાષા ! ! !

વીર નિ. સં. ૨૫૦૬
વિ. સં. ૨૦૩૬
ભા. સુ ૧૧ શનિ
મણીયાતી પાડો
પાટણ. (ઉ. ગુ.)

લિ.
સંપાદક
શાસન જ્યોતિર્ધર પૂ. ઉપાધ્યાશ્રી
ધર્મસાગરજી મ. ચરણોપાસક
અભયસાગર

श्री

# આ....ગ....મ....જ્યો....ત

## વર્ષ–૧૫

### પુસ્તક ૧–૨–૩–૪

## વિ....ષ....ય....દ....ર્શ....ન


પૃષ્ઠ

અમારી વાત............૩

કહેવા જોગું...............૭

અનુક્રમણિકા............૧૧


### પુસ્તક–૧ લું

### પૃષ્ઠ ૧ થી ૫૨


- વિનેય (શિષ્ય)ની વ્યાખ્યા. પૃષ્ઠ ૧ થી ૪
- શ્રી તીર્થંકર પરમાત્મા જગતના ઉદ્ધાર માટે બધી પ્રવૃત્તિ કરે છે. ૪ થી ૮
- તીર્થયાત્રા–સંઘયાત્રા. ૯ થી ૫૨
- સર્વત્ર પૂજ્યતા શાથી? ૧૨
- ભક્તિથી ધરાયેલાં સાધનોથી ત્યાગીને ભોગી ન ગણાય ૧૪
- દિગંબરોની એક વિચિત્ર મનોદશા. ૧૭
- સ્ત્રીઓ પૂજા કરી શકે તો મુકુટાદિથી વીતરાગતાને બાધ શો? ૧૮
- શાસ્ત્રપાઠોનું રહસ્ય. ૧૯
- ઈંદ્રાદિ પૂજા શા માટે કરે છે? ૨૦
- ઈન્દ્રના કલ્પનું રહસ્ય ૨૧
- દેવોની કરણી પણ અનુમોદનીય ગણાય. ૨૧
- દયાના નામે લુંપકોનો પોકાર. ૨૨
- અવિરતિઓની એકાદ મનગમતી ચીજનું અનુકરણ ન કરાય ૨૩
- દીક્ષા–મહોત્સવ થાય તો મુકુટાદિનો શો વાંધો? ૨૪
- શ્રી આચારાંગસૂત્રના પાઠનો અર્થ. ૨૫
- શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ એ સૂત્રના પાઠનું રહસ્ય. ૨૬
- નિર્વાણ–કલ્યાણકના મહોત્સવનું રહસ્ય. ૨૮
- ધૂપની જરૂરિયાત અને ધૂપ કેવો હોય? ૨૯
- અક્ષતોની પૂજા અને તેનું સાર્થકપણું શામાં? ૩૦
- અષ્ટ મંગલિક તે શું? તેમાં આદ્ય કોણ? તેની મહત્તા શી! ૩૨

o અષ્ટ મંગલિકનો ક્રમ ૩૪
o जहा सुरियाम નો સંબંધ કોને સંભવે? ૩૯
o સમ્યકત્વ પ્રત્યે દ્રૌપદીનો અનન્યરાગ અને દાર્ઢ્ય ૪૧
o આરતિ મંગળદીપક શું સ-શાસ્ત્ર નથી? ૪૨
o બહુ નિર્જરા અને અલ્પ પાપ શામાં? ૪૩ થી ૫૨


## પુસ્તક-૨
### પૃષ્ઠ ૧ થી ૩૬


o અહિંસા-દયાનું રહસ્ય. પૃ. ૧ થી ૮
o શ્રી તત્ત્વથાધિગમ સૂત્રનું હૃદયગ્રાહી વિવેચન. ૯ થી ૩૫
o આત્માના ઉત્કર્ષ ક્યારે સધાય? ૩૬


## પુસ્તક-૩
### પૃષ્ઠ ૧ થી ૨૪


o દાનધર્મની મહત્તા ૧
o શરીર પરના મોહની ભયંકરતા. ૫
o દુઃખને સહન કરતાં શીખો. ૮


## દીવાદાંડીના અજવાળા
### પૃ. ૯ થી ૨૪


o આગમોની અત્યંત હિતકારિતા. ૯
o સંસારમાં પરિભ્રમણ શાથી? ૧૪
o સાધુ કોણ? ૨૪


## પુસ્તક-૪
### પૃષ્ઠ ૧ થી ૧૮


o મનુષ્યભવ ઉત્તમ કેમ? ૧ થી ૫


## હૈયાનો ઝંકાર


o જૈન ગીતા... ૬
o ધન્ય જૈનત્વ. ૮
o જય શત્રુંજય. ૯


## ગુરુચરણમાંથી મળેલું


o શ્રી અરિહંત પરમાત્માના અંગે કેટલાક પ્રશ્નોત્તરો. ૧
o તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ ગ્રંથનો ગુર્જર અનુવા ૧

# આગમજ્યોત

૨નિ.સં. ૨૫૦૬ વર્ષ ૧૫

વિ. સં. ૨૦૩૬ પુસ્તક ૧ લું


## विनेयः (शिष्यः) कः ? आज्ञानुसारी यः

### વિનેય (શિષ્ય)ની વ્યાખ્યા

જૈન જનતામાં સામાન્ય રીતે સામાયિક પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ કરવામાં આવે છે, ત્યારે જો યાવત્કથિક એવી અક્ષાદિકની સ્થાપના નથી હોતી એટલે, સ્થાપનાચાર્ય ત્યાં નથી હોતા તો પુસ્તક આદિક સ્થાપન કરવામાં આવે છે અને તે પુસ્તકાદિકની ઈત્વરિક (થોડા કાલની) સ્થાપના કરતાં પંચ-પરમેષ્ઠિ-નમસ્કારરૂપ શ્રી નમસ્કાર-મહામંત્ર અને पंचिंदिय-संवरणो સૂત્ર બોલવામાં આવે છે, એટલે મુખ્યતાએ ત્યાં આચાર્યની સ્થાપના ગણવામાં આવે છે, એટલે ગુરુ-ગુણ-ષટ્ત્રિંશિકા નામના ગ્રંથમાં વિસ્તારથી વ્યાખ્યા સાથે જણાવેલ છે. અને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે શ્રી સંબોધ-પ્રકરણમાં મૂલગાથારૂપે જણાવવામાં આવેલા ગુણો કે જે છત્રીશ-છત્રીશીના આધારે બારસો છન્નુ થાય છે.

છત્રીસ છત્રીસીઓમાંથી આ पंचिंदिय-संवरणो વાળી છત્રીસી એટલી બધી સાધારણ છે કે જે છત્રીસી પાળવાની ફરજ આચાર્ય ભગવંતની ગણાય, તેજ છત્રીસી ઉપાધ્યાય મહારાજ અને સાધુ મહાત્માઓને પણ ફરજીયાતપણે પાળવાની છે.

એટલે આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે પદરૂપી ગુરુ-તત્ત્વને ઓળખવા માટે પંચિંદિય સૂત્ર અસાધારણ-ઉપયોગવાળું છે, પરંતુ સામાન્ય સાધુ કે જેને શિષ્ય તરીકે ગણવામાં આવે છે, તેને ઓળખવા માટેનું વિશેષ લક્ષણ અહોરાત્રની ક્રિયામાં જોડાયેલા કોઈ સૂત્રથી માલુમ પડે તેમ નથી.

જો કે શાસ્ત્રકારો આચાર્ય અને ઉપાધ્યાય સિવાયના એટલે પાંચ પદસ્થો સિવાયના સાધુ-વર્ગને **વિનેય** તરીકે ઓળખાવે છે અને તેથી જ **શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની** શરૂઆતમાં જ **વિનીતનું** એટલે વિનયવાળા શિષ્યનું લક્ષણ જણાવવામાં આવ્યું છે.

શ્રી **ઉત્તરાધ્યયનમાં** જણાવેલા લક્ષણોનું નીચે પ્રમાણે નવનીત તરી આવે છે.

૧. જે ગુરુ મહારાજની (આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, ગણાવચ્છેદક, ગણધર, સ્થવિર કે જે કોઇ સમુદાયનો નાયક હોય તેમની) આજ્ઞા એટલે હુકમને બજાવવાવાળો હોય.

૨. ઉપર જણાવેલા ગુરુ મહારાજના નિર્દેશને અમલમાં મૂકવાવાળો પોતાને અંગે જે કંઈ કરવાનું વિધાન સાક્ષાત્ અને વર્તમાનકાળમાં ગુરુ મહારાજજી જણાવે અને તે કાર્ય બજાવવામાં આવે તો **આજ્ઞાકારી** એમ ગણાય અને ભવિષ્યને માટે કે બીજા કોઈ શાસનના કાર્યને માટે ઉપર જણાવેલા ગુરુ મહારાજ જે હુકમ કરે અને તે બજાવવામાં આવે તો **નિર્દેશકારી** ગણાય.

કેટલીક જગો પર આજ્ઞા અને નિર્દેશનું જુદાપણું નથી રખાતું, આને ત્યાં ગુરુ મહારાજે કરેલો આજ્ઞાનો જે નિર્દેશ તેને કરનારો હોય, તે **વિનીત** કહેવાય, એમ જણાવવામાં આવે છે.

૩. ઉપર જણાવેલા ગુરુઓની નજીકમાં એટલે દૃષ્ટિમાં બેસનારો હોય (પરંતુ ગુરુમહારાજના હુકમને બજાવવો પડશે એવા ભયથી ગુરુ મહારાજની દૃષ્ટિથી દૂર બેસનારો ન હોય)

૪. જગતમાં કેટલાંક કાર્યો એવાં હોય છે કે જેમાં ગુરુ મહારાજને આજ્ઞા કે નિર્દેશ કરવાનું શિષ્યને અંગે ન બને તો પણ શિષ્યની વિનયને અંગે ફરજ છે કે દેશ-કાળ, અવસ્થા વગેરે ગુરુમહારાજની જે હોય તે તપાસીને ગુરુમહારાજના હુકમ કે નિર્દેશ સિવાય પણ તે દેશાદિકને અનુસારે કાર્ય કરવાની જરૂર પડે.

આ રીતે જે દેશાદિકને અનુસારે ગુરુમહારાજને અંગે વગર આજ્ઞા-નિર્દેશે યોગ્ય પ્રવૃત્તિ કરે તે વિનયવાળો કહેવાય.

આવી રીતની આજ્ઞા અને નિર્દેશ વગર પણ પ્રવૃત્તિ કરવાનું તે શિષ્યથી બને કે જે ગુરુમહારાજની સૂક્ષ્મચેષ્ટાથી પણ તે તે દેશ, કાળ અને અવસ્થાને લાયકનાં કાર્યો કરવાનું સમજી શકે અને તે બજાવી શકે, એટલે **ગુરુમહારાજની ઇંગિત ક્રિયાને સમજનારો વિનયવાળો ગણાય.**

૫. ઉપર જણાવ્યા પ્રમાણે સૂક્ષ્મ-ક્રિયાથી જેમ કર્તવ્યને જાણે, તેવી જ રીતે નેત્રમૂળ-મસ્તક-હસ્ત વિગેરે દ્વારા થતા આકારોથી પણ દેશ-ક્ષેત્ર, કાળ અને અવસ્થાને લાયક ગુરુ-મહારાજને અંગે કરવા લાયકનાં કૃત્યો જાણે અને બજાવે તે **વિનયવાળો** કહેવાય.

જ્વરાદિથી જ્યારે વ્યાપેલું શરીર હોય, ચક્ષુની વેદના હોય, મસ્તકનો દુઃખાવો હોય, જઠરનો વ્યાધિ હોય, પગની વ્યથા હોય એ વિગેરે અવસ્થામાં જરૂર શરીરના તે તે અવયવોના આકારનો ફરક પડે છે, અને તેથી ગુરુમહારાજ તેને અંગે કર્તવ્યતા બતાવે નહિ, અને સહન કરવામાં નિર્જરા છે એમ ધારી સહન કરે તો પણ શિષ્યને તે જરૂર માલમ પડે અને તે માલમ પડવાથી પોતાનું કર્તવ્ય અવશ્ય બજાવે અને તે બજાવે તો **વિનયવાળો** કહેવાય, પરંતુ કેટલીક વખત ભગવાન્ **આર્યરક્ષિતસૂરિજીને** પોતાના પિતાને માર્ગે લાવવાની વખતે જેમ માત્ર સૂક્ષ્મ-ક્રિયારૂપી

ઇંગિત જ થયું હતું, તેવી રીતે ઇંગિત ક્રિયા પણ ગુરુમહારાજની જે થાય તે સમજીને તે પ્રમાણે વર્તવાવાળો શિષ્ય **વિનીત** કહેવાય.

આ ઉપર જણાવેલા **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**ના કથનથી વિનેય (શિષ્ય)નાં લક્ષણો સમજી શકાય તેમ છે, છતાં તે લક્ષણો વિસ્તારથી હોવાથી નીચે જણાવેલાં વિનયનાં લક્ષણો પણ ધ્યાનમાં રાખવાં.

૧ પોતાનો આત્મા (મન વચન અને કાયા) ગુરૂને અર્પણ કરેલાં હોય.

૨. ગુરુના ઉપદેશને અનુસારે ચાલનારો હોય.

આ બે વસ્તુ જેનામાં હોય તેને પણ **વિનેય** એટલે શિષ્યનું લક્ષણ પ્રાપ્ત થયું છે એમ કહી શકાય.

## શ્રી તીર્થંકર પરમાત્મા જગતના ઉદ્ધાર માટે બધી પ્રવૃત્તિ કરે છે.

જૈન જનતા એ વાત તો સારી રીતે સમજે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધનાથી સમગ્ર કર્મનો ક્ષય કરવા દ્વારા સ્વ–સ્વરૂપમાં અવસ્થાનરૂપી મોક્ષ મેળવી શકાય છે, અને તે સમ્યગ્દર્શન વિગેરેના આલંબન સિવાય કોઈ પણ જીવ કોઈ પણ કાળે સમગ્ર કર્મનો ક્ષય કરી શકતો નથી, અને સ્વ-સ્વરૂપાવસ્થાનરૂપી મોક્ષને મેળવી શકતો નથી.

આટલી વાત ચોક્કસ છતાં પણ જૈનદર્શનમાં **શ્રીમહાનિશીથસૂત્રમાં** જણાવેલ ષટ્પુરૂષીમાં જે ઉત્તમ પુરૂષોના બે વર્ગ (એક જે ઉત્તમપુરુષ અને બીજા ઉત્તમોત્તમ પુરુષ એ નામના) રાખેલા છે, તે બન્ને મહાપુરૂષો ઉપર જણાવેલ સમ્યગ્દર્શનાદિક મોક્ષમાર્ગને આરાધવાવાળા ગણ્યા છે. તેઓ માત્ર સમ્યગ્દર્શનને પામીને મિથ્યાદર્શનશલ્યરૂપી મિથ્યાદર્શન નામના અઢારમા પાપસ્થાનકને

જે ત્રિવિધ ત્રિવિધ છોડનારો હોય તે બાકીનાં હિંસા, વિગેરે સત્તરે પાપસ્થાનકોમાંથી કોઈ પણ પાપસ્થાનકની નિવૃત્તિ કરવાવાળો કદાચ ન હોય, એટલું જ નહિં, પરંતુ તેવા સંજોગે પ્રવૃત્તિ કરવાવાળો પણ હોય છે, છતાં તેને જૈનશાસ્ત્રકારોએ મોક્ષમાર્ગનો આરાધક ગણેલ છે.

તેમજ જેઓ માત્ર પોતાના યોગ દ્વારા કરાતી હિંસાથી નિવૃત્તિ કે જે માત્ર નિરપેક્ષ, નિરપરાધી એવા ત્રસ જીવોને જાણી જોઈને ન મારવા વિગેરે રૂપ કરે છે, એટલે એમ કહીએ તો ચાલે કે તેઓને પણ આરંભની અપેક્ષાએ છએ કાયની હિંસા સતત લાગેલી રહે છે, આ રીતે મૃષાવાદ વિગેરે પાપસ્થાનકોથી પણ ઘણી જ અલ્પ-પરિણામવાળી નિવૃત્તિ રહે છે, તેવા દેશવિરતિને ધારણ કરનારા શ્રાવકોને પણ મોક્ષમાર્ગના આરાધક તરીકે માનવામાં આવેલા છે.

આ બાબતનો વિશેષ ખુલાસો જોવાની ઇચ્છાવાળાએ **શ્રીઔપપાતિક સૂત્રમાં** જણાવેલા ઉપપાતના અધિકારને જોવાની જરૂર છે.

ઉપર જણાવેલા અવિરતિ અને દેશવિરતિપણાને ધારણ કરવાવાળાને પણ જે મોક્ષમાર્ગના આરાધક ગણવામાં આવ્યા છે તેનો સ્પષ્ટ મુદ્દો એ છે કે તે અવિરતિ અને દેશવિરતિવાળો કોઈ કથંચિત્ હિંસાદિવાળો છતાં પણ સાધ્ય તરીકે જો તેની દૃષ્ટિ કોઈ પણ જગો પર નિયંત્રિત થઈ હોય તો તે માત્ર મોક્ષને માટે છે.

તેથી ભાષ્યકાર મહર્ષિ ઉત્તમપુરૂષોનું લક્ષણ જણાવતાં મોક્ષાયૈવ તુ ઘટતે એમ કહી ઉત્તમ-પુરૂષોને પછી તે અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ હોય કે દેશવિરતિ-સમકિતી હોય કે પ્રમત્તસંયતાદિ હોય, પરંતુ તે સર્વે ઉત્તમ-પુરૂષોની કોટિમાં ગણાય, એમ સ્પષ્ટપણે કહે છે. અને તેનું કારણ એ કે તેઓનું સાધ્ય મોક્ષ જ હોય.

મોક્ષ સિવાયની જે જે પ્રવૃત્તિ તે અવિરતિસમ્યગ્દષ્ટિ આદિકની જે કંઈ થાય તે માત્ર અંતઃકરણની પ્રીતિ વગરની હોય, આથી જૈનશાસ્ત્રકારો તેવા સમ્યગ્દૃષ્ટિ વિગેરેને निद्धंधसं એટલે નિરપેક્ષપણે *પ્રવૃત્તિ થવાનો સંભવ નથી એમ જણાવી પાપનો અલ્પજ બંધ* થાય એમ નિશ્ચિત કરે છે અને તેથી પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા બીજા દર્શનમાં કહેલા **કાયપાતી** શબ્દને તે સમ્યદષ્ટિ આદિને લાગુ કરે છે, અર્થાત્ સમ્યગ્દષ્ટિ વિગેરે પાપના કાર્યોમાં અંતઃકરણની પ્રીતિથી પડવાવાળો હોય નહિ. પરંતુ માત્ર અંતઃકરણની પ્રીતિ વગર કાયાથી પ્રવર્ત્તવાવાળો હોય.

આવી રીતે ઉત્તમ પુરૂષને સમ્યગ્દર્શનાદિકરૂપ મોક્ષમાર્ગની સાધનાનું ધ્યેય જ્યારે મોક્ષ-પ્રાપ્તિ કરવી એમ હોય છે, ત્યારે ઉત્તમોત્તમ પુરૂષ તરીકે ગણાયેલા છઠ્ઠા વર્ગનું તે સાધનાનું ધ્યેય કંઇક જુદું જ હોય છે.

જો કે સમ્યગ્દર્શન ધારણ કરવાવાળા સર્વ જીવો જગતના જીવો તરફ ભાવથી પણ અનુકંપાવાળા હોઈને मुच्यतां जगदपि અર્થાત્ **"આખું જગત પણ રાગ-દ્વેષનો ક્ષય કરી મોક્ષને મેળવો"** એમ ઇચ્છવાવાળા હોય છે, પરંતુ છઠ્ઠા વર્ગમાં ગણાયેલા ઉત્તમોત્તમ પુરૂષો તો જુદી જાતના ધ્યેયવાળા હોય છે, તે ઉત્તમોત્તમ પુરૂષો જે વખતે **વરબોધિને** પામે છે, તે વખતે એક વિચારમાં તેઓ આવે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસન સરખું સંસાર-સમુદ્રથી તરવાનું અનુપમ સાધન છતાં આ જીવો શા માટે સંસાર-સમુદ્રથી તરી જતા નથી ? આવી પરોપકાર-દૃષ્ટિપૂર્વકની અનુકંપા વિચારીને તેઓ એ વિચાર કરે છે કે આ જૈન-શાસનની આરાધના કરવા દ્વારા હું આ જગતનો ઉદ્ધાર કરનારો થાઉં !!!

આવી પરોપકાર-દ્રષ્ટિના ધ્યેયથી કરાતી સાધનાને લીધે તીર્થંકરગોત્ર તે મહાપુરૂષો બાંધે છે, અને તે તીર્થંકરનામગોત્રના ઉદયને લીધે તીર્થંકરના ભવમાં પણ સ્વયંસંબુદ્ધપણા રૂપી વરબોધિ પ્રાપ્ત થાય છે, ત્યારે તે ઉત્તમોત્તમ મહાપુરૂષો પવિત્રતમ એવા જૈનશાસનના આલંબન વગર જન્મ, જરા, મરણથી પીડાવાપણું દેખી, તેનું નિસ્સારપણું દેખી, તેનું અશરણપણું દેખી, તે જગત્‌ના ઉદ્ધારને માટે સર્વ-સાવદ્યનો ત્યાગ કરવા રૂપ પ્રવ્રજિત થાય છે. આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે ભાષ્યકાર મહર્ષિ **ઉમાસ્વાતિ વાચકજીએ ભગવાન મહાવીર મહારાજના** દીક્ષાના અધિકારમાં કહેલા પ્રઘટ્ટકનો તાત્પર્યાર્થ સમજી શકાશે.

૧ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની દીક્ષા અશરણ એવા જગતના ઉદ્ધારને માટે.

૨ ત્રિલોકનાથ તીર્થંકરોનું સામાયિક કાર્ય જગતના ઉદ્ધારને માટે.

૩ ત્રિલોકનાથ તીર્થંકરોનું અર્થ થકી વ્રતનું આરોપણ તે પણ જગતના ઉદ્ધારને માટે.

૪ શ્રી તીર્થંકર પરમાત્માની સર્વસાવદ્યત્યાગરૂપી શ્રમણતા તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૫ શ્રી તીર્થંકર પ્રભુનું ક્ષુધા, તૃષા વિગેરે પરિષહોનું સહન કરવું તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૬ શ્રી તીર્થંકર પ્રભુ દેવતા, તિર્યંચ અને મનુષ્યો વિગેરેના ઉપદ્રવો સહન કરે છે તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૭ શ્રી તીર્થંકર પ્રભુની ચારિત્રની આરાધના તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૮ શ્રી તીર્થંકર પ્રભુનો મોહાદિક ચારે ઘાતિકર્મનો ક્ષય તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૯ લોકાલોકપ્રકાશક એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને થાય તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૧૦ લોકાલોકપ્રકાશક એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી પણ દ્વાદશાંગી પ્રવચન તીર્થની દેશના શ્રી તીર્થંકર પ્રભુજી જે કરે તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

ઉપર જણાવેલી વસ્તુ બારીકદૃષ્ટિથી જોનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન તો સમ્યગ્દર્શનાદિની આરાધના દ્વારા પોતાના આત્માને કર્મમુક્ત કરે છે, છતાં તેઓનું ધ્યેય પોતાના આત્માને કર્મમુક્ત કરવા કરતાં જગત્‌ના જીવોના ઉદ્ધારરૂપી હોય છે.

આ કારણથી શાસ્ત્રકારો સ્થાને સ્થાને તીર્થંકરનામકર્મના સ્વભાવથીજ તીર્થંકરોની દેશના પ્રવર્તે છે, એમ જણાવી સૂર્યના પ્રકાશનસ્વભાવને દાખલા તરીકે જણાવે છે, એટલે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની સાધના વસ્તુતાએ જગત્‌ના ઉદ્ધારના ધ્યેયથી છે એ માનવામાં કોઈપણ જાતનો સંકોચ થવાનું કારણ નથી, અને આ તથા ભવ્યની વ્યાખ્યા સમજાશે ત્યારે પૂ. આ. શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજાએ **અરિહંત સિદ્ધ આદિ વીશસ્થાનકોની આરાધનાને** જે **શ્રી અષ્ટકજી**ની વૃત્તિની અંદર **પરોપકારની લીનતાને** અંગે જણાવી છે, તે સહેજે સમજી શકાશે.




મોહ, મિથ્યાત્વ અને અજ્ઞાનના
ખારાપાટ સમુદ્રથી
તારનારા
તીર્થોની યાત્રા માટે
ઉપયોગી જરૂરી વિગતોને
નિર્દેશતી

# શ્રી તીર્થ યાત્રા-સંઘ યાત્રા

(માર્મિક મહાનિબંધ)



श्री वर्धमानस्वामिने नमः

# મુમુક્ષુ આરાધક તત્ત્વરુચિ–પુણ્યાત્માઓ માટે અત્યંત–ઉપયોગી

## તાત્ત્વિક–ભોજન

આગમિક–પદાર્થોના તલસ્પર્શી જ્ઞાતા, વિવેચક વ્યાખ્યાતા આગમ વાચનાદાતા આગમસમ્રાટ્, ધ્યાનસ્થ–સ્વર્ગત **પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી** શાસનોપયોગી અનેક પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલા છતાં શાસનાનુરાગી બાળજીવોના હિતાર્થે પોતાની દેખરેખ તળે પ્રગટ થતા "**સિદ્ધચક્ર**"માં અનેક પ્રકારના ધાર્મિક–અનુષ્ઠાનોના રહસ્યને સમજાવનારા નાનામોટા નિબંધો, ટૂંકા લેખો, માર્મિક પ્રશ્નોત્તરી વગેરે આગમિક–રહસ્ય ભરપૂર વ્યાખ્યાનોની સાથે આપતા હતા. તેમાં શ્રી **સિદ્ધચક્રના** છઠ્ઠા વર્ષના ચોમાસાથી "**તીર્થયાત્રા અને સંઘયાત્રા**" શીર્ષકથી મોટી લેખમાળા ચાલુ કરેલ.

જેમાં તીર્થોની મહત્તા કેમ? આરાધક જીવો તેનો લાભ શી રીતે લઈ શકે? તીર્થયાત્રાનું શાસ્ત્રીય–સ્વરૂપ શું? તે અંગે સંઘયાત્રાની માહિતીપૂર્ણ મહત્તા વગેરે અનેક તાત્ત્વિક વ્યાવહારિક પદાર્થો અનેક આગમો–શાસ્ત્રોના પાઠ સાથે છણાવટપૂર્વક રજૂ થયેલ.

તે લેખમાળા જિજ્ઞાસુ અધિકારી મહાનુભાવોની સમક્ષ સળંગ રજૂ કરવાના ઈરાદાથી "**આગમ જ્યોત**"ના નવમા વર્ષથી શરૂ કરી છે.

તેનો સાતમો હપ્તો આ વર્ષના પ્રથમ પુસ્તકથી શરૂ થાય છે. જિજ્ઞાસુ વાચકો આ લેખમાળાને યોગ્ય જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંતની નિશ્રાએ વાંચી, વિચારી, તીર્થયાત્રા અને સંઘયાત્રામાં ગાડરીયા પ્રવાહથી કેટલીક આવી ગયેલી વિકૃતિઓને વર્જવા ઉપયોગશીલ બને!

આગમિક-રહસ્ય-વ્યાખ્યાતા, સૂક્ષ્મતત્ત્વકપ્રરૂપક
આગમવાચનાદાતા, ધ્યાનસ્થ-સ્વર્ગત
**શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ**
તીર્થયાત્રાના શાસ્ત્રીય-રહસ્યના જિજ્ઞાસુ
તત્ત્વરુચિ-પુણ્યાત્માઓના આત્મ-હિતાર્થે લખેલ

# શ્રી તીર્થયાત્રા-સંઘયાત્રા
(મહાનિબંધ)

જેમાં તીર્થોની છ'રી પાળતા સંઘ દ્વારા કરાતી-કરાવાતી યાત્રાના વિશિષ્ટ તત્ત્વોની માર્મિક છણાવટ છે.

તપાગચ્છના અજોડ, અનન્ય શાસન પ્રભાવક, આચાર્યદેવશ્રી ગીતાર્થ-મૂર્ધન્ય, શાસ્ત્રરહસ્યપારગામી, શાસન-વિપક્ષ-વાદી વિજેતા, કરૂણા-વારિધિ, ધ્યાનસ્થ-સ્વર્ગત **પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ જામનગરના** (સં. ૧૯૯૩) ચોમાસા દરમ્યાન સ્વનામધન્ય **શ્રેષ્ઠિવર્ય પોપટલાલ ધારશીભાઈએ** કાઢવા ધારેલ **શ્રી સિદ્ધાચલાદિ** મહાતીર્થોની સંઘ-યાત્રા પ્રસંગે ભાવિકોને યાત્રાના તાત્ત્વિક-સ્વરૂપની માહિતી વધુ પ્રાપ્ત થાય તે શુભ આશયથી સંઘપતિ અને તીર્થ યાત્રિકોના કર્તવ્યોના નિર્દેશોથી ભરપૂર આ તાત્ત્વિક મહાનિબંધ **"સિદ્ધચક્ર"** પાક્ષિક (સં. ૧૯૯૩ વર્ષ ૬ અં. ૪ થી)માં શરૂ કરેલ જે ઘણા લાંબા ગાળા સુધી લેખમાળા ચાલુ રહેલ.

અત્યંત ઉપયોગી આ મહાનિબંધ **"આગમજ્યોત"**ના નવમા વર્ષના પ્રથમ પુસ્તકથી પ્રકાશિત થઈ રહ્યો છે.

ગત વર્ષના પ્રથમ પુસ્તક (પા. ૬૪)થી હવે આગળ ચાલે છે.

## સર્વત્ર પૂજ્યતા શાથી ?

ખરી રીતે તો ભગવાન્ જિનેશ્વર મહારાજનું પૂજ્યપણું તીર્થંકર–નામકર્મના પ્રભાવથી (અવ્યાહતપણે) જન્મથી તે સિદ્ધિપદને પ્રાપ્ત થાય ત્યાં સુધી છે, અને તેથી સિદ્ધપદ પામેલા એવા ભગવાન જિનેશ્વરોના શરીરને અંગે ઈંદ્રઆદિક દેવતાઓ નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ કરે છે.

દિગંબરોની માન્યતા એવી વિચિત્ર છે કે જે માન્યતાને આધારે નિર્વાણ–કલ્યાણકનો મહોત્સવ વાસ્તવિક ન ઠરતાં કાલ્પનિક ઠરે છે. કેટલાક તેમાં એમ માને છે કે જેવી રીતે દેવતાઓનાં વૈક્રિય શરીરો દીવાના ઓલવાઈ જવાની માફક ઉડી જાય છે, તેવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજનાં શરીરો ભગવાન્ જિનેશ્વર મહારાજનું નિર્વાણ થતાં ઉડી જાય છે.

જો કે ભગવાન્ જિનેશ્વર મહારાજનું શરીર માતાપિતાના રૂધિર અને વીર્યથી બનેલું છે, અને ઔદારિક પુદ્ગલોથી જ પ્રથમ પોષાયેલું છે, એમ તો તે દિગંબરોને પણ માનવું પડે છે, છતાં સંયમના સાધનરૂપ ઉપકરણોને ન માનવાની ઘેલછાથી તેઓના મતે સાધુઓને પાત્ર રાખવાનું હોય નહિ અને કેવલજ્ઞાન પામેલા તીર્થંકરો ગોચરી માટે ફરે નહિ એવી તે દિગંબરોની પણ માન્યતા હોવાથી તીર્થંકર કેવલીઓને અને સામાન્ય રીતે તેમને લીધે સર્વ કેવલીઓને આહાર રહિત માનવા પડ્યા. અને આહારરહિતપણે દેશોનક્રોડપૂર્વ સુધી જીવન રહેવું તે ઔદારિક શરીરવાળાને માટે અસંભવિત અને અશક્ય લાગવાથી એક જુઠાણું જેમ હજાર જુઠાણાને લાવે તેવી રીતે દિગંબરના કદાગ્રહે કેવલીમહારાજાઓને પરમૌદારિક શરીર હોય છે એવા કદાગ્રહને જન્મ આપ્યો અને તે કદાગ્રહવાળી માન્યતાને પ્રતાપે જિનેશ્વર

મહારાજાઓના કેવલજ્ઞાન વખતે ભગવાનના શરીરને કપૂર અને દીવાની માફક ઉડી જવાનું માનવું પડયું. છતાં પણ તે દિગંબરોને નિર્વાણ-કલ્યાણક માનવાનું હોવાથી તેઓએ એવું માન્યું કે ભગવાન જિનેશ્વરનું આખું શરીર નિર્વાણ વખતે ઉડી જાય છે. પરંતુ તેમના નખ, કેશ અને દાંત ઉડતા નથી એટલે તે નખ, કેશ અને દાંતને લઈને ઇંદ્રો ભગવાન્ જિનેશ્વર મહારાજનું નવું શરીર બનાવે છે અને તેમાં તે નખ, દાંત અને કેશને ગોઠવે છે અને પછી તેનો નિર્વાણ કલ્યાણક સંબંધી મહોત્સવ કરે છે.

આવી દિગંબરોની માન્યતા કેવી કદાગ્રહના ફલરૂપ છે? અને નિર્વાણ-કલ્યાણકનો મહોત્સવ નિર્વાણ પમાડનાર શરીર દ્વારા નહિ, પરંતુ ઇંદ્રોની કરેલી કાયાથી માનવો પડે છે. આ બાબતની વિશેષ હકીકત "**જૈનસત્યપ્રકાશ**"ના "**દિગમ્બર મતોત્પત્તિ**" નામના લેખથી જાણવી.

જેઓ તીર્થંકર મહારાજને તીર્થંકર-નામકર્મના ઉદયને લીધે દેવ તરીકે કે પૂજ્ય તરીકે ગણતા હોય તેઓને અંગે નિર્વાણ કલ્યાણક તો શું? પરંતુ નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ પ્રસંગ પણ અનિષ્ટ થાય. કેમકે ભગવાન જિનેશ્વર મહારાજની પૂજ્યતા અને તેમનું દેવત્વ ચ્યવનકલ્યાણકથી શરૂ થાય છે. જો કે અશોકાદિક આઠ પ્રાતિહાર્ય રૂપ અર્હંત્પણાના નિયમિતભાવને અંગે તથા જગતને તારવારૂપ સાધ્યસિદ્ધિને અંગે સંયોગી કેવલીપણામાં જિનનામ કર્મનો ઉદય છે, એમાં બે મત છે નહિં, પરંતુ અશોકાદિક પ્રતિહાર્યો ન હોય અને જિન નામના ફલરૂપે પ્રવૃત્તિ ન હોય તે વખત ભગવાન જિનેશ્વરનું દેવપણું કે તીર્થંકરપણું ન માનવું કે પૂજ્યતા ન માનવી એ કોઇપણ શાસ્ત્રને અનુસરનારા શાસનપ્રેમીથી બની શકે તેમ નથી.

**ભક્તિથી ધરાયેલાં સાધનોથી ત્યાગીને ભોગી ન ગણાય.**

ભગવાન જિનેશ્વર મહારાજના કેવલીપણામાં અને સામાન્ય બીજા કેવલજ્ઞાનીઓના કેવલજ્ઞાનપણામાં કોઇપણ જાતનો ફરક નથી, છતાં णमो अरिहंताणं એ પદમાં કેવલ તીર્થંકર ભગવાનોને જ જે નમસ્કાર કરવામાં આવે છે તે ખરેખર તેમની અશોકાદિક આઠ પ્રતિહાર્ય રૂપી પૂજાની મહત્તાના કારણે જ છે. હવે જેઓ ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાને કેવલ વીતરાગપણાને લીધે પૂજવા ચાહતા હોય તેઓએ અરિહંત મહારાજને અગ્રપદે તો શું? પણ પૂજ્યપદે પણ લાવવા જોઈએ નહિ. કારણ કે સામાન્ય કેવલી મહારાજાઓ જ્યારે છત્ર, ચામર, ભામંડલ, સિંહાસન વિગેરે રાજ્યાદિક ચિહ્નોના આડંબર વગરના હોવાથી તે ઉન્માર્ગ-ગામિઓની અપેક્ષાએ પૂરેપૂરા ત્યાગી છે, ત્યારે ભગવાન્ જિનેશ્વર મહારાજ તો વીતરાગ કેવલી અવસ્થામાં છતાં પણ અશોકાદિક પ્રાતિહાર્યોના અને છત્રાદિક રાજ્ય ચિહ્નોના ભોગી હોવાને લીધે તે ઉન્માર્ગગામીઓને કોઈપણ રીતે પૂજ્ય માનવા લાયક કે પૂજ્યના સ્થાને સ્થાપવા લાયક નથી.

કદાચ કહેવામાં આવે કે રાજા-મહારાજાઓને પોતાના છત્રાદિક ચિહ્નોમાં મમત્વ ભાવ છે અને તેથી તે રાજા-મહારાજાઓ ત્યાગી ન ગણાતાં ભોગી ગણી શકાય, પરંતુ ભગવાન્ જિનેશ્વર મહારાજ તો અર્હત્ નામકર્મના ઉદયના પ્રભાવે દેવતાઓએ રચેલા છત્ર-ચામરાદિકને ધારણ કરનારા છે, પણ તેમાં અંશ માત્ર પણ મમત્વ ભાવવાળા તેઓ નથી; એટલું જ નહિં પરંતુ તે કરવા ન કરવાના વિચારમાં પણ તેઓ પરોવાયેલા નથી. માટે ભગવાન્ અરિહંત મહારાજનું છત્ર-ચામરાદિક રાજ્યચિહ્નો છતાં પણ ત્યાગીપણું અવ્યાહતપણે છે.

જગતમાં સામાન્ય રીતે સાધુ મહાત્માઓને અનેક રાજા-મહારાજાઓ વંદનાદિક કરે છે. છતાં તેઓને જો તે વંદનથી કોઇ-

પણ પ્રકારે મહત્તા મેળવવાનું મન ન હોય તો તે મહાત્માઓ અભિમાની ગણાતા નથી. તેવી જ રીતે સર્વથા વીતરાગ થયેલા કેવલી–જિનેશ્વર મહારાજની ભક્તિથી દેવતાઓ છત્ર–ચામર આદિક ધરે તેમાં ભગવાન જિનેશ્વર મહારાજનું એક અંશે પણ ભોગીપણું ગણી શકાય નહિં.

જ્યારે આ વાત દિગંબરોને અને પ્રચ્છન્ન દિગંબર એવા કેટલાક શ્વેતાંબર નામધારીઓને પણ કબુલ છે, તો પછી ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્તિને ભક્ત એવા રાજા–મહારાજા કે ઋદ્ધિમાન શ્રાવકો છત્ર, ચામર, મુકુટ, કુંડળ વગેરે ભક્તિને માટે ધારણ કરાવે તેમાં ભગવાન જિનેશ્વરનું વીતરાગપણું ઊડી જાય છે અને ભોગીપણું થઈ જાય છે, એવી કલ્પના કેમ થાય છે? એ કલ્પના તો કેવળ કુમાર્ગની વાસનાને સૂચવનાર છે.

કેટલાક ભોળા–લોકોનું એવું માનવું છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજને જે છત્ર, ચામર, વિગેરે રાજ્યચિન્હો ધારણ કરાવવામાં આવે છે તે શરીરની સાથે લાગેલાં હોતાં નથી, અને તેથી ભગવાન્ જિનેશ્વર–મહારાજનું વીતરાગપણું ચિંતવવામાં કોઈપણ જાતની ધ્યાન કરનારને બાધા આવતી નથી, પરંતુ મુકુટ, કુંડલ વિગેરે આભુષણો અને ચીનાંશુક વિગેરે વસ્ત્રો ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાને અંગ ઉપર લગાડવામાં આવે છે, તે આભૂષણાદિ ભગવાન્‌ની વીતરાગ–અવસ્થાનું ધ્યાન કરનારને વિઘ્નરૂપ થાય.

ઉપર જણાવેલી માન્યતા ધારણ કરનારા ભદ્રિક લોકો એટલું સમજી શકતા નથી કે શું રાજા–મહારાજાઓને જે છત્ર અને ચામરો રાજ્યચિન્હ તરીકે હોય છે તે શું તે રાજામહારાજાઓને શરીરે વળગેલાં હોય છે! અને રાજામહારાજાઓને જો છત્ર, ચામર, વિગેરે શરીરે નહિં વળગેલાં છતાં તે છત્ર, ચામર વિગેરેથી રાજામહારાજાઓ વીતરાગપણાથી રહિત ગણાય તો પછી

વળગેલા જ પદાર્થોથી વીતરાગપણું જાય છે. અને પાસે રહેલા પદાર્થોથી વીતરાગપણું જતું નથી. એવી માન્યતા કરવી તે કેવળ ભદ્રિકતાની પરમ સીમા જ ગણાય.

વળી સુવર્ણ અને મણિમય સિંહાસન ઉપર ભગવાન્‌ને બિરાજમાન કરાય છે, ત્યારે તે ભગવાન્‌ની પ્રતિમાઓ સુવર્ણ અને મણિમય સિંહાસને લાગેલી નથી હોતી એમ કોણ કહી શકે? અને જેમ રાજા–મહારાજાઓ સુવર્ણ અને મણિમય સિંહાસનોમાં બેઠેલા હોય ત્યારે તેઓ રાજ્યઋદ્ધિથી શોભતા ગણાય, અને તેથી તેઓ વીતરાગ નથી એમ મનાય છે તો પછી સુવર્ણ અને મણિમય સિંહાસનો ઉપર બેઠેલા ભગવાન્‌ને પણ વીતરાગ તરીકે માનવાનું તે ભોળા લોકોને અનુકૂલ થશે નહિં.

વળી આ હકીકતમાં વિશેષે એ વિચારવાનું છે કે જન્માભિષેકની વખતે જે દૂધ અને પાણી વિગેરેથી અભિષેક કરવામાં આવે છે તે દૂધ અને પાણીનું સ્નાન વીતરાગતાને તો શું પરંતુ સામાન્ય સાધુપણાને પણ બાધ કરનારૂં હોવાથી તે કેમ કરાય છે? વળી તે સ્નાનનું દૂધ અને પાણી અંગે લાગેલું હોય તે વખતે શું તે ભોળા લોકો ભગવાન્‌નું વીતરાગપણું નથી એમ માનવા કે કહેવા તૈયાર થશે ખરા?

ધ્યાનમાં રાખવા જેવું છે કે છત્રાદિકથી વીતરાગ–રહિતપણાની દશા તો માત્ર રાજા–મહારાજા કે શ્રેષ્ઠી આદિકને જ હોય, પરંતુ સ્નાનને અંગે અ–વીતરાગતા તો પામર લોકો અને યાવત્ જગતના સર્વ મનુષ્યોને લાગુ થયેલી હોય છે. એટલે અભિષેક કરતી વખતે દૂધ અને પાણી શરીરને લાગેલાં હોય છતાં પણ જો ભગવાન્ જિનેશ્વર મહારાજનું વીતરાગપણું હોવાથી તે દૂધ અને પાણીનો પ્રક્ષાલ ભક્તજીવોનો કરેલો ગણી ભગવાન્ જિનેશ્વર મહારાજની વીતરાગતાને બાધકર્તા બનતો નથી તો પછી મુકુટ, કુંડલ વિગેરે આભૂષણો અને ચીનાંશુક આદિ વસ્ત્રો પણ

ભગવાનના અંગે લાગેલાં હોય છે, તેમાં ભગવાન્ જિનેશ્વર મહારાજને શું ? પોતે તો જેમ સ્નાનનો ઉદ્યમ કર્યો નથી, તેમ તે મુકુટાદિ ધારણ કરવાનો પણ ઉદ્યમ કર્યો નથી, પરંતુ ભક્તોએ ભક્તિથી કરાયેલા અભિષેકની માફક ભક્તિથી તે મુકુટ-કુંડલાદિ આભૂષણો અને ચીનાંશુક આદિ વસ્ત્રો ભક્તોએ ધારણ કરાવેલાં છે. ફક્ત લોકોની ભ્હેકાવટ જો મનમાં આવી હોય તો જ દૂધ-પાણીના અભિષેક વિગેરે છતાં વીતરાગપણું જણાય છે, એમ માનવું થાય. અને મુકુટ-કુંડલાદિને લીધે વીતરાગપણું ચાલ્યું જાય છે, એમ માનવું થાય.

## દિગમ્બરોની એક વિચિત્ર મનોદશા :

શાસ્ત્રને અનુસરતી દૃષ્ટિ રાખનારો તો શું પરંતુ સામાન્ય રીતે મધ્યસ્થ-દૃષ્ટિ રાખનાર મનુષ્ય હોય તો તે પણ સ્પષ્ટપણે સમજી શકે કે,–ભગવાન જિનેશ્વરમહારાજની અવસ્થા તો વીતરાગપણાની છે અને આ દૂધ-પાણી વગેરેનો અભિષેક અને આભૂષણ-વસ્ત્રોનું આરોપણ એ માત્ર ભકિતશીલોએ ભક્તિને માટે યથા-યોગ્યપણે આચરિત કરેલું છે.

દિગંબરોએ વિચારવું જોઈએ કે, તમો શ્વેતામ્બરાભાસ એવા ખરતર ગચ્છવાળાની માફક "સ્ત્રીઓએ જિન-પૂજા કરવી નહિ" એવું માનનારા નથી એ ચોક્કસ છે, અને જ્યારે દિગંબરોના મતે સ્ત્રીઓને પણ જિનેશ્વરમહારાજની પૂજાનો અધિકાર છે અને સ્ત્રીઓ પણ ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાનું પ્રક્ષાલન અને અંગલુહણાં આદિ કરે છે, તો તે વખતે શું દિગંબરોની માન્યતાની અપેક્ષાએ સ્ત્રીનો શરીરસ્પર્શ વીતરાગ-અવસ્થાને બાધ કરનારો ગણાતો નહિ હોય ? શું દિગંબરો એમ માનવા તૈયાર છે કે અમારા ભગવાન વીતરાગ સર્વજ્ઞ થયા હતા, છતાં તેઓને સ્ત્રીઓના સંઘટ્ટાનો બાધ ન હતો, અને સ્ત્રીઓ વીતરાગ સર્વજ્ઞ એવા જિનેશ્વર ભગવાનોને સ્નાન કરાવતી હતી.

કહેવું જોઈશે કે આવી માન્યતા ધરાવનારો દિગમ્બરોમાં મૂર્ખમાં મૂર્ખ પણ કોઈ નિકળશે નહિ.

જ્યારે દિગમ્બરોને ભગવાન્ જિનેશ્વર મહારાજને અંગે લાગેલા શરીરના રંગથી જુદા રંગને માટે વિભિન્ન રંગવાળાં એવા ચક્ષુઓ પોતાની માન્યતામાં નડે છે, મુકુટ–કુંડળ આદિ આભૂષણો અને ચીનાંશુક આદિ વસ્ત્રો નડે છે, ત્યારે તેઓને પોતાની વીતરાગ સર્વજ્ઞ તરીકે માનેલી ભગવાનની પ્રતિમાને દૂધ–પાણી વગેરેનો અભિષેક તથા સ્ત્રીઓનું અડવું અને સ્ત્રીઓએ કરાવેલું સ્નાન તેમ જ કરાતાં અંગલુહણાં આદિ કેમ નડતાં નથી?

**સ્ત્રીઓ પૂજા કરી શકે તો મુકુટાદિથી વીતરાગતાને બાધશે?**

ખરેખર! જૈનશાસનને અનુસરનારાઓ અને શાસનના ધુરંધરો ઉપર દિગમ્બરના મૂલ–પુરુષનો જે દ્વેષરૂપી દાવાનલ પ્રગટયો હતો, તેમાં સાધુના ઉપકરણો તો બળી ગયાં જ, પણ તે દ્વેષ–દાવાનલે આ ભગવાન્‌ની પૂજામાં મુકુટ–કુંડલાદિ આભૂષણો અને ચીનાંશુક આદિ વસ્ત્રો જે વપરાતાં હતાં, તે પણ ભસ્મીભૂત કર્યાં. પરંતુ દિગમ્બર–સંપ્રદાયમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓનું કાંઈક સદ્ભાગ્ય હશે કે તે બિચારી મોક્ષ, કેવલજ્ઞાન અને ચારિત્રને માટે સહસ્રમલ્લ દિગમ્બરથી નાલાયક ઠરાવાઈ, છતાં પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના વીતરાગ અને સર્વજ્ઞપણાને બાધક છતાં પ્રક્ષાલન અને અંગલુહણાં આદિના કાર્યમાં નાલાયક ગણાવાઈ નહિ અને શ્વેતામ્બરાભાસ–ખરતરની સ્ત્રીઓની માફક ભગવાન્ જિનેશ્વરની પૂજાથી બે–નસીબ રહેવાનો વખત તેણીઓને આવ્યો નહિ.

ભગવાન્ જિનેશ્વર મહારાજની વીતરાગ–સર્વજ્ઞતા થયા પછી તેમની નિર્વાણ–અવસ્થાની વખતે ભગવાન્ જિનેશ્વર મહારાજના શરીરને અંગે થયેલ વિવિધ પૂજા–સત્કાર માટે શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં નિર્વાણનો અધિકાર છે, તેમાં સ્નાન, વિલેપન કરાવવા સાથે હંસલક્ષણ પટશાટક જે પહેરાવવામાં આવે છે, તે શું વીતરાગ–દશાને દર્શાવનારૂં ગણી શકાશે ખરૂં?

વળી **શ્રી આચારાંગ સૂત્ર**માં ભગવાન્ જિનેશ્વરોની દીક્ષા વખતે થયેલો અલંકાર વગેરેનો આડંબર જણાવાયેલો છે, તે પણ શું યોગ્ય ગણાશે ! વાચકગણ તે બંને સૂત્રોના પાઠનું પર્યાલોચન જ્ઞાની-ગુરૂની નિશ્રાએ કરવાથી ભગવાન્ જિનેશ્વર મહારાજના નિર્વાણ વખતે કરાતો આડંબર સહેતુક અને ઉપયોગી લાગશે.

વધુમાં આ શાસ્ત્ર-પાઠોને વ્યવસ્થિત રીતે વિચારનાર સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે-

**શાસ્ત્ર પાઠોનું રહસ્ય :**

ભગવાન્ જિનેશ્વર મહારાજને મુખ્યતાએ તીર્થંકરપણે અને વીતરાગ સર્વજ્ઞપણે માનનાર એવા ઇંદ્ર મહારાજા ભગવાન્‌ની દીક્ષા વખતે કેવા અનેક પ્રકારના રત્ન, મણિ, કનકની રચનાએ કરીને આશ્ચર્યકારક દેવચ્છંદો વિકુર્વે છે, તેમજ અનેક પ્રકારના મણિ, કનક અને રત્નોની રચનાથી આશ્ચર્યકારક સિંહાસનને વિકુર્વી ભગવાન્ **તીર્થંકર** મહારાજને વંદન-નમસ્કાર કરવા પૂર્વક ગ્રહણ કરીને ત્યાં બેસાડે છે, બેસાડીને સહસ્રપાક અને શતપાક તેલોથી અભ્યંગન કરે છે, ગંધકાષાયી તથા શરીરને સાફ કરે છે. શુદ્ધોદકે ન્હવરાવે છે, અને જેનું મૂલ એક લાખ રૂપૈયા છે અને જે અત્યન્ત શીતપણે વર્તવાવાળું હોય છે, એવા ગોશીર્ષચંદનથી વિલેપન કરે છે, અને લગાર નાકના વાયરાથી પણ ઉડે, અને શ્રેષ્ઠ નગર પાટણની કારીગરીથી બનાવાયેલો, અને સારા સારા કારીગરોએ જેની પ્રશંસા કરેલી છે, તથા જે ઘોડાની લાળ જેવું કોમળ છે અને ઉત્તમ કારીગરોએ સોનાનું કામ જેના છેડા ઉપર કર્યું છે. એવું હંસલક્ષણ પટ્ટયુગલ ભગવાન્‌ને પહેરાવે છે, અને હાર, અર્ધહાર, વસ્ત્ર, નેપથ્ય, એકાવલી, પ્રાલંબસૂત્ર, પટકુલ, મુકુટ, રત્નમાલા વગેરે પહેરાવે છે અને ગૂંથેલા, વીંટેલા, પરોવેલા અને જથ્થે કરેલા ફૂલોની માળાથી કલ્પવૃક્ષની માફક અલંકૃત કરે છે.

આ બધું દેખનારો સુજ્ઞ મનુષ્ય ભગવાન્ તીર્થંકરની દીક્ષા અવસ્થાને અંગે પૂજા માનનારો હોય તો પૂજામાં કેટલો આડંબર કરે ? અને તેવી રીતે કરાતી પૂજા કોઈપણ પ્રકારે તે પૂજાના કરનારને ભાવનાની નિર્મળતા કર્યા સિવાય રહે નહિ, અને ભગવાન્ જિનેશ્વર મહારાજને એવા પ્રકારે અનેક વિધિથી પૂજન કરતાં એક પણ અંશે વીતરાગ–કેવલીપણામાં બાધ આવે નહિ એમ સ્પષ્ટ થાય છે.

## ઈંદ્રાદિ પૂજા શા માટે કરે છે ?

વાચકગણે યાદ રાખવાની જરૂર છે કે ઈંદ્ર–મહારાજાઓ ભગવાન જિનેશ્વર મહારાજાઓની જે પૂજા દ્વારા આરાધના કરે છે, તે આરાધના પોતાના આત્માના કલ્યાણને માટે કરે છે.

ભગવાન જિનેશ્વર મહારાજની આરાધના કરવામાં ઈંદ્ર મહારાજને કોઈપણ પ્રકારે પૌદ્‌ગલિક–પદાર્થોનો લાભ મેળવવાનો નથી, કોઈપણ પ્રકારે વિષયોના સુખની પ્રાપ્તિ મેળવવાનો તેમાં સંબંધ નથી, એટલે સ્પષ્ટ માલુમ પડશે કે તેઓ પોતાના આત્માના કલ્યાણને માટે ભગવાન જિનેશ્વર મહારાજની આરાધના કરે છે, એટલું જ નહિ પરંતુ તેઓ ભગવાન જિનેશ્વર–મહારાજની આરાધના ભક્તિ–પૂજા થાય તેને હિતકારી, સુખકારી, શાંતિ કરનાર, મોક્ષને આપનાર અને સંસ્કાર દ્વારા ભવોભવને વિષે પ્રાપ્ત થનાર તરીકે ઉત્તમ માને છે, અને એ વાત તો ચોક્કસ છે કે ઈંદ્ર મહારાજા સમ્યગ્દૃષ્ટિ છે અને તેઓની માન્યતા યથાસ્થિત હોય. તેથી તેઓએ ધર્મને ધર્મ માન્યો છે, પરંતુ અંશે પણ અધર્મને ધર્મ તેઓએ સ્વીકાર્યો નથી. એટલે દરેક સમ્યગ્દૃષ્ટિએ ભગવાન જિનેશ્વર મહારાજની વિધવિધ પૂજામાં ધર્મનો ઉદય માનવો તે જ આવશ્યક છે.

### ઇંદ્રના કલ્પનું રહસ્ય :

વળી એક જ વખતના એક જ ઇંદ્ર આવી રીતે પોતાના આત્માના કલ્યાણુને માટે ભગવાન તીર્થંકર મહારાજની આરાધના કરે છે એમ નથી, પરંતુ અતીત, અનાગત અને વર્તમાનકાલના સર્વ ઇંદ્રો ભગવાન તીર્થંકર મહારાજની પૂજા અને પ્રભાવના દ્વારા અતીત, અનાગત અને વર્તમાનકાલમાં આરાધના કરતા હતા, કરે છે અને કરશે. તથા એ કારણુથી ઇંદ્ર મહારાજા જાહેર કરે છે કે આવી રીતે જન્માભિષેકાદિ મહોત્સવો કરવા તે અતીત, અનાગત અને વર્તમાનકાલના સર્વ ઇંદ્રોનો અવશ્ય-કલ્પ છે. એટલે જેમ સર્વકાળના સાધુ-ઓનો મહાવ્રતો ધારણુ કરવાનો કલ્પ છે અને તે કલ્પ ફક્ત આત્માની મુક્તિને માટે છે, તેવી રીતે સકલકાલના ઇંદ્રોનો પણુ મુક્તિ માટેનો કલ્પ છે કે તેઓએ ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા-પ્રભાવના દ્વારા આરાધના કરવી.

### દેવોની કરણી પણુ અનુમોદનીય ગણુાય :

આ સ્થાને કેટલાક પ્રતિમા અને પૂજાના લોપકો પૂજાને અંગે શંકા કરે છે કે દેવતાઓ અવિરતિ-દશામાં છે, અને તેથી તેની કરણી અનુમોદવા લાયક ગણુાય ? તેમ જ અનુકરણુ કરવા લાયક પણુ ગણુાય ખરી ? આવું બોલનારાઓ એટલું નથી વિચારી શકતા કે ભગવાન જિનેશ્વર મહારાજની પૂજાના અધિકારમાં પૂજાને માટે વિશેષ શક્તિ અને સમૃદ્ધિ ધરાવનારા-ઓની મુખ્યતા લેવામાં આવે છે.

આ કારણુથી ધર્મમાં હંમેશાં જેઓનું મન હોય છે તેવાઓની પૂજ્યતાના સ્થાને શ્રી શય્યંભવસૂરિજીએ "देवा वि तं णमंसंति" એ પદ સ્પષ્ટપણે જણુાવ્યું છે, વળી શ્રુત ધર્મના મહિમાને અંગે પણુ "सुरगणणरिंदमहियस्स–" જણુાવતાં દેવતાના સમુદાયને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. જિનેશ્વર

મહારાજના શાસનની મહત્તા જણાવતાં પણ “देवंणागसुवण्ण-किण्णरगणस्सब्भूअभावच्चिए” એમ કહીને સદ્ભૂતભાવથી દેવતાઓની પૂજ્યતા જૈન-મતને અંગે જણાવવામાં આવી છે.

**શ્રી નંદીસૂત્ર** અને **શ્રી અનુયોગદ્વાર** વિગેરેમાં પણ द्वादशांगी ના પ્રરૂપણા કરનાર તરીકે ભગવાન જિનેશ્વરનું વર્ણન કરતાં પણ દેવતાઓથી પૂજ્યપણું જણાવી તીર્થંકરનો મહિમા જણાવવામાં આવ્યો છે.

પૂજાના લોપકોએ ભગવાન જિનેશ્વર મહારાજની જે પ્રતિમા પૂજાયેલી છે, તેને તો અનુકરણીય નથી ગણી, અને સારી પણ ગણી નથી, પરંતુ ભગવાન જિનેશ્વર મહારાજની દીક્ષાને અંગે જે કંઈ આડંબર કરેલો છે, તે બધો અનુકરણીય ગણીને તેવો દીક્ષાનો આડંબર તો મહા આરંભમય છતાં પણ હંમેશા અમલમાં રાખી મૂકયો છે.

**દયાના નામે લુંપકોનો પોકાર :**

આ વસ્તુને જાણનાર મનુષ્ય સમજી શકશે કે પ્રતિમા અને પૂજાના લોપકો એવા લુંપકોનો દયા દયા એમ કરીને કરાતો પોકાર એ કેવલ ભગવાન જિનેશ્વરની પ્રતિમા અને પૂજાને ઉઠાવવાનો બકવાસ માત્ર છે. કેમ કે જો એમ ન હોત અને ખરેખર દયાના માર્ગ ઉપર જ ધોરણ રાખીને તેમનો દયા-દયાનો પોકાર હોત તો પછી ઈંદ્ર મહારાજ કે કૃષ્ણ મહારાજ સરખા અવિરતિ=સમ્યગ્દૃષ્ટિએ કરેલા દીક્ષા-મહોત્સવનું અનુકરણ કરીને દીક્ષાના મહોત્સવો થવા દેત નહીં.

સામાન્ય મનુષ્ય પણ આ ઉપરથી સમજી શકશે કે તે દયાના દેવાળીયાઓએ પોતાની પૂજ્યતા, માન્યતા કે મહત્તાની આગળ દયાને દરિયાપાર નાંખી દીધી છે, અને ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા અને પ્રતિમાના વિષયમાં દયાના નામે દ્વારો દઈ દીધેલાં છે.

યાદ રાખવું કે ઇંદ્ર મહારાજે ભગવાન જિનેશ્વર મહારાજની કરેલી દીક્ષાના અંગેની પ્રભાવનાના અનુકરણથી શ્રીકૃષ્ણ મહારાજ વિગેરે એ દીક્ષાના મહોત્સવો કરી લાભ મેળવ્યો છે, એટલે દેવતા અવિરતિ હોવાથી તેની કરણીનું અનુકરણ થાય નહિં એમ કહેવાનું તો તે લુંપકો માટે સ્થાન નથી.

## અવિરતિઓની એકાદ મનગમતી ચીજનું અનુકરણ ન કરાય :

વિશેષે વિચારવા જેવું તો એ છે કે ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા દેવતાઓએ આડંબરથી કરી છે, છતાં તેને ઉઠાવવા માટે દેવતાનું અવિરતપણું કે નો-ધર્મીપણું આગળ કરવામાં આવે છે. તો પછી ભગવાન જિનેશ્વર મહારાજનો દીક્ષાનો મહોત્સવ નો-ધર્મી કે અવિરતિ તરીકે ગણાતા ઇંદ્ર મહારાજે કર્યો છે અને જે કૃષ્ણ મહારાજે દીક્ષા મહોત્સવ કર્યો છે, તે કૃષ્ણ મહારાજ પણ અવિરતિ હતા, અને દેવતાને નિષ્ઠુર વચન ન કહેવાની અપેક્ષાએ જ માત્ર દેવતાને અ-ધર્મી નહિ કહેતાં નોધર્મી કહેવા પડે, પરંતુ શ્રીકૃષ્ણ મહારાજ તો મનુષ્ય હોવાને લીધે તેમને અંગે સર્વવિરતિરૂપ ધર્મને જ ધર્મ ગણીને અધર્મી કહેવામાં નિષ્ઠુર-વચન ગણાય નહિં, તો પછી તે અધર્મીની કરેલી દીક્ષામાં મહોત્સવની પ્રભાવનાનું અનુકરણ પ્રતિમાના શત્રુઓ કઈ રીતે કરી શકે ?

લુંપકો પોતાના સૂત્રમાંથી બાર-વ્રતને ધારણ કરનારા કોઈપણ શ્રાવકે કૃષ્ણ મહારાજની માફક દીક્ષિત થનારના જોખમને વહોરીને દીક્ષાનો મહોત્સવ કરેલો હોય એમ બતાવી શકે તેમ નથી, તો પછી પોતાને ફાવતો એવો દીક્ષાનો મહોત્સવ તો અવિરતિઓએ કરેલો છતાં પણ અનુકરણમાં લેવો અને ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજાનું અનુકરણ ન કરવું, એ ઘેલીના ઘેલાપણા જેવું જ ગણાય.

દુઃખી જીવોને બચાવનાર અગર મરતા જીવનું રક્ષણ કરનાર કે કરાવનાર શ્રાવક અઢારે પાપોને બાંધે છે, એવું માનનાર દયાના દુશ્મનો અને ભીષણ કર્મવાળા ભીખમજીના ભડકાથી સળગેલાઓ ગૃહસ્થની સર્વ ક્રિયાઓને અધર્મ માનવા તૈયાર થાય, છે છતાં પણ પોતાના માનેલા ગુરુઓના નિષેધના અભાવને લીધે દીક્ષાના મહોત્સવો તો ઘણા આડંબર અને ઠાઠમાઠથી કરે છે, તો તેઓની આંખ પણ ઉપર જણાવેલી વસ્તુઓ વિચારતાં જરૂર ઉઘડી જશે.

## દીક્ષા-મહોત્સવ થાય તો મુકુટાદિનો શો વાંધો! :

ઉપર જણાવેલી હકીકતને અંગે કેટલાક ભદ્રિક લોકો ભગવાન જિનેશ્વર-મહારાજની ઉત્તમતાને અંગે અને તીર્થ પ્રવર્તનના ઉપકારને અંગે ઉપર જણાવેલી પૂજ્યતા અને માન્યતા છે, એ વસ્તુને ન વિચારતાં ભગવાન જિનેશ્વર-મહારાજની અવસ્થાનો જ માત્ર વિચાર કરી એમ બોલવા તૈયાર થાય છે કે જન્મ કે દીક્ષા મહોત્સવની વખતે ભગવાન જિનેશ્વર મહારાજાઓ સર્વવિરતિવાળા કે વીતરાગ-કેવલીપણામાં વર્તવાવાળા નથી, માટે તે વખતની અપેક્ષાએ જે જે પૂજા, સત્કાર, સન્માન કરવામાં આવેલાં છે, તેમાં કોઈપણ જાતનો બાધ નથી

આવું કહેનારાઓએ વિચારવું જોઈએ કે જો ભવિષ્યકાળમાં વીતરાગપણું અને સર્વજ્ઞપણું મેળવશે તથા જગતના ઉદ્ધારને માટે તીર્થની સ્થાપના કરશે એ ઉત્તમોત્તમ ગુણો અને ઉપકારોને અંગે જે પૂજા-સત્કારાદિ કરવામાં આવે તેમાં જો લાભ હોય તો પછી જેઓ ઉત્તમોત્તમ ગુણોને પ્રાપ્ત કરી જગતના ઉદ્ધારને માટે શાસનને સ્થાપી ગયા તેવા ભગવાન જિનેશ્વર મહારાજાનાં પૂજા-સત્કારાદિમાં લાભ હોય તેમાં આશ્ચર્ય જ શું ?

પ્રતિમાના શત્રુઓ અને દયાના દુશ્મનો તો વળી અવિરતિના કરેલા દરેક કાર્યને અધર્મ માને છે, છતાં શ્રીકૃષ્ણ

મહારાજે ઇંદ્રનું અનુકરણ કરીને કરેલા જિનેશ્વર કે ગણધર સિવાયના પણ દીક્ષા–મહોત્સવથી તીર્થંકર–નામગોત્ર બાંધ્યું તેમ માને છે, તો પછી શું તે દયાના દુશ્મનો અને પ્રતિમાના શત્રુઓ તીર્થંકર–નામગોત્ર બાંધવાનું કારણ અધર્મ છે એમ માને છે ખરા ?

તેઓને કબૂલ કરવું પડશે કે કર્મની એકસો અઠ્ઠાવન પ્રકૃતિઓમાં તીર્થંકર–નામકર્મની પ્રકૃતિ હેતુએ, સ્વરૂપે અને ફળ કરીને શુદ્ધ હોય છે, કેમ કે અરિહંતાદિકની આરાધના રૂપ હેતુથી બંધાવવાવાળી છે, એટલે 'અવિરતિની સર્વંકરણી અધર્મરૂપ છે કે દેશવિરતિરૂપ સર્વંકરણી અધર્મરૂપ છે' એમ કહેવાવાળાની ઉપર જૈનશાસનની છાયા પણ પડી હોય એમ લાગતું નથી. શાસ્ત્રકારો પણ સ્થાને–સ્થાને અણગાર–ધર્મની માફક અગાર–ધર્મ પણ સ્પષ્ટપણે જણાવે છે.

### શ્રીઆચારાંગ સૂત્રના પાઠનો અર્થ :

પ્રાસંગિક આટલું જણાવીને ચાલુ અધિકારમાં એટલું જણાવવાનું કે—

ભગવાન જિનેશ્વર મહારાજના દેવપણા અને વીતરાગ-પણાને ઉદ્દેશીને ઇંદ્ર મહારાજાઓએ દીક્ષા–કલ્યાણકનો પણ મહોત્સવ કર્યો હતો અને તેમાં **શ્રી આચારાંગ સૂત્રના** પાઠ પ્રમાણે વસ્ત્ર–આભૂષણ વિગેરેથી કેવલ આત્મકલ્યાણને માટે સત્કાર કર્યો હતો, અને તે પ્રતિમાના લોપકો કોઇપણ સૂત્રમાં "જિનેશ્વર ભગવાનની પ્રતિમાના પૂજનમાં કે શ્રી જિનેશ્વર ભગવાનના ચૈત્યમાં પ્રવૃત્તિ કરતાં પાપ બંધાય છે અગર તેમાં બંધાયેલા પાપથી અમુક જીવને હેરાન થવું પડયું છે." એવું દેખાડી શકયા નથી, દેખાડી શકતા પણ નથી અને દેખાડી શકે એમ પણ નથી.

ઉપરના શ્રીઆચારાંગ સૂત્રવાળા પાઠને દેખીને ભગવાન તીર્થંકર મહારાજના વસ્ત્ર–આભૂષણુ આદિ સત્કારોથી પૂજન માનવાની જ્યારે શાસ્ત્ર–પ્રમાણુ માનનારાઓથી ના પાડી શકાતી નથી, ત્યારે તેઓ દીક્ષા વખતે પણુ તીર્થંકરપણાને અંગે કરાતી પૂજાની સ્થિતિને ધ્યાનમાં ન લેતાં એવો લવારો કરવાને તૈયાર થાય છે.

ભગવાનની તે વખતની અવસ્થા તો સરાગપણાની, ગૃહસ્થ-પણાની અને છદ્મસ્થપણાની છે, પરંતુ કેવલીપણામાં આવ્યા પછી ભગવાન તીર્થંકર–મહારાજનું પૂજન આભૂષણુ અને વસ્ત્રાદિકથી થઈ શકે નહિ. કેમ કે વીતરાગ–સર્વજ્ઞપણામાં તેઓ સર્વથા ત્યાગી છે.

આવું માનનારા દિગમ્બરોએ તો સ્ત્રીઓ ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા કરે અને અડે એવું માનવામાં ભૂલ કરેલી જ ગણાય, કારણુ કે સામાન્ય સાધુપણામાં પણુ સ્ત્રીનો સંઘટ્ટો ન હોય તો પછી કેવલીપણામાં તો સ્ત્રીનો સંગ્રહ કે તેનું અડવું વિગેરે તો હોય જ શાનું ?

આશ્ચર્યની વાત છે કે ભગવાન જિનેશ્વરની મૂર્તિને કપડું કે આભૂષણુ અડે તો સર્વજ્ઞપણું અને વીતરાગપણું ચાલ્યું જાય, પરંતુ બાયડીઓના થોકે થોક ભગવાન જિનેશ્વરની મૂર્તિને અડે, સ્નાન કરાવે તોપણુ તે દિગમ્બરોની વીતરાગ–અવસ્થામાં આ સ્થળે વાંધો આવતો નથી. ભગવાન જિનેશ્વર મહારાજનું સર્વજ્ઞ–વીતરાગપણું થયા પછી પણુ નિર્વાણુ મહોત્સવની વખતે તેમના ખુદ શરીરને અંગે કેવી રીતે વસ્ત્રાદિકથી સત્કારો કરવામાં આવે છે ? તે જાણવા માટે શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રનો નિર્વાણુ સંબંધી અધિકારનો પાઠ ખૂબ જ ઉપયોગી છે.

## શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ એ સૂત્રના પાઠનું રહસ્ય :

શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં જણાવેલ ભગવાન જિનેશ્વર મહારાજના નિર્વાણુ–કલ્યાણુકના અધિકારમાં ઈંદ્ર મહારાજે ભગવાન

જિનેશ્વર મહારાજની અભિષેક, ચંદન અને અલંકારોથી કરેલી પૂજાને ધ્યાનમાં લેનારો મનુષ્ય જો શ્રદ્ધાવાળો હશે અને શાસ્ત્રને માનનારો હશે તો સ્વપ્ને પણ એમ નહિ માની શકે કે કહી શકે કે "વીતરાગ-સર્વજ્ઞની પૂજા અભિષેક, વિલેપન વસ્ત્ર, અલંકારાદિથી થઈ શકે નહિ."

પૂજાના દ્રોહીઓ તરફથી કદાચ એમ કહેવામાં આવે કે નિર્વાણ-મહોત્સવની વખતે જોકે વીતરાગ-પરમાત્માનું શરીર છે. અને ગણધર મહારાજા વિગેરેની હાજરીમાં તે બધો સત્કાર વિગેરે થાય છે, પરંતુ એ સર્વ ઈંદ્ર મહારાજે કરેલ છે. કોઈ શ્રાવકે કરેલ નથી, તો દીક્ષા મહોત્સવ પણ ઈંદ્રે કે શ્રીકૃષ્ણે કરેલો છે, દીક્ષા મહોત્સવનો કોઈ શ્રાવક કે શ્રાવિકાએ સત્કાર કર્યો નથી.

વળી આ કહેનારે સમજવું જોઈએ કે પૂજા કરવાને લાયકની ઉત્કૃષ્ટ સામગ્રી જે જે ક્ષેત્રાંતરોના ચંદનો, ક્ષેત્રાંતરોનાં પુષ્પો અને ક્ષેત્રાંતરોની ઔષધિઓ વિગેરે જે ઉત્કૃષ્ટરૂપે હોય અને જે ઉત્કૃષ્ટ-સામગ્રીની ભગવાન તીર્થંકર મહારાજની પૂજામાં ઉપયોગિતા ગણાય છે, તે સામગ્રી ભેગી કરવાની શક્તિ મનુષ્યોમાં હોતી નથી, પરંતુ તે દેવોમાં જ હોય છે. માટે તેવી સામગ્રીથી તીર્થંકરની પૂજ્યતા જણાવવામાં દેવતાનો અધિકાર હોઈ શકે એ સ્વાભાવિક છે, અને આ કારણથી સર્વસ્થાને જિનેશ્વરોનો મહિમા જણાવતાં जो देवाणवि देवो વિગેરે કહી દેવપૂજ્યપણું જણાવે છે, અને એથી શ્રાવક-શ્રાવિકારૂપ મનુષ્યોએ તો પૂજવા લાયકપણું સ્વભાવતઃ આવી જાય છે.

શાસ્ત્રકારો ભગવાન જિનેશ્વરને ઉત્તમોત્તમ પુરુષ તરીકે સ્થિતિમાં વર્ણવતાં સ્પષ્ટ શબ્દોમા કહે છે કે, સામાન્ય ઋષિ અને મનુષ્યો દેવતા અને મૂર્તિઓની પૂજા કરે અને તેવા સામાન્ય મનુષ્યોથી પૂજાયેલા એવા અને મોટા ઋષિઓથી પણ જેઓ પૂજાને પામે છે, તેઓ તીર્થંકરો ઉત્તમોત્તમ છે.

આ વાતને ધ્યાનમાં લેનારો મનુષ્ય દેવતા અને ઇંદ્રોએ કરેલી પૂજા દેખીને ભગવાન તીર્થંકર મહારાજનું મનુષ્યોથી અ-પૂજ્યપણું છે. એમ કદાપિ નહિ ધારી શકે, પરંતુ શ્રાવક-શ્રાવિકારૂપ મનુષ્યોથી તો ભગવાન જિનેશ્વર મહારાજાઓ અત્યંત પૂજ્યતમ છે એમ જ ધારી શકે. શું देवंनाग, देवदाणव વિગેરે પાઠો દેખીને અને જો देवाणवि વિગેરે પાઠો દેખીને મૂર્ખ મનુષ્ય પણ એવી કલ્પના કરે ખરો કે-"ભગવાન જિનેશ્વર મહારાજનો ધર્મ, ભગવાન જિનેશ્વર મહારાજનું શાસન અને ભગવાન જિનેશ્વર મહારાજ માત્ર દેવતાઓને જ પૂજ્ય છે, પરંતુ તે ત્રણ મહાપદાર્થો શ્રાવક-શ્રાવિકાઓને પૂજ્ય નથી." અર્થાત્ મૂર્ખતમ મનુષ્ય પણ દેવતાથી પૂજ્યપણું દેખીને મનુષ્યથી અ-પૂજ્યપણું છે એમ કહેવાને શક્તિમાન થાય નહિ.

## નિર્વાણ કલ્યાણકના મહોત્સવનું રહસ્ય :

વળી કેટલાકો તરફથી એમ કહેવામાં આવે કે નિર્વાણ કલ્યાણકની વખતે ઇંદ્ર મહારાજે અભિષેકથી કરેલી પૂજા અચેતન એવા વીતરાગ પ્રભુની છે. તો એવા કથનના સમાધાનમાં સમજવાનું કે એ વીતરાગ પ્રભુનું શરીર જ્યારે શાસ્ત્રકારોના જણાવવા મુજબ અને સમ્યગ્દૃષ્ટિઓના ધારવા મુજબ દ્રવ્યવીતરાગ અને દ્રવ્યસર્વજ્ઞ રૂપ છે. અને તેમના અભિષેકાદિકથી પૂજા થઈ શકે છે અને તેવી અભિષેકાદિકથી ભગવાન જિનેશ્વર મહારાજના ખુદ શરીરની ગણધરાદિ ભગવાનોની હાજરીમાં પૂજા કરવામાં આવે છે. અને તે પૂજાથી જ્યારે ભગવાન જિનેશ્વર મહારાજનું ભોગીપણું થઈ જતું નથી, તો પછી ભગવાન જિનેશ્વર મહારાજના સ્થાપના નિક્ષેપારૂપ ભગવાનની પ્રતિમાને અભિષેક કરવાથી, આભૂષણો કે વસ્ત્રો ચઢાવવાથી ભગવાનનું ભોગીપણું થાય છે એમ બોલનારો મનુષ્ય જો દારૂ પીનારો હોય તો જ શોભી શકે? પરંતુ સુજ્ઞ અને સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને એવું બોલવું સ્વપ્ને પણ શોભી શકે નહિ. વસ્ત્ર અને આભૂષણની પૂજાને અંગે લોકોની

શંકા નિવારવા માટે એટલું પ્રકરણ જણાવી હવે શ્રાદ્ધદિનકૃત્યકારે કહેલા પૂજાના અધિકારમાં આગળ શી રીતે પૂજાનો વિધિ જણાવે છે તે જોઈએ.

## ધૂપની જરૂરિયાત અને ધૂપ કેવો હોય ?

આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રસૂરિજી ચીનાંશુકાદિ વસ્ત્રો દ્વારા પૂજા કરવાનું જણાવ્યા પછી ગંધ એટલે સુગન્ધી-ચૂર્ણોએ કરીને પૂજા કરવાનું જણાવતાં ફરમાવે છે કે, અત્યંત શ્રેષ્ઠ હોવા જોઈએ.

આ જગો પર ધ્યાન રાખવાનું છે કે કેટલાક ભદ્રિક શ્રાવકો ભગવાન જિનેશ્વર-મહારાજની પૂજામાં ધૂપદહનની આવશ્યકતા છે, એટલું તો સમજે છે, પરંતુ ભગવાન જિનેશ્વર-મહારાજની આગળ ધૂપનું દહન કરવું શાને માટે છે ? એનો વિચાર કરતા નથી. અને તેથી જે અગરબત્તીઓ સામાન્ય રીતે સુગન્ધવાળી ન હોય એટલું જ નહિ, પરંતુ જે અગરબત્તીઓ સળગાવવામાં આવ્યા હોવા છતાં સુગન્ધનો લેશ ધરાવતી ન હોય, તેમજ જેનો ધૂમાડો સુગન્ધિપણાના અંશથી પણ રહિત તેવી અગરબત્તીઓ સળગાવવામાં પ્રવૃત્તિ કરે છે, પરંતુ ધ્યાન રાખવું જોઈએ કે આ ધૂપદહન સુગન્ધિપૂજાને માટે છે અને તેથી તે અગરબત્તીમાં અને તેના ધૂમાડામાં જરૂર સુગન્ધિ હોવી જોઈએ.

વળી કેટલાક ભાવિક લોકો અજ્ઞાનતાને લીધે ધૂપદહન જાણે ભગવાનની અંગપૂજા હોય નહિ, તેવી રીતે સળગતી અગરબત્તીઓ ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાના મુખ આગળ સુધી લઈ જાય છે અને તેના પરિણામે કેટલીક વખત અગરબત્તીનો મોગરો અગર તણખો ભગવાનની પ્રતિમા ઉપર પણ પડે છે, અગર તે સળગતી અગરબત્તી ભગવાનના મુખને અગર શરીરને લાગી જાય છે.

આવી અજ્ઞાનતા ભક્તિભાવ ધરાવનારાઓએ સર્વથા દૂર કરવા જેવી છે.

ધ્યાન રાખવું કે ગન્ધપૂજાનો જે અધિકાર શાસ્ત્રોમાં ચાલ્યો છે, તેને અંગે દહન કરવામાં આવતા ધૂપો તુરૂક્ક સિલ્હક આદિ ઉત્તમ ગન્ધવાળા દ્રવ્યોથી હોય, યાવત્ શાસ્ત્રકાર એટલા સુધી કહે છે કે ધૂપો એટલી બધી ગન્ધવાળા હોય કે જાણે ગન્ધની જ વાટ હોય નહિ તેવા લાગે. અર્થાત્ આવા સુગન્ધવાળા ધૂપોનું જો દહન થતું હોય તે ગન્ધમાત્ર ભગવાનની આગળ જ નહિ. એકલા ગભારામાં નહિ, પરન્તુ આખા મંદિરની અંદર જે ધૂપના દહનથી થયેલી સુગન્ધ હોય તે વ્યાપ્ત હોવી જોઈએ. કેટલેક સ્થાને તો ધૂપના દહનની શાસ્ત્રકારો એટલી બધી તીવ્રતા જણાવે છે કે શ્રી જિનેશ્વર ભગવાનના મંદિરમાં કરાતા ધૂપદહનના ધૂમાડાની શિખાને અંગે મયૂરોને વાદળનો વહેમ પડે અને તેથી કેકારવ કરવા લાગી જાય.

આવી રીતે ઊંચા અને સારા સુગંધી ધૂપોથી ભગવાન જિનેશ્વર મહારાજનું પૂજન કરવું જોઈએ, અને તેને માટે પૂ. આ. **શ્રી દેવેન્દ્રસૂરિજી 'પ્રવર'** એવું વિશેષણ સ્પષ્ટપણે આપે છે. એટલે શ્રેષ્ઠ એવા સુંગધના દહનથી હૃદયને આનંદ દેવાવાળા અને ત્રણ ભુવનથી પૂજાયેલા એવા ભગવાન જિનેશ્વર મહારાજનું ભક્તિથી ભરેલો એવો શ્રાવક પૂજન કરે.

## અક્ષતોની પૂજા અને તેનું સાર્થકપણું શામાં ?

ધૂપના પૂજન પછી અક્ષત–પૂજાને જણાવતાં શાસ્ત્રકારો કહે છે કે શંખ અને કુંદના ફુલ જેવા શુદ્ધ નિર્મળ એવા અક્ષતોથી અષ્ટમંગલનું આલેખન કરવું જોઈએ. તે અષ્ટમંગલના આલેખનમાં લેવાતા અક્ષતો અખંડિત અને અસ્ફુટિત હોવા જોઈએ.' કેટલાક ભદ્રિક લોકો ભગવાન જિનેશ્વર મહારાજની આગળ સાથીયા માટે

કે અષ્ટમંગલિક માટે લઈ જવાતા અક્ષતોને અંગે હદ બહારની સેવે છે. તેઓને એ વસ્તુ તો ખ્યાલમાં જ નથી હોતી કે ભગવાન જિનેશ્વર મહારાજને જે દ્રવ્ય ચઢાવવામાં આવે તે ઉત્તમોત્તમ હોવું જોઈએ. કોઈ પણ પ્રકારે જિનેશ્વર-ભગવાનની પૂજામાં અનુત્તમતા કે અધમતા ન હોવી જોઈએ, છતાં જો કોઈ પણ મનુષ્ય સાધનની ખામીને લીધે નહિ, પરંતુ માત્ર અજ્ઞનાતાને લીધે પોતાના ઉપભોગને માટે અખંડ ચોખા રાખી દહેરાસર માટે ખંડિત ચોખા એટલે જેને કણુકી કહેવામાં આવે છે તે ઉપયોગમાં લેવાનું કરે, તે કેટલું બધુ હલકું છે ? અને આત્માને કેટલું બધું નુકશાન કરનારું છે, તે સામાન્ય રીતે શાસ્ત્રોના વાકયને વિચારનાર શ્રાવક સમજી શકે તેમ છે.

ધ્યાન રાખવું કે સામગ્રીની ખામીને લીધે પૂજાના સાધનોમાં થતી ન્યૂનતા ક્ષંતવ્ય બને છે, એટલું જ નહિ, પણ પૂજાથી થતા ફળને ન્યૂન કરનાર કે બાધા કરનાર પણ નથી, પરંતુ કંજૂસાઇને લીધે થતી પૂજાના સાધનોની ન્યૂનતા તો કેવળ ભગવાન જિનેશ્વર મહારાજના અનાદરમાં જ જાય છે. કંજૂસાઈથી થતો અનાદર આત્માને મલિન કરનારો જેવી રીતે પોતાના ઉપભોગને માટે ઉત્તમ સાધનો રાખવા અને તેવાં ઉત્તમ સાધનોની પૂજામાં સામગ્રી ન મેળવવી તે ઓછું નુકશાનકારક નથી. પરંતુ તેના કરતાં સાધન-સામગ્રી પણ જેઓની પાસે છે, વળી જેઓ ભગવાન જિનેશ્વર મહારાજની પૂજ્યતાને અગ્ર પદ આપનારા પણ છે, છતાં માત્ર ચોખા અને કણુકીમાં શરીરના પોષણમાં ફેર નહિ છતાં માત્ર અજ્ઞાનતાને લીધે ખાવા માટે અખંડ ચોખાઓ રાખી દહેરાસરમાં સ્વસ્વિક કે અષ્ટમંગલિક માટે કણુકી એટલે ખંડિત ચોખાઓ ધરાવે તેઓની અજ્ઞાનતાનું કેટલું કટુક પરિણામ છે ? તેનો વિચાર તે ભદ્રિક અજ્ઞાનીઓએ કરવો ઓછો આવશ્યક નથી.

જો કે સ્વસ્તિક, નંદાવર્ત્ત કે અષ્ટમંગલિક માટે અમુક જાતના જ ચોખા જોઈએ એવો નિયમ નથી, પરંતુ પોતાને જે પ્રમાણે સાધન મળેલું હોય તે પ્રમાણે પૂજામાં ઉત્તમ દ્રવ્યોનો ઉપયોગ કરતાં તંદુલાદિકથી પણ સ્વસ્તિક અને અષ્ટમંગલિક આલેખી શકાય છે.

## અષ્ટમંગલિક તે શું ? તેમાં આદ્ય કોણ ? તેની મહત્તા શી ?

સામાન્ય રીતે અષ્ટમંગલ નામથી જૈન પ્રજાનો મોટો ભાગ તો પરિચિત છે જ, પરંતુ અષ્ટમંગલમાંના પ્રત્યેક મંગલને જાણવા માટે ઘણો ઓછો વર્ગ તૈયાર થયેલો હોય છે. આ જાણવામાં આવતા અષ્ટમંગલો જગતની સામાન્ય-સ્થિતિની અપેક્ષાએ સ્વયં આકારથી મંગલ તરીકે ગણાયેલા છે.

હજારો વર્ષ પહેલાંના શિલાલેખમાં પણ લેખની આદિમાં જે સ્વસ્તિક દેખવામાં આવે છે, તે પણ એ જ વસ્તુ પુરવાર કરે છે કે સ્વસ્તિકનું આલેખન આકાર તરીકે હંમેશા મંગલ તરીકે ગણવામાં આવ્યું છે.

વર્તમાનકાળમાં જોકે અમુક પ્રજાએ સ્વસ્તિકને પોતાનું રાષ્ટ્રચિન્હ બનાવેલું છે, પરંતુ આર્ય-સંસ્કૃતિને ધારણ કરનારાઓએ સ્વસ્તિકનો ઉપયોગ રાષ્ટ્રચિન્હ તરીકે નહિ, પરંતુ સ્વયં મંગલિક છે, એમ ગણીને કરતા હતા. અને આ કારણથી હજારો વર્ષના શિલાલેખોમાં જે જે શિલાલેખો ધાર્મિક-વિષયના હોય છે તેમાં જ મુખ્યત્વે સ્વસ્તિકનું ચિન્હ હોય છે, પરંતુ દુનિયાદારી સંબંધી જે જે શિલાલેખો છે, અગર રાજા-મહારાજા શ્રેષ્ઠી-શાહુકારની કીર્તિને માટે કરવામાં આવેલા શિલાલેખોને વિષે સ્વસ્તિકને સ્થાન મળેલું નથી, એટલે સ્પષ્ટપણે સમજી શકાય છે કે સ્વસ્તિક એ કોઇ પણ દેશ, રાજ્ય કે પ્રજાનું ચિન્હ નથી, પરંતુ કેવળ તેના સ્વાભાવિક મંગલિકપણાને લીધે ધર્મસ્થાનમાં અને ધર્મ કાર્યમાં કોતરવામાં કે આલેખવામાં આવેલા છે.

જો કે **આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ અષ્ટમંગલના** નામો ગણાવતાં દર્પણને પ્રથમ અષ્ટમંગલ તરીકે ગણાવે છે. પરંતુ મૂળ સૂત્રોમાં ઘણે સ્થાને **અષ્ટમંગલને** ગણાવતાં પ્રથમ **સ્વસ્તિક** નામના અષ્ટમંગલને સ્થાન આપવામાં આવ્યું છે.

આ અષ્ટમંગલનું આકાર-માત્રથી એટલું બધું ઉત્તમપણું જગતમાં વ્યાપ્ત હતું કે જેને લીધે રાજા-મહારાજાઓ જ્યારે જ્યારે ભગવાન્ જિનેશ્વર મહારાજ વગેરેને વંદન કરવા જતા ત્યારે ત્યારે તે અષ્ટમંગલના જુદા જુદા આલેખોને ધારણ કરનારાં પાટીયાં અગર તેવી રીતે કોતરીને બનાવેલા આલેખોને લઈને અનેક પુરુષો તે વંદનના વરઘોડાની આગળ આગળ ચાલતા હતા.

વૈમાનિક દેવતાઓમાં ઉત્પન્ન થયેલો **સૂર્યાભદેવ** કે જેની પૂજાની ભલામણ સૂત્રોમાં સ્થાન સ્થાન ઉપર પૂજાના વિષયમાં કરાય છે તે **સૂર્યાભદેવતાએ** પણ પોતાના વિમાનમાં રહેલા **સિદ્ધાયતનની** અંદર રહેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્તિની પૂજા કરતાં **અષ્ટમંગલનું** આલેખન કર્યું છે.

તિર્ચ્છાલોકોની અંદર પણ **વિજયદેવતાએ** કરેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં પણ **અષ્ટમંગલનું** આલેખન થતું, એમ **શ્રી જીવાભિગમ સૂત્રમાં** સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે.

આ બધી હકીકત ઉપરથી આ વાત સ્પષ્ટ થશે કે જગતના સ્વભાવને લીધે સ્વસ્તિક આદિનું આલેખન મંગલરૂપ ગણવામાં આવ્યું છે અને આ કારણથી આચાર્ય મહારાજ **શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી શ્રી વિશેષાવશ્યકભાષ્યની**

અંદર સ્થાપના-મંગલ તરીકે સ્વસ્તિક આદિ અષ્ટમંગલની સ્થાપનાને જણાવે છે.

એટલે હજારો વર્ષથી અષ્ટમંગલની સ્થાપના મંગલરૂપ ગણાયેલી છે, એ માનવામાં કોઈ પણ જાતની શંકાને સ્થાન નથી.

આ સ્થાને એક વાત જરૂર વિચારવા જેવી છે કે આ અષ્ટમંગલનો આકાર માત્ર પૂજાના સાધનરૂપ છે અને તેથી સ્થાને સ્થાને તેનું આલેખન કરવાનું જણાવવામાં આવેલું છે, પરંતુ મંગલની અધિકતા ગણીને તેની ઉપર પુષ્પો વિખેરવામાં આવે તો તેટલા માત્રથી અષ્ટમંગલનું સાધનપણું મટી સાધ્યપણું થઈ જતું નથી. અષ્ટમંગલના આલેખનમાં ચોખા અને તંદુલ વિગેરે સાધનોનો ઉપયોગ કરવાનું ઉપર જણાવવામાં આવ્યું છે તેથી **અષ્ટમંગલને અભિષેકાદિના વિષયમાં ન લઈ શકાય તે સ્વાભાવિક છે,** પરંતુ તે ચોખા આદિના અષ્ટમંગલ ઉપર ફૂલો વિખેરી તે રૂપ પૂજા કરવામાં આવે, તેમાં કંઈ આશ્ચર્ય નથી ?

**અષ્ટમંગલિકનો ક્રમ :**

જે અષ્ટમંગલનું આલેખન ઉપર જણાવવામાં આવ્યું છે તે અષ્ટમંગલોનો ક્રમ **શ્રી દેવેન્દ્રસૂરિજી** મહારાજ આ પ્રમાણે જણાવે છે.

**૧ દર્પણ ૨ ભદ્રાસન ૩ વર્ધમાન ૪ શ્રીવત્સ ૫ મત્સ્યયુગ ૬ શ્રેષ્ઠકલશ ૭ સ્વસ્તિક ૮ નંદાવર્ત.**

ઉપર પ્રમાણે જણાવેલા આઠ મંગલમાં દર્પણ પદાર્થ તરીકે મંગળ ગણવામાં આવ્યું નથી, પરંતુ દર્પણના આકારને અષ્ટમંગલના પદાર્થ તરીકે ગણવામાં આવ્યો છે, અને આ દર્પણના આકારની પેઠે બીજા આગળ કહેવામાં આવશે તેવા

મત્સ્યયુગલ આદિ મંગલો પણ પદાર્થ તરીકે મંગલરૂપ નથી, પરંતુ તેના આકારો જ મંગલરૂપ છે.

સામાન્ય સમજણને ધરાવનારો મનુષ્ય પણ સમજી શકે છે કે ડાબા કે જમણા અંગુઠે રહેલા જવના આકારો જ મનુષ્યોની ભાગ્યવત્તાને સૂચવનાર છે, પરંતુ અંગુઠે ચોડી દીધેલા જવો ભાગ્યવત્તાને સૂચવનાર નથી. એટલે જેમ સામુદ્રિકની અપેક્ષાએ અંગુઠામાં રહેલા જવના આકારો મંગલ તરીકે ગણાય છે, વળી મત્સ્યનું ચિહ્ન ભાગ્યશાળીઓના હાથ ઉપર હોય છે તેવું સામુદ્રિક શાસ્ત્રમાં નિશ્ચિત છતાં હાથમાં માછલાં રાખવાથી તે ઉત્તમતા આવી જતી નથી એ સ્પષ્ટ છે. એટલે સામુદ્રિક–શાસ્ત્રની અપેક્ષાએ જેમ જવ અને મત્સ્યની પદાર્થ દ્વારા ઉત્તમતા નથી, પરંતુ આકાર દ્વારા ઉત્તમતા છે, તેવી રીતે અત્રે પૂજન આદિ અધિકારમાં પણ દર્પણાદિકની સ્વયં ઉત્તમતા નથી, પરંતુ આકાર દ્વારા ઉત્તમતા છે અને તેથી સૂત્રકારોએ અષ્ટમંગલનું આલેખન પૂજાવિધિમાં જણાવ્યું છે અને શ્રી દેવેન્દ્રસૂરિજીએ પણ અષ્ટમંગલનું આલેખન જણાવેલું છે.

ધ્યાન રાખવું કે સૂત્રકાર મહારાજ કે શ્રી દેવેન્દ્રસૂરિજી એ અષ્ટમંગલને ધરાવવાનું કે ચઢાવવાનું જણાવેલું નથી. આ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે અષ્ટમંગલનું આલેખન જ માત્ર મંગલરૂપ છે અને એ અષ્ટ–મંગલમાંના કોઈ પણ દર્પણ કે મત્સ્યયુગલ જેવા મૂલપદાર્થની સાથે કોઈ પણ જાતનો મંગલ-પણાનો સંબંધ નથી.

વાચકે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે આઠ દિવસનો અષ્ટાહ્નિકા મહોત્સવ હોય છે, અને આઠ દિવસની અઠ્ઠાઈ હોય છે, છતાં તે દરેક દિવસને અઠ્ઠાઈ મહોત્સવ તરીકે અને અઠ્ઠાઈ તરીકે ઓળખવામાં આવે છે, એવી રીતે આ સ્વસ્તિકાદિક કે

દર્પણાદિક તરીકે આલેખના આઠે આકારને અષ્ટમંગલ તરીકે ગણવામાં આવે છે, છતાં તેના એકેક આકારને પણ અષ્ટમંગલ તરીકે ગણવામાં આવે છે.

તેથી સૂત્રોમાં અને ગ્રંથોમાં અષ્ટમંગલના ચલાવવામાં તથા આલેખવામાં अट्ठट्ठमंगलगा० એમ કહી अष्टाष्टमंगलानि એમ જણાવવામાં આવે છે. એટલે તે આઠેના સમુદાયોમાં જેમ અષ્ટમંગલ સંજ્ઞા છે, તેવી જ રીતે તેના સ્વસ્તિકાદિ એકેકમાં પણ અષ્ટમંગલ તરીકેની સંજ્ઞા સમજવાની છે, અથવા તો આઠ અષ્ટમંગલ ઓળખવાનું પણ હોય તો નવાઈ જેવું નથી.

કેટલાકનું કહેવું એમ પણ થાય છે કે નથી તો એક મંગલની અષ્ટ સંજ્ઞા, નથી તો આઠ વખત અષ્ટમંગલ આલેખવાનું કિંતુ દરેક મંગલની **અષ્ટાષ્ટ** સંજ્ઞા છે. સુજ્ઞ મનુષ્ય તે તે મંગલોની આકૃતિ દેખશે અને તે યથાસ્થિત ચિત્રામણમાં કેટલાક ગ્રંથોમાં દેખાડેલી આકૃતિ પ્રમાણેનું ચિત્ર હશે તો દરેકમાં આઠ આઠ ખૂણા અગર આઠ આઠ એક જાતના ગોળ વિગેરે આકારો જોઈ શકશે અને તેથી એકેકની પણ **અષ્ટાષ્ટ** સંજ્ઞા હોય તો નવાઇ જેવું નથી.

અષ્ટમંગલનું આલેખન કર્યા પછી પાંચે રંગના ફૂલોથી તેનો પૂજોપચાર કરે અને તે અષ્ટ–મંગળને પડખે કેસરથી મિશ્ર એવા ચંદનથી થાપા દે, એવી રીતે અષ્ટ–મંગળનું આલેખન કર્યા પછી જિનેશ્વર ભગવાનનું પૂજન કરવામાં કુશળ શ્રાવક **ચીડા** નામનું સુંગધી દ્રવ્ય, **સિલ્લક** નામનું સુંગધી દ્રવ્ય એ વિગેરે સુગંધી દ્રવ્યોથી બનેલ અને અગર તથા કપૂરથી મિશ્રિત થયેલા એવા ધૂપનું ભગવાન જિનેશ્વર–મહારાજની આગળ દહન કરે.

(પહેલાં આવેલા ધૂપ સંબંધી વિધિ ગભારાની અંદર અંદર હતી અને આ ધૂપની વિધિ ગભારાની બહાર ચૈત્યવંદન કરતાં અષ્ટ–મંગળ આલેખતી વખતની હોવાથી સ્પષ્ટપણે જુદી છે.)

આચાર્ય મહારાજ **શ્રી દેવેન્દ્રસૂરિજીએ** જે આ ભગવાન જિનેશ્વરની પૂજાનો વિધિ દેખાડ્યો છે તે વિધિને સૂત્ર-સિદ્ધપણે જણાવવા માટે તેઓ **રાજપ્રશ્નીય** ઉપાંગના પાઠની ભલામણ આપે છે.

(કેટલાક સંઘના વ્યવહારથી દૂર થયેલા અને સ્વચ્છંદ કલ્પનાઓ કરી સૂત્ર પાઠોને તો શું ? પણ સૂત્રોના નામો સુદ્ધાંને પણ પલટાવવાની પરાકાષ્ઠાએ પહોંચેલા તરફથી કહેવામાં આવે છે કે જે સૂત્રોમાં **સૂર્યાભદેવતા** અને તેની પૂજાનો અધિકાર છે, તે સૂત્ર **પ્રદેશી** રાજાના પ્રશ્નોને અંગે આચાર્યો એ **રાજ-પ્રશ્નીય** અથવા **રાજપ્રશ્નકૃત** વિગેરે સંસ્કૃત નામોથી જે કરેલ છે અને પ્રાકૃતમાં **રાયપસેણઇજ્જ** શબ્દથી કહેવામાં આવે છે, તે યથાસ્થિત નથી.

પરંતુ એનું વાસ્તવિક નામ **રાયપસેણઈ** એ જ હોય તેના કારણમાં તેઓ જણાવે છે કે **પ્રદેશી** રાજાના પિતાનું નામ **પ્રસેનજીત** હતું અને તેથી આ સૂત્રનું નામ **રાયપસેણઈ** એમ હોવું જોઈએ.

પરંતુ તેઓ એક પણ પાઠ સાક્ષીનો એવો આપી શકતા નથી કે જે દ્વારા આ **રાયપસેણઈ** સૂત્રમાં **રાજા પ્રસેનજીતનો** અધિકાર કે નામ માત્ર પણ હોય, એટલું જ નહિ પરંતુ વાચનાભેદને નામે તેઓ બચવા માગતા હોય તો કોઈપણ સેંકડો અને હજારો વર્ષોની લખેલી ઉપલબ્ધ થતી પ્રતોમાંથી એક પણ પ્રતનો પાઠ **પ્રસેનજીતના** ઉલ્લેખવાળો દેખાડી શકતા નથી. **શ્રી ભગવતીજી** વિગેરે સૂત્રોમાં **રાયપસેણઇજ્જ** એવા ચોક્ખા પાઠો છે અને **શ્રી મલયગિરિજી** વિગેરે વ્યાખ્યાકારોએ **રાજપ્રશ્નીય** કે **રાજપ્રશ્નકૃત** એ બે નામોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે, છતાં મૂલસૂત્ર અને ટીકાના ગ્રંથોને

સ્વચ્છંદી-કલ્પનાથી અપ્રામાણિક ઠરાવવા કે અવિચારિત-લખાણ-વાળા ઠરાવવા એ અજ્ઞાનીઓ સિવાય બીજાને તો શોભે નહિં.

વ્યાકરણને સમજનાર દરેક સૂજ્ઞ મનુષ્ય સમજી શકે છે કે કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્ર મહારાજે** કહેલા પ્રાકૃત સૂત્રના નિયમો કરતાં આર્ષના પ્રયોગો જુદી રીતના પણ હોય છે, અને તેને માટે **શ્રી હેમચંદ્ર મહારાજને** 'आर्षम्' એ સૂત્ર જુદું જ કરવું પડ્યું છે અને आउंटण વિગેરે શબ્દો પ્રાકૃત વ્યાકરણના નિયમોથી સિદ્ધ નહીં થવાવાળા છતાં એ શબ્દને आकुंचन શબ્દથી સિદ્ધ થયેલો માનીને એ પ્રયોગને સાચો ગણવામાં આવ્યો છે. તો પછી પ્રશ્નનું પસેણ એવું રૂપ સ્પષ્ટપણે પ્રાકૃતમાં બને છે અને પછી તેમાં ઈજ્જ તદ્ધિતપ્રત્યયને અંગે **પસીણ**માંના ઈનો એકાર કરી **પસેણ** ઈજ્જ તરીકે પ્રયોગ કરવામાં આવે તે સમજાય તેવું છતાં અજ્ઞાનવશ ઉથલાવવાની દૃષ્ટિ હોવાથી તેઓને અક્ષમ્ય કે અપ્રયોગ લાગે તેમાં આશ્ચર્ય નથી.

જો કે કેટલાકની હવે દૃષ્ટિ ખુલી હોય એમ જણાય છે, કેમકે એમ ન હોત તો **ભગવતીજી**નું ભાષાંતર વિગેરે પોતાના લખાણમાં **રાજપ્રશ્નીય** અને **રાજપ્રશ્નકૃત** એવા સંસ્કૃત શબ્દો અને **રાયપસેણઇજ્જ** એ પ્રાકૃત શબ્દ કેમ રહેવા દેત અગર લખત? તે અજ્ઞાની **રાયપસેણી**નીની પ્રસ્તાવનામાં લખાયેલી હકીકતમાં ચર્ચાના અને શાસ્ત્રથી વિરૂદ્ધ બાબતો સ્થાને સ્થાને હોવાથી તે ચર્ચવાનું આ સ્થાન નથી, એમ ગણીને તેમ જ શાસનનો સાચો પ્રેમ ધરાવનારા તેના તે પ્રસ્તાવના સંબંધી લખાણ ઉપર યોગ્ય પ્રતિકાર કરશે એમ ધારી આ વિષય આટલેથી જ સમાપ્ત કરવામાં આવે છે.

**આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી** પોતે જણાવેલી પૂજાવિધિ **"સૂત્રથી ઉત્તીર્ણ કે સૂત્રથી વિરૂદ્ધ નથી"** એમ

જણાવવા માટે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે–" **આ પ્રમાણેનો પૂજાવિધિ શ્રી રાયપસેણી સૂત્રમાં પણ કહેવામાં આવેલો છે.**"

**શ્રી રાયપસેણી** સૂત્રમાં ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા જે **સૂર્યાભદેવતાએ** કરી હતી તે જણાવેલ છે, પરંતુ તેવી દેવતાઈ ઋદ્ધિ નહિ પામેલા મનુષ્યો પણ ભગવાન જિનેશ્વર મહારાજની વિસ્તારથી પૂજા કરવા માટે ઉદ્યમવાળા હોય છે, છતાં તેઓને દેવતાઓની માફક દેવતાઈ મંદિરની શોભા કરવાવાળી વસ્તુઓનું પ્રક્ષાલન વિગેરે કરવાનું હોતું નથી, તેને માટે **રાયપસેણીથી** જુદા રૂપે **શ્રી જ્ઞાતાધર્મકથામાં** કહેલો પાઠ ધ્યાનમાં લેવા જેવો છે.

વાચકગણે **શ્રી જ્ઞાતાસૂત્રના** પાઠથી બે વાતોનો નિશ્ચય કરવાનો છે. એક તો જે **સૂર્યાભદેવતા** સમ્યગ્દર્શનને ધારણ કરવાવાળો હતો અને જેના સમ્યગ્દર્શન માટે ભગવાન્ **મહાવીર** મહારાજે ખાતરી આપી છે, તેવા **સૂર્યાભદેવતાએ** કરેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજાનો અતિદેશ અહીં કરવામાં આવ્યો છે અને તેને અંગે जहा सूरियाभे એમ કહેવામાં આવ્યું છે.

## जहा सूरियाभे० નો સંબંધ કોને સંભવે ?

આ સ્થળે સ્પષ્ટ રીતિએ આહ્વાન કરીને કહી શકાય તેમ છે કે–

પ્રતિમાના લોપકો અને ઉત્થાપકો બત્રીસ સૂત્રો કે પીસ્તાલીસ આગમોમાંના મિથ્યાદષ્ટિ દેવતાની પૂજા કરવાની વખતે **સૂર્યાભદેવતાની** ભલામણ કરી હોય તો જાહેર કરે. જ્યાં જ્યાં મિથ્યાદષ્ટિ દેવતાની પૂજાનો અધિકાર સૂત્રોમાં કે આગમોમાં આવે છે ત્યાં ત્યાં સર્વ સ્થાને કાં તો તે પૂજાની વિધિનું વર્ણન હોય છે અને કાં તો जाव० શબ્દ કહીને ભલામણ કરેલી હોય છે, પરન્તુ

કોઈપણ જગો પર મિથ્યાદૃષ્ટિ દેવતા કે મનુષ્યે કરેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા સિવાયની પૂજામાં जहा सूरियामे એમ લખાયેલું જ નથી.

એટલે સ્પષ્ટપણે વાચકવૃંદે માનવું પડશે કે ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા કરતી વખતે **દ્રૌપદી** સમ્યકત્વવાળી જ છે, અને તેથી જ जहा सूरियामे એમ કહી સૂત્રકાર મહારાજે નિશ્ચિત સમ્યગ્દૃષ્ટિ એવા **સૂર્યાભની** ભલામણ કરી છે.

નિયાણું કરવાના પ્રભાવે સમ્યગ્દર્શન ન મળતું હોય એવો જો નિયમ માનવામાં આવે તો વાસુદેવ વિગેરેને સમ્યક્ત્વવાળા માનવાની મુશ્કેલી પડે અને વાસુદેવપણું મળવાથી તે કરેલા નિયાણાનું વિઘ્ન રહેતું નથી, એમ માનવા તરફ દોરાઈ જવાય તો **બ્રહ્મદત્તને** ચક્રવર્તીપણું મળ્યા પછી પણ સમ્યક્ત્વ પામવામાં નિયાણાથી બાંધેલાં કર્મો આડે આવવાવાળાં હોત નહીં.

આ હકીકત ધ્યાનમાં રાખનારો મનુષ્ય–"**નિયાણાથી સમકિત રોકાય જ છે.**" એમ માનવાને કદાપિ તૈયાર થઈ શકે નહિં.

વળી **શ્રીદશાશ્રુતસ્કંધ**માં જણાવેલા નિયાણામાનાં બધાં નિયાણા સમ્યક્ત્વનો ઘાત કરનારાં હોઈ તે નિયાણા કરનારાને બીજે ભવે સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય એવા નિશ્ચયને જણાવનારા નથી, એ વાત તે સૂત્રના વાચકોથી અજાણી નથી.

વળી **દ્રૌપદી** કે જે **નારદઋષિને** પરમ બ્રહ્મચર્યવાળા છે એમ માનવાવાળી અને જાણવાવાળી છતાં અસંયત અને અવિરત હોવા માત્રથી અભ્યુત્થાન અને સત્કારાદિને યોગ્ય ન ગણ્યા અને તેથી અભ્યુત્થાનાદિ ન કર્યાં. યાદવકુલમાં અને વિશેષે કૃષ્ણ મહારાજના રાજદરબારમાં નહિં, પરન્તુ ખુદ **પાંડવોના** કુલમાં પણ

અત્યંત માનપાત્ર થઈ પડેલા એવા **નારદઋષિનું** અસંયતપણા-દિને લીધે અભ્યુત્થાનાદિ ન કરે તે કેટલી બધી દઢ સમ્યક્ત્વવાળી હોવી જોઈએ ?

## સમ્યક્ત્વ પ્રત્યે દ્રૌપદીનો અનન્ય રાગ અને દાઢર્ય

વાચકવૃંદને યાદ હશે કે-ગણાભિયોગ અને બલાભિયોગ-પદથી અન્યતીર્થીય દેવતાઓ અને ગુરૂઓને પણ બલના અભિ-યોગની વખતે માનવાની છૂટ રહે છે, છતાં જે **દ્રૌપદીએ** કુલ અને રાજ્યમાં સારી રીતે મનાયેલા અને સ્થાને સ્થાને કજીયાનાં બી રોપવાવાળા **નારદજીને** માત્ર અસંયતપણાને લીધે અભ્યુત્થા-નાદિ સત્કાર કર્યો નથી તેવી તે **દ્રૌપદીને** જે સમ્યક્ત્વવાળી ન માનવી તે કેવલ પ્રતિમા-લોપકપણાની અને નિર્બુદ્ધિપણાની પરા-કાષ્ઠા કહેવાય

બીજી વાત આ પાઠની ધ્યાનમાં લેવા જેવી છે કે **સૂર્યા-ભદેવતાની** પૂજાની સામાન્ય રીતે અહીં ભલામણ કરવામાં આવ્યા છતાં જિનેશ્વર મહારાજના દર્શનમાં પ્રણામ કરવાની વિધિ શરૂ થયા પછીની વિધિ માટે જ ભલામણ કરવામાં આવી છે એટલું નહીં, પરન્તુ जहा सूरियाभे जिणपडिमाओ अच्चेइ तहेव भाणियव्वं એમ કહી પોતાનો અભિષેક વિગેરેમાં થતો વિધિ અને રંગમંડપમાં કરાયેલી ક્રિયા વિગેરે સર્વને છોડી દઈ માત્ર **સૂર્યાભદેવે** કરેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજાની વિધિની જ ભલામણ કર-વામાં આવી છે.

આવી રીતે **શ્રી દેવેન્દ્રસૂરિજી** મહારાજ **રાયપસેણઈ** અને **જ્ઞાતાધર્મકથાની** અંદર કહેલ પૂજાવિધિની સાક્ષી આપી પૂજાના બાકીના વિધાનને જણાવવા કહે છે કે-

આરાત્રિક સુધીનો બધો વિધિ કરવો, અને આદિ શબ્દથી

મંગલદીવા વિગેરેનું કાર્ય કરવું એમ આચાર્ય મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

## આરતિ મંગલદીપક શું સ-શાસ્ત્ર નથી?

ઉપરની વિધિમાં આરતિ અને મંગલ દીવો કરવાનું જણાવવાથી જેને આજકાલના કેટલાક અજ્ઞાની ભદ્રિકલોકો અથવા તો પ્રચ્છન્ન-લુંપકો વનસ્પતિના જીવોની વિરાધનાને નામે ભગવાનની પુષ્પપૂજા વિગેરેમાં ભ્રમ ઉત્પન્ન કરી વિઘ્ન ઉત્પન્ન કરનારા થાય છે, તેવી રીતે **આચાર્ય શ્રીદેવેન્દ્રસૂરિજી** મહારાજના વખતે પણ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિકની આવશ્યકતાને નહિ સમજનારની માફક આરતિ અને મંગલદીવાની વિધિને નહિ સમજનાર અગર નહિ માનનાર કેટલાક અજ્ઞાની ભદ્રિક લોકો હતા, અગર જેના મતનું અત્યારે પ્રાબલ્ય નથી તેવો આરતિ અને મંગલદીવાને ઉડાવનાર મત હતો અને તે તરફથી પૂરતા જોશમાં ભ્રમ પેદા કરવામાં આવતો હતો, તેને અંગે આચાર્ય મહારાજ આરતિ-મંગલદીવાને અંગે શંકા જણાવી સમાધાન કરે છે.

શંકાકાર કહે છે કે-આરાત્રિક-પૂજાનું કરવું કોઈ પણ રીતે ઉચિત નથી. કેમકે તે આરતિમાં પ્રત્યક્ષપણે ત્રસ અને સ્થાવર જીવોનો વધ થતો હોવાથી દોષ લાગે છે.

આવી શંકાના સમાધાનમાં **શ્રી દેવેન્દ્રસૂરિજી** મહારાજ ફરમાવે છે કે અભિષેક, પુષ્પ, ધૂપ, દીપ, ચામર એ સર્વ દ્રવ્યસ્તવોમાં જો કે ત્રસ અને સ્થાવર જીવોની પ્રત્યક્ષ વિરાધના છે, છતાં જેમ સાધુ-મહાત્મા સંયમના સાધનને માટે પ્રત્યક્ષ ત્રસ અને સ્થાવર જીવોની વિરાધના છતાં અને છ કાયની હિંસાનો ત્યાગ છતાં નદીમાં ઉતરે છે, પરંતુ તે નદીમાં ઉતરવામાં મહાત્માઓને યતનાથી પ્રવર્તવું એજ ખરું આલંબન રહે છે,

તેવી રીતે અભિષેકાદિ દ્રવ્ય-પૂજામાં પણ દ્રવ્ય-પૂજાના ઉપયોગમાં આવતા પદાર્થ સિવાય બીજા જીવોની યતના કરવાનું શ્રાવકોને આવશ્યક છે, અને તેથી પ્રક્ષાલન કરવા પહેલાં મોર પીંછીથી પ્રમાર્જન કરવામાં આવે છે. કીટકાદિકે સહિત ફૂલ કે ફલો ધરાવવાનો નિષેધ કરવામાં આવે છે.

**"તેથી જયણાપૂર્વક દ્રવ્ય સ્તવમાં પ્રવર્તવાવાળાને કોઈ પણ પ્રકારે પાપનો બંધ થતો નથી, પરંતુ મુખ્યતાએ નિર્જરા જ થાય છે. અને કથંચિત્ પુણ્યબંધ પણ થાય છે."**

આ સ્થાને કેટલાક શાસ્ત્રથી વિરુદ્ધ પદાર્થને માનનારા તથા બોલનારા ત્રિપાદો હોય છે, તેઓ એમ બોલે છે કે—

દ્રવ્ય-પૂજામાં તે પૂજા કરનારને અલ્પ તો પાપનો બંધ હોય છે. આવું કહેનારે કોઈ પણ પ્રકારે શાસ્ત્રનો વિચાર કર્યો નથી, કારણ કે પૂ૦ આ૦ શ્રી **હરિભદ્રસૂરિજી આવશ્યક વૃત્તિમાં અર્હચ્ચૈત્યસ્તવની** ટીકા કરતાં સ્પષ્ટપણે જણાવે છે કે— **દ્રવ્યસ્તવની અંદર અસંયમ થતાં બંધાયેલું કર્મ અને બીજું પણ કર્મ તે પૂજાના પરિણામથી નાશ પામે છે."** જુઓ તે પાઠ—

"एवं दव्वत्थए जइवि असंजमो तहावि तओ चेव सा परिणामसुद्धी हवइ जाए असंजमोवज्जियं अण्णं च णिरवसेसं खवेइत्ति"

## બહુ નિર્જરા અને અલ્પ પાપ શામાં?

આ પાઠ જોનારો મનુષ્ય જો શ્રદ્ધાવાળો હશે તો કોઈ દિવસ પણ એવું નહિ માને અગર બોલે કે **"ભગવાન જિનેશ્વર-મહારાજની પૂજામાં અલ્પ પણ પાપનો બંધ થાય છે.** તે અલ્પ પાપનો બંધ કહેનારા એટલું પણ વિચારી

શકતા નથી કે ભગવાન જિનેશ્વર-મહારાજની પૂજામાં અલ્પ પણ જો પાપનો બંધ હોય તો પછી ત્રિવિધ ત્રિવિધ પાપના વ્યાપારથી વિરમેલા સાધુ મહાત્માઓથી ભગવાન જિનેશ્વર-મહારાજની પૂજાનો ઉપદેશ કેમ દઈ શકાય? શું સાધુ મહાત્માઓને અલ્પ પણ પાપના કાર્યનો ઉપદેશ દેવાની છૂટ હોઈ શકે ખરી?

જો કદાચ શાસ્ત્રને કોરાણે રાખીને તે વાત કબુલ કરવામાં આવે તો પછી સાધુ-મહારાજાઓને આધાકર્મી આહાર-પાણી દેવું જોઈએ. તેવી પ્રરૂપણા પણ કરવામાં વાંધો લેવાય નહીં. કારણ કે સાધુ-મહાત્માઓને બેંતાલીસ દોષોએ રહિત એવા આહાર-પાણી વહોરાવવામાં એકાંત નિર્જરા છે, પરંતુ આધાકર્મ આદિદોષવાળું આહાર પાણી જો સાધુ-મહાત્માઓને વહોરાવવામાં આવે તો તેમાં શાસ્ત્રકારો ફરમાવે છે કે બહુ નિર્જરા છે ખરી પણ અલ્પ પાપ બંધ પણ છે એટલે ભગવાન જિનેશ્વરની પૂજામાં અલ્પ પાપ માન્યા છતાં જો તે કરવાનો ઉપદેશ દેવામાં સાધુ-મહાત્માઓને અડચણ ન હોય તો આધાકર્મી આદિ આહાર પાણી દેવાનો ઉપદેશ આપવામાં પણ અડચણ લેવી જોઈએ નહિ.

પરંતુ સુજ્ઞ-મનુષ્યો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે શાસ્ત્રકાર-મહારાજાઓ તો શું? પરંતુ તે શાસ્ત્ર-વિરૂદ્ધ બોલનારાઓ પણ એવું નથી કહેતા કે "શ્રાવકોએ સાધુ મહાત્માઓને આધાકર્મી આદિ દોષવાળો આહાર આપવો."

આ બધી હકીકત વિચારતા સુજ્ઞ-મનુષ્યને સહેજે માલમ પડશે કે ભગવાન જિનેશ્વર મહારાજની પૂજાનો ઉપદેશ શાસ્ત્રકારો આપે છે, તેમ શાસ્ત્રનું રહસ્ય નહિં સમજનારા તથા શાસ્ત્રના પરમાર્થથી વિરૂદ્ધ પ્રરૂપણાઓ કરનારાઓ પણ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજાનો ઉપદેશ આપે છે.

એટલે જો પૂજા કરવામાં અલ્પ પણ પાપનો બંધ ભવાંતરે ભોગવવાનો થતો હોય તો અશુદ્ધ આહારને દેવાના ઉપદેશની માફક શાસ્ત્રકાર – મહારાજથી કે તે શાસ્ત્રવિરૂદ્ધ બોલનારાઓથી તે પૂજાનો ઉપદેશ આપી શકાત નહિં.

વાચકવૃંદ સ્હેજે સમજી શકશે કે સાધુ મહાત્માઓને અશુદ્ધ આહાર-પાણી દેવાનો ઉપદેશ નહિં આપવામાં શાસ્ત્રકાર-મહારાજાઓ અને તે નવીનમતીઓને પણ એમ લાગે છે કે તે અલ્પ પાપ અને બહુ નિર્જરાવાળા કાર્યનો ઉપદેશ દેવાથી પોતાની ત્રિવિધ-ત્રિવિધ વિરતિને બાધ આવે, જો પૂજાની અંદર પણ અલ્પ પાપ અને બહુ નિર્જરા હોય તો તે પૂજાનો ઉપદેશ આપતાં પણ અલ્પ પાપ અને બહુ નિર્જરાની અનુમોદના થતાં તે અલ્પ-પાપની અનુમોદનાને લીધે પોતાની ત્રિવિધ-ત્રિવિધ વિરતિને બાધ કેમ નહિં આવે ?

આ વસ્તુ બારીક દૃષ્ટિથી વિચારવામાં આવશે તો સ્પષ્ટ માલમ પડશે કે ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં ભવાંતરે વેદવું પડે તેવું અગર કાલાંતરમાં ટકે તેવું અલ્પ પણ પાપ છે એમ માની શકાય નહિં.

તે નવીન-પંથીઓએ ધ્યાન રાખવાની જરૂર છે કે બેંતાલીસ દોષે શુદ્ધ એવાં આહાર-પાણી જે મહાત્માઓને આપવામાં આવે છે તે એકાંત નિર્જરા કરાવનાર છે, છતાં તે અશનાદિકની ઉત્પત્તિ નિરારંભપણાથી તો નથી.

શું સાધુને આશ્રયીને આહાર-પાણી નિષ્પાદન કરવામાં આવે, તેમાં જ ગૃહસ્થને આરંભ લાગે છે અને તેથી અલ્પ પાપ બંધાય છે તથા પોતાને નિમિત્તે ઉત્પન્ન કરવામાં આવતા અશનાદિમાં આરંભ થાય છે, છતાં તેમાં કંઈ પણ પાપ બંધાતું

નથી ? એમ માનવા કોઈ તૈયાર છે ? કહેવું જોઈએ કે ચ્હાય તો સાધુ-નિમિત્તે અશનાદિ તૈયાર કરવામાં આવે અગર પોતાને માટે કે પોતાના કુટુંબાદિકને માટે અશનાદિ તૈયાર કરવામાં આવે પણ તે બંનેમાં અગ્નિઆદિ છએ કાયાનો આરંભ તો સરખો જ છે, છતાં સાધુને નિમિત્તે અશનાદિ બનાવીને દાન દેનારાને ભવાંતરમાં વેદવું પડે તેવું અલ્પ પાપ શાસ્ત્રકારોએ જણાવ્યું અને પોતાને કે પોતાના કુટુંબને માટે આરંભ કરીને પણ નિપજાવેલા અશનાદિકનું સાધુ-મહાત્માને દાન દેવાથી અલ્પ પાપ જણાવવામાં આવ્યું છે તે દાનાદિકને માટે સાધુને ઉદ્દેશીને અશનાદિ તૈયાર કરવામાં આવે છે, તેમાં થતા આરંભાદિકને અંગે નથી, પરંતુ **સંયમની શુદ્ધતા અને મલિનતાનો ખ્યાલ જે અશુદ્ધ દાન દેનારે રાખ્યો નહીં, તેથી જ તેને અલ્પ પાપ બાંધવાનો વખત આવ્યો ?**

આ હકીકત વિચારીશું ત્યારે શાસ્ત્રકારોએ જણાવેલા આતુર અને લુબ્ધકના દૃષ્ટાંતને આહાર-પાણીના દાનના વિષયમાં ગોઠવેલું યોગ્ય ગણી શકીશું, એટલું જ નહિ, પરંતુ ટીકાકાર મહારાજ **શ્રી અભયદેવસૂરિએ** એ સૂત્રનું વિવેચન કરતાં ગુણવાન્ પાત્રને અશુદ્ધ દેવાનો પ્રસંગ આવે તો પણ તે કથંચિત્ ઈષ્ટ ગણેલો છે, તથા તેજના ઐદંપર્યના કથનમાં દાતારના આત્માની પરિણામદશાને પ્રામાણિક ગણીને परिणामियं पमाणं એવી શાસ્ત્ર-સાક્ષીની સાથે ઉપસંહારમાં જે જણાવ્યું છે તે યોગ્ય ગણાશે.

વળી શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજા જેવા નિરતિચાર ચારિત્ર અને શુદ્ધ સ્વરૂપને ધારણ કરનારા તથા યથાખ્યાત-ચારિત્રથી અલંકૃત તથા વજ્રઋષભનારાચ સંઘયણના માલિક હોવાને લીધે આત્મા અને શરીરના સામર્થ્યમાં કિંચિન્માત્ર પણ ક્ષતિ આવે તેવું ન્હોતું, છતાં તે શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજના લોહીખંડા નામના રોગના ઉપચારને માટે **રેવતી**

શ્રાવિકાએ ખુદ ભગવાનને ઉદ્દેશીને જ પાક તૈયાર કર્યો હતો. છતાં તેથી રેવતી શ્રાવિકાને અલ્પ પણ ભવાંતરમાં વેદવા લાયક પાપનો થયો હતો કે થાય એમ શાસ્ત્રના વચનોથી જણાતું નથી. એટલું જ નહિ, પરંતુ જે શુદ્ધતમ પરિણતિને અંગે તીર્થંકર ગોત્ર બંધાય છે, તેવું તીર્થંકર ગોત્ર તે **રેવતી** શ્રાવિકાએ તો બાંધેલું છે.

આ વસ્તુ વિચારતાં સ્પષ્ટ કહેવું જોઈશે કે **અનેષણીય કે અપ્રાસુક એવું દાન દેવામાં જે અલ્પ પાપ છે, તે સંયમની શુદ્ધતાની નિરપેક્ષતાને લીધે છે.** એટલા જ માટે ભગવાન જિનેશ્વર–મહારાજની પૂજાનો ઉપદેશ દરેક શાસ્ત્રકારો આપે છે અને અશુદ્ધ દાન દેવાનો ઉપદેશ વ્યવહારથી પણ સંયમની નિરપેક્ષતાવાળો હોવાથી અપાતો નથી.

તે માટે વ્યવહારથી પણ અશુદ્ધ અને અપ્રાસુક દાનમાં ભવાંતરે વેદવા લાયક એવો અલ્પ પાપનો બંધ માનીએ, તોપણ ભગવાન જિનેશ્વર–મહારાજની પૂજામાં તેવા અલ્પ પણ પાપનો બંધ સમ્યગ્દૃષ્ટિ સુજ્ઞ મનુષ્ય કદાપિ માની શકે નહિ.

આ સ્થાને કદાચ એમ કહેવામાં આવે કે પૂ૦ આ૦ શ્રી હરિભદ્રસૂરિજીએ અષ્ટક નામના પ્રકરણની અંદર દ્રવ્ય–પૂજાને જણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું सङ्कीर्णैषा स्वरूपेण અર્થાત્ ભગવાન જિનેશ્વર–મહારાજની અષ્ટપુષ્પીરૂપી દ્રવ્ય–પૂજા સ્વરૂપ–હિંસાએ કરીને મિશ્રિત થયેલી છે, એમ મૂલમાં જણાવાયેલું છે અને ટીકાકાર મહારાજ શ્રી જિનેશ્વરસૂરિજી તથા તે ટીકાને શોધનાર પૂ. આ. શ્રી અભયદેવસૂરિજી મહારાજ તે પુષ્પ પૂજા વિગેરે દ્રવ્યસ્તવના વખતમાં સ્વરૂપથી હિંસા જ્યારે કબૂલ પણ કરે છે, તો પછી જિનેશ્વર–ભગવાનની પૂજામાં અલ્પ પાપ કેમ નહિ માનવું ?

આવું કહેનારે દીર્ઘદૃષ્ટિ રાખીને વિચારવું જોઈએ કે સર્વ–સાવદ્યનો ત્યાગ કરીને સાધુપણું લેનારા સાધુ–મહાત્માઓ પણ

જ્યારે વિહારના પ્રસંગે નદી ઉતરે છે, ત્યારે તેઓને પણ અપકાયાદિને અંગે સ્વરૂપહિંસા રહેલી છે કે કેમ! અને સ્વરૂપ-હિંસાથી નદી ઉતરનાર સાધુને ભવાંતરમાં વેદવું પડે એવું અલ્પ પાપ તે નદી ઉતરનાર સાધુ-મહાત્માને બંધાય છે, એમ મનાય ખરું? સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે સાધુ-મહાત્માઓ મહાવ્રતધારી થઈને નદી ઉતરે, ત્યારે નદી ઉતરવાને અંગે તેઓને સ્વરૂપહિંસા છતાં ભવાંતરે વેદવું પડે તેવું અલ્પ પાપ બંધાય છે એમ માની શકાય નહિં.

વળી જો તેવી રીતે સ્વરૂપ-હિંસાને અંગે ભવાંતરે વેદવું પડે તેવું અલ્પ પાપ માનવામાં આવે તો હ્રદ, નદી અને સમુદ્ર જેવા જલાશયોમાં સિદ્ધિપદ મેળવવાનું જે શાસ્ત્રકાર ફરમાવે છે તે માની શકાય નહિં, અને જો તે ઉતરવાથી અલ્પ પણ પાપ ભવાંતરે વેદવા લાયક બંધાતું હોય તો ભગવાન્ જિનેશ્વર મહારાજ તેઓને નદી ઉતરવાની આજ્ઞા આપે નહિં. તથા ખુદ ભગવાન્ જિનેશ્વર મહારાજ જે નદી ઉતર્યા તે ઉતરત નહિં. માટે નિઃશંકપણે માનવું જ જોઈએ કે "**સ્વરૂપ હિંસાથી અલ્પ પણ ભવાંતરે વેદવા લાયક પાપ બંધાય છે,**" એમ કહેવાય નહિં.

વળી **પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી** તથા **શ્રી આવશ્યક ચૂર્ણિકાર મહારાજા શ્રી આવશ્યકની** વૃત્તિ અને ચૂર્ણિમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કે-

"જિનેશ્વર મહારાજની પુષ્પાદિ-દ્રવ્યપૂજામાં થયેલા અસંજમથી જે કર્મ ઉત્પન્ન થાય તે બધું કર્મ અને બીજું પણ કર્મ પૂજાના અધ્યવસાય એટલે પરિણામથી જ નાશ પામે છે."

આ વસ્તુ વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે પૂજામાં થયેલી વિરાધના કે જે સ્વરૂપ હિંસારૂપ છે, તેનાથી ભવાંતરે વેદવું પડે તેવું પાપકર્મ અંશે પણ બંધાતું નથી.

આ સ્થાને શાસ્ત્રના રહસ્યને નહિં સમજનારા કેટલાક મહાનુભાવો **શ્રી પંચાશકસૂત્ર અને શ્રી સ્થાનાંગજીની ટીકાનો** આધાર લઈને ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં સ્વરૂપ-હિંસાને લીધે પણ ભવાંતરમાં વેદવા લાયક અલ્પ પાપ પણ બંધાય છે, એમ માનવા અને પ્રરૂપવા તૈયાર થાય છે પરંતુ તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે **શ્રી સ્થાનાંગજી, શ્રી ભગવતીજી અને શ્રી પંચાશક** વિગેરેની ટીકાઓમાં તે અલ્પ પાપને બાંધનાર પાપનું વર્ણન કરતાં **જિનેશ્વર મહારાજના ગુણમાં પક્ષપાતી હોય એમ જણાવ્યું છે.** અર્થાત્ ગુણાનુરાગીપણું જે નિર્જરાનું આવશ્યક અંગ છે ત્યાં તે લેવામાં આવ્યું નથી, તેમ જ ત્યાં જલ કે પુષ્પ વિગેરેની થતી હિંસા નહિં લેતાં પૂજામાં ઉપયોગી નહિં એવી પૃથ્વી-કાયાદિની હિંસા લીધી છે.

એટલે કહેવું જોઈએ કે યથાસ્થિત જૈનપણાને કે જૈનધર્મને નહિં સમજનાર એવો ભદ્રિક શ્રાવક માત્ર પોતાના જૈનપણાને આગળ કરીને પૂજામાં ઉપયોગી નહીં એવી પૃથ્વી આદિ કાયોની યતના અને વિવેક–રહિતપણાને અંગે થતી હિંસાની અપેક્ષાએ તેમ જ જુઠા દસ્તાવેજો, જુઠી સાક્ષીઓ આદિ અનર્થો મૃષાવાદ સંબંધીના કરીને યાવત્ ચોરી કરીને, લુંટ કરીને કે ધાડ પાડીને પણ મેળવેલું ધન જો પૂજાના ઉપયોગમાં લેવામાં આવે તો તેવાઓને પણ ભવાંતરે વેદવા લાયક માત્ર અલ્પ જ પાપ બંધાય, પણ નિર્જરા ઘણી થાય, અગર શુભ જ અલ્પાયુષ્ય બાંધે એમ ચોક્ખું છે.

આ વાત ધ્યાનમાં લઈશું ત્યારે **પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ** ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમા કરાવવામાં દેરાસર કરાવવામાં અને પ્રતિષ્ઠા કરાવવામાં દ્રવ્યની શુદ્ધિની વાતને સ્વાશયવૃદ્ધિને નામે મોટું સ્થાન કેમ આપ્યું છે? તે સમજાશે.

ઉપરની બધી હકીકત વિચારનારો મનુષ્ય ભગવાન્ જિનેશ્વર મહારાજની પુષ્પાદિ દ્રવ્યપૂજામાં સ્વરૂપથી જો કે વિરાધના થાય છે એમ માનશે છતાં સાધુઓને નદી ઉતરતાં થતી વિરાધનાની માફક માત્ર સ્વરૂપથી જ હિંસા છે એમ માનીને ભગવાનની પુષ્પાદિ પૂજામાં અંશે પણ પરભવે વેદવું પડે એવા પાપનો બંધ તો માનશે, નહિ, અને જેઓ તેવું અલ્પ પાપ બંધાય છે એમ કહેનારા હોય તેઓને પોતાના વચનથી મહાવ્રતને ખંડન કરનારા માનવા સાથે સૂત્રથી વિરૂદ્ધ બોલનારા અને માનનારા માનીને તેઓના સંસર્ગને ત્રિવિધ-ત્રિવિધ વોસરાવી દેશે.

ચાલુ અધિકારમાં ઉપરની હકીકત ધ્યાનમાં લેનારા મનુષ્યને યતના પૂર્વક થતી દ્રવ્યપૂજા શાસ્ત્રમાં જણાવેલા કૂવાના દૃષ્ટાંતથી શ્રાવકને હિત કરનારી છે એ સ્પષ્ટ માલમ પડશે.

આ માટે શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ આરતિ અને મંગલદીવાને જન્તુ-વિરાધના આદિ દોષોના નામે અયુક્ત માનનારાઓ પ્રત્યે કહે છે કે પુષ્પપૂજાદિકરૂપી બધી દ્રવ્યસ્તવમાં યતનાપૂર્વક પ્રવર્ત્તવાવાળા શ્રાવકને કુવાના દૃષ્ટાંતથી પ્રવર્ત્તવાનું હોય છે. અર્થત્ કુવો ખોદતાં શરીર અને લુગડાં મેલા થાય છે અને ખોદવાના શ્રમથી તરસ વિગેરે પણ લાગે છે, છતાં તે ખોદેલા કુવામાંથી નીકળેલા પાણીનો ઉપયોગ કરવાથી શરીર અને લુગડાં મૂલથી મેલાં હોય તો પણ ચોક્ખાં થાય છે, અને ખોદવાથી લાગેલી તૃષા પણ તેના પાણીથી જ શાંત થાય છે.

સામાન્ય રીતે કેટલાક શાસ્ત્રકારો જ્યારે આવી રીતે કુવો ખોદવાના ઉદાહરણને જોડે છે, ત્યારે કેટલાક મહાનુભાવો તો નદી આદિ પાણીના વહનના પરિશ્રમ કરતાં કુવાના પરિશ્રમમાં વિશિષ્ટતા માનીને એ કુવો ખોદવાના ઉદાહરણને એવી રીતે જોડવા તૈયાર થાય છે કે જેમ કુવો ખોદીને પાણી કહાડતાં તે ખોદનારની તૃષા અને મલ વિગેરે જેમ દૂર થાય છે, તેવી

જ રીતે બીજા પણ મનુષ્યોની તૃષા અને મલ તે કુવાના જલથી દૂર થાય તે સ્વાભાવિક છે, અને તે કુવો ખોદવાને અંગે રહેલું લોકદૃષ્ટિએ જે સ્વ અને પરને ઉપકારીપણું છે, તેનું જોડવાનું આ દૃષ્ટાંતથી લે છે, અને જણાવે છે કે જેમ કૂવો ખોદવાથી પોતાના ઉપદ્રવનો નાશ થવા સાથે પોતાને અને પરને ઉપકાર થાય છે.

તેવી રીતે આ દ્રવ્યસ્તવથી તે દ્રવ્યસ્તવને કરનારા આત્માને તથા તે દ્રવ્યસ્તવને દેખનારા મહાનુભાવોના આત્માઓને પણ નિર્મલ કરનારો થાય છે. જો કે કેટલીક જગોપર શાસ્ત્રકારો દ્રવ્યસ્તવના કરનાર જે આત્માઓ હોય તેઓને અંગે વિરાધનાના પરિહારમાં આ કુવાનું દૃષ્ટાંત જોડે છે, પરંતુ તે તે સ્થળે દ્રવ્યસ્તવ કરનાર આત્માને લાગેલી વિરાધનાના જવાબનો પ્રસંગ હોવાથી તે કુવાના દૃષ્ટાંતને માત્ર દ્રવ્યસ્તવ કરનારના આત્માની સાથે વિરાધનના પરિહારમાં જોડવું પડે તેમાં આશ્ચર્ય નથી ?

આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી પણ એ દ્રવ્યસ્તવને અંગે દેવાતા કુવાના દૃષ્ટાંતને સાક્ષાત્ નહીં પણ અર્થાપત્તિથી પરોપકારને અંગે જોડે છે અને તેથી જણાવે છે કે યતના-પૂર્વક કરાતો તે દ્રવ્યસ્તવ શ્રાવકને ઘણી જ પવિત્રતાનું એટલે પુણ્યબંધનું અને નિર્જરાનું કારણ છે અને તેથી જ દ્રવ્યસ્તવમાં આરતિ મંગલદીવો આદિ કરવાં તે યોગ્ય જ છે.

ઉપર જણાવેલી પવિત્રતાના હેતુ તરીકે આચાર્ય મહારાજ બે વસ્તુ જણાવે છે અને તે એ કે એક તો તે દ્રવ્યસ્તવ કરનારા શ્રાવકના આત્માને અત્યંત હર્ષ થાય. એ એક હેતુની સાથે બીજો હેતુ એ પણ સ્પષ્ટપણે જણાવે છે કે શાસનની ઉન્નતિ વિગેરેને કરનાર તે દ્રવ્યસ્તવ થાય, અને તેથી તે દ્રવ્યસ્તવના કરનારને ઘણી પવિત્રતાનું સ્થાન ગણ્યું છે. [ માટે તે દ્રવ્યસ્તવ શ્રાવકોને કરવો યોગ્ય છે. ]

ઘણી પવિત્રતાના કારણ તરીકે આરતિ—મંગળદીવાની યોગ્યતા જણાવ્યા પછી બીજા હેતુ તરીકે જણાવે છે કે અત્યંત પ્રસિદ્ધ એવા પૂર્વધર વિગેરે મહાપુરુષોએ અવિરુદ્ધપણે આ મંગલદીપ આદિ દ્રવ્યસ્તવનું આચરણ કરેલું છે માટે તે યોગ્ય છે.

આ સ્થાને આચાર્ય ભગવંત આચરણની અંદર જે બે વિશેષણો આપે છે તે ખરેખર વિચારવા જેવાં છે. તેઓ એક વિશેષણ તો બહુખ્યાત એમ કહીને આપે છે અને બીજું વિશેષણ અવિરુદ્ધ એમ કહીને આપે છે. અર્થાત્ આચરવા લાયક એવો આચરણાનો વિષય તે જ ગણાય કે જે બહુ પ્રસિદ્ધ પુરુષો તરફથી આચરાયેલો હોય, તથા પ્રવર્તેલો હોય, અને જે વિષયનો શાસનના ધુરંધરોએ વિરોધ કરેલો ન હોય. (ક્રમશઃ)

મોક્ષ એ મહોલાત તરીકે છે, અને ધર્મ એ તો એ મહોલાતમાં જવા માટેના વાહન તરીકે છે.

એટલા જ માટે તમારે સમજવાનું છે કે, શ્રીમાન્ તીર્થંકર દેવોને મોઢે, ગુરૂદેવોને મોઢે, શાસ્ત્રો દ્વારા ધર્મની જે વાતો થાય છે, તે બીજા કશા માટે નહિં, પરંતુ એક મહા મહોલાતમાં પહોંચવા માટે છે.

જ્યાં તમે મહોલાતમાં પહોંચી ગયા કે તે પછી તમોને એની જરૂર રહેવા પામતી નથી. તીર્થંકર ભગવાનને આપણે નમસ્કાર કરીએ, તેનું કારણ પણ એ જ છે, કે, તેઓશ્રી આપણને મોક્ષ માર્ગ બતાવે છે.

જો તેઓ મોક્ષ માર્ગના શોધક, પ્રરૂપક અને પ્રચારક ન હોત તો આપણે તેમને નમત ખરા ?

તેઓ તીર્થંકરના પૂર્વ સમયમાં રાજકુમારો હતા, અથવા સમૃદ્ધિશાળી હતા તે માટે કદી નમસ્કાર ન કરત.

તેમને નમસ્કાર કરવાનું કારણ એ છે, કે તેમણે આપણને ધર્મ અને મોક્ષ બતાવ્યો છે.

જેમ તીર્થંકર ભગવાનો આપણને ધર્મ અને મોક્ષ બતાવે છે તે જ પ્રમાણે ગુરુઓ પણ એજ વસ્તુ બતાવવાવાળા છે. ગુરુઓ જનતાને મોક્ષમાર્ગે પ્રવેશ કરવામાં મદદ કરવાવાળા હોય છે; તેથી જ આપણે શ્રીમાન જૈન ગુરુદેવોને પણ આરાધવાના છે.

# આગમજ્યોત

| વીર નિ. સં. | અહિંસા-દયાનું | વિ. સં. |
| --- | --- | --- |
| ૨૫૦૬ | રહસ્ય | ૨૦૩૬ |
| વર્ષ | | પુસ્તક |
| ૧૫ | | ૨ |


## પ્રાણાતિપાત વિરતિ કેમ ?

જૈનજનતામાં એ વાત તો સ્પષ્ટપણે જાણીતી છે કે અનાદિ-કાળથી પ્રવર્ત્તી રહેલા જૈનધર્મમાં સાધુઓની ફરજ તરીકે પ્રાણા-તિપાત-વિરમણ આદિ પાંચ મહાવ્રતો અને રાત્રિભોજનની વિરતિ સાથે લઈએ તો ૬ વ્રતો ગણવામાં આવે છે.

જો કે અન્યદર્શનકારો અને મતવાળાઓ હિંસા આદિથી નિવૃત્તિના આ પંચકને યમશબ્દથી, શિક્ષાશબ્દથી કે એવા જ સારા શબ્દથી નવાજીને હિંસાદિકથી સર્વથા નિવૃત્તિને સાધુધર્મને માટે ઈષ્ટ તરીકે ગણે છે, પરન્તુ ત્રિકાલાબાધિત અખંડ પ્રભાવ-શાળી જૈનશાસનમાં એ પાંચેને મહાવ્રત તરીકે ઓળખાવવા સાથે પ્હેલા મહાવ્રતની વિશિષ્ટતા ગણવામાં આવી છે.

જૈનશાસને પ્રાણાતિપાતવિરતિ એ નામનું પ્હેલું વ્રત માનેલું છે. બીજા દર્શનકારોએ જ્યારે હિંસાની નિવૃત્તિરૂપે કે અહિંસારૂપે પ્હેલું વ્રત માનેલું છે, તો પછી જૈનદર્શનમાં પ્રાણા-

તિપાતવિરમણને પહેલા મહાવ્રત તરીકે માનવામાં વિશિષ્ટતા કઈ છે ? તે સમજવું જોઈએ.

જૈનદર્શનને જાણનારો વર્ગ સારી પેઠે સમજી શકે છે કે સર્વસાવદ્યનો ત્યાગ કરનારો સાધુવર્ગ સર્વ જીવોના પ્રાણાતિપાતની વિરતિ કરી શકે, પરન્તુ ગૃહસ્થપણામાં રહેલો ખેતીઆદિકના આરંભથી અને પશુના પાલનઆદિથી કે કુટુંબની સંભાળથી ગુંચવાયેલો હોઈને સર્વ જીવોના પ્રાણોના અતિપાતથી બચી શકે નહિ. અર્થાત્ તે ધર્મપરાયણ ગૃહસ્થવર્ગ ત્રસજીવોના પ્રાણોના અતિપાતથી બચવાનું વ્રત લઈ શકે.

એટલે સર્વ–જીવોના પ્રાણોના અતિપાતથી બચવું અને ત્રસ–જીવોના પ્રાણોના અતિપાતથી બચવું એ બે વિભાગ પ્રાણાતિપાતશબ્દ રાખવાથી બની શકે છે.

સાધુ–મહાત્માની તે પ્રતિજ્ઞાને મહાવ્રત કહેવામાં આવે છે અને ગૃહસ્થની પૂર્વે જણાવેલી પ્રતિજ્ઞાને અણુવ્રત તરીકે કહેવામાં આવે છે.

જો કે પૃથ્વીકાય–અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાયને જેવા સ્પર્શેન્દ્રિય–કાયબળ–શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એવા ચાર પ્રાણો હોય છે, તેવા ચાર પ્રાણો બેઇંદ્રિય–તેઇંદ્રિય–ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય તરીકે ગણાતા જીવો કે જેઓ છ–સાત–આઠ અને દસ પ્રાણોને ધારણ કરનારા છે, તેઓને પણ તે (સ્પર્શેન્દ્રિય આદિ ચાર પ્રાણો તો એકેન્દ્રિયાદિની માફક) ચાર પ્રાણ હોય છે, એટલે કહેવું જોઈએ કે એકેન્દ્રિયને મળેલા શરીરાદિક જે ચાર પ્રાણોની વિરતિ શ્રાવકે ન કરી તે ચાર પ્રાણોના નાશની વિરતિ બેન્દ્રિયાદિની અપેક્ષાએ અવશ્ય કરે અને કરવી જોઈએ. એટલે પ્રાણના નાશથી વિરતિ કરવા રૂપ વ્રત રાખવાથી સર્વવિરતિ અને દેશવિરતિ અથવા મ્હોટી વિરતિ, ન્હાની વિરતિ જેવા વિભાગો થઈ શકે.

## પ્રાણના નાશનું પાપ કેવું ?

આ જગો પર એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જૈનશાસ્ત્રકારો સ્પર્શેન્દ્રિયાદિ પ્રાણોના નાશને લીધે થવાવાળા પાપોની તીવ્રતા કે મંદતા કેવલ પ્રાણોના નાશ ઉપર નથી રાખતા, પરન્તુ તે પ્રાણને ધારણ કરનારા પ્રાણીની મહત્તા અને અલ્પતા ઉપર તેના પ્રાણના નાશની મહત્તા અને અલ્પતા રાખે છે.

આ વસ્તુ સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે શાસ્ત્રકારોએ પંચેન્દ્રિયના વધમાં અને માંસ કે જે ત્રસજીવોના શરીરરૂપ છે, તેના ભક્ષણમાં નરકે જવા જેટલું પાપ કેમ બતાવ્યું છે ?

શાસ્ત્રકારોએ જગો જગો પર નરકના કારણોને દેખાડતાં પંચેન્દ્રિયજીવની હિંસા અને માંસાહારને જણાવ્યાં છે કે જે કોઈ કાળે પણ અનંતજીવ તો શું ? અસંખ્યાત જીવ તો શું ? પરન્તુ સંખ્યાત જીવોએ બનાવેલા શરીર રૂપ પણ હોતા નથી, છતાં તેના ફલ તરીકે નરકમાં ભોગવવા લાયક ઘોર પાપો બાંધવાનું જણાવ્યું છે, પરન્તુ અસંખ્યાતજીવોએ બનાવેલા શરીરેથી દશ્યપણું પામનારા, સંખ્યાતજીવોએ બનાવેલા શરીરથી દશ્યપણું પામનારા અને યાવત્ અનંતજીવોએ બનાવેલા શરીરોથી દશ્યપણું પામનારાં એવા અસંખ્યાત જીવવાળા સંખ્યાત જીવવાળા અને અનંત જીવવાળા એકેન્દ્રિય જીવોનો પચ્ચક્ખાણ કરવા તૈયાર થાય અને માંસાહાર ચાલુ રાખો તો સાધુ મુનિઓ તે મનુષ્યને કહેવા પ્રમાણે પચ્ચક્ખાણ આપી દેશે કે અન્નાદિકની છુટી રાખે તોપણ માંસના જ પચ્ચક્ખાણ આપવા માટે તૈયાર કરશે ?

શાસ્ત્રકારોએ પણ વ્રતોની વ્યાખ્યા કરતાં ત્રસ-જીવોના વધની નિવૃત્તિનેજ પ્રથમ સ્થાન આપેલું છે. કોઈ પણ શાસ્ત્રકારે એવી વાતને સ્થાન આપ્યું નથી કે ત્રસ-જીવોના વધની નિવૃત્તિ

સિવાય સ્થાવર-જીવોના વધની નિવૃત્તિથી દેશવિરતિ કે વિરતિ થાય. વળી જે મનુષ્યો માંસનું કુલ-રિવાજથી ભક્ષણ કરતા હોય તેઓ માંસની નિવૃત્તિ કરે અર્થાત્ અન્ન-વનસ્પતિ આદિના ભક્ષણ કરનારા થાય ત્યારે પણ તેને શાસ્ત્રકારો ભાગ્યશાળી ગણે છે અને ધર્મિષ્ઠો પણ તેને ભાગ્યશાળી ગણે છે. એવો કોઈ પણ જૈન મનુષ્ય નહિ હોય કે જે મનુષ્ય માંસભક્ષણની નિવૃત્તિ કરનાર બનીને અનાજ ખાનારો બન્યો હોય તો તેવા મનુષ્યને ઉત્તમ ગણ્યા સિવાય રહી શકે.

આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે ત્રસ-જીવોનો નાશ બચાવવા માટે કે રક્ષણ કરવા માટે સ્થાવર જીવોની વિરાધના પણ થાય તો તે અધર્મનું કારણ છે કે દુર્ગતિનું કારણ છે એમ કહી શકાય નહિ. સ્વાભાવિક-રીતિએ જ્યારે જીવન-નિર્વાહમાં સ્થાવરોના ભોગે પણ ત્રસનો કરવામાં આવતો બચાવ દુર્ગતિને નિવારવાવાળો અને સદ્‌ગતિને આપનારો થાય તો પછી જેમાં ભક્ષણઆદિ કોઇ પણ પ્રકારનો સ્વાર્થ નથી તેવા ત્રસના બચાવને માટે પ્રયત્ન કરતાં થતી સ્થાવરની વિરાધનાને સદ્‌ગતિનું કારણ ન કહેતાં દુર્ગતિનું કારણ કહેનારો મનુષ્ય જૈનનામને તો શું ? પરન્તુ આર્યનામને પણ ધારણ કરી શકે નહિ :

પરન્તુ જૈનશાસ્ત્ર તો શું ? પણ અન્ય કોઈ પણ દર્શનકારના શાસ્ત્રોએ વનસ્પતિઆહારી કરતાં માંસાહારીને ઉત્તમ માન્યા નથી, અને હોય પણ નહિં. એટલે વનસ્પતિ-આહારી કરતાં માંસાહારીને અલ્પ જીવ-વિરાધનાને નામે તાત્પર્યથી ઉત્તમ માનનારો વ્યક્તિ આર્યભૂમિ ઉપર પણ રહેવાને લાયક નથી. બહુ વિરાધના વર્જવા અલ્પની કર્ત્તવ્યતા ખુદ સાધુઆચારની અપેક્ષાએ પણ વિચારીએ તો પ્રાણાતિપાતની સર્વથા વિરતિરૂપ દયાના પાલનને માટે ગ્રામનુગ્રામ વિહાર કરવાનું થાય છે અને તે શાસ્ત્રકારોએ પણ उवसंपज्जामि માત્ર નહિ કહેતાં उवसंपज्जित्ताणं विहरामि એમ કહીને

સ્પષ્ટપણે કહેલું છે, અર્થાત્ પ્રાણાતિપાતની વિરતિને અંગીકાર કરીને માસકલ્પાદિકમર્યાદાએ વિહાર કરવો તે જ મહાવ્રતના અંગીકારની પ્રતિજ્ઞાનું તત્ત્વ છે.

એ ઉપરથી સ્પષ્ટ થશે કે અધિક વિરાધના વર્જવા માટે અલ્પ-વિરાધનાની કર્તવ્યતા મહાવ્રતધારીને પણ યોગ્ય ગણાઈ છે અને તે શાસ્ત્રકારોએ કરવા લાયક પણ ફરમાવી છે.

એ વાત તો ચોકખી છે કે ગ્રામાનુગ્રામ વિહાર કરનારને ઇરિયાવહિયાસૂત્રમાં જણાવ્યા મુજબ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોના અભિઘાતાદિ દશ પ્રકારોએ વિરાધના થવાનો સંભવ છે, છતાં તે સર્વજીવોની અભિઘાતાદિ વિરાધનાના સંભવવાળો એવો પણ વિહાર શાસ્ત્રકારોએ સાધુપણાના આચારના બચાવ માટે ફરજીયાત ગણેલો છે. આ વાત ન વિચારીએ તો મહાવ્રતોનો અંગીકાર કરવા સાથે આહાર-વિહારાદિ છોડીને અનશન કરવું જોઇએ અને શાસ્ત્રકારોએ પણ આ અપેક્ષાએ તત્કાળ અનશન કરનારને મહાવ્રત લેવાની આજ્ઞા આપવી જોઈએ.

વળી એક ગામથી બીજે ગામ વિહાર કરતાં વચમાં જે નદી-નાળાં આવે તેને પણ ઉતરીને કે નાવ વિગેરે દ્વારા ઉતરીને પણ આ અપેક્ષાએ જવાની આજ્ઞા જે શાસ્ત્રકારોએ આપી છે, તે પણ અયોગ્ય ગણાય, પરન્તુ વિહાર નહિ કરવાને લીધે એકસ્થાને રહેતાં થતી ષટ્કાયજીવોની વિરાધનાના પ્રસંગને ટાળવા માટે જ્યારે શાસ્ત્રકારોએ નદી આદિ ઉતરીને પણ વિહાર કરવાની સાધુ-મહાત્માઓને આજ્ઞા ફરમાવી, એટલું નહિ, પણ વિહાર કરવો એ જ આચાર છે અને મર્યાદા પ્રમાણે વિહાર ન કરવો એ અનાચાર છે, એમ જણાવ્યું છે એ ઉપરથી સ્પષ્ટપણે જણાય છે કે સાધુ-મહાત્માઓને પણ ઘણા જીવોની ઘણી વિરાધના વર્જવા માટે અલ્પજીવોની અલ્પવિરાધના કરવાનો પ્રસંગ આવે તો પણ તે પરિહરવા લાયક નથી, પણ આદરવા લાયક છે. અર્થાત

વિહારની વિરાધનાને નામે-તે નદી-નાળાં ઉતરવાને નામે હિંસાનો હાઉ આગળ કરીને મહાવ્રતધારીઓને સ્થિર થવું એટલે એકજ ગામમાં રહેવાવાળા થવું તે નથી તો શાસ્ત્રકારોએ ફરમાવ્યું અને નથી તો કલ્યાણકારક તરીકે ગણવામાં આવ્યું. શું આ કુતર્કવાદીએ એ મુનિઓના વિહાર રૂપ ગમનાગમનને એકેન્દ્રિયાદિ જીવોની વિરાધનાની સંભાવનાએ રહિતપણે થાય એમ માને છે? અથવા શું નદી નાળામાં ઉતરતા સાધુઓના શરીરે પાણીઆદિકના જીવોની વિરાધના નથીજ થતી એમ માને છે? અને જો તે કુતર્કવાદીએ વિહારમાં અને નદી નાળાં ઉતરવામાં એકેન્દ્રિયાદિ જીવોની વિરાધનાનો પ્રસંગ અને નિશ્ચય માને છે તો પછી તે વિરાધના કરવાને તૈયાર કેમ થાય છે અને તેમાં શાસ્ત્રાજ્ઞા કેમ માને છે?

કદાચ કહેવામાં આવે કે જો વિહાર કરવામાં ન આવે તો નિત્યવાસ થવાથી અનેકપ્રકારની વિરાધનાઓ થાય અને સંજમને બાધા પ્હોંચે માટે તે સંયમની બાધા કરવાવાળી વિરાધનાને વર્જવા માટે વિહારની સંભવિત વિરાધના અને નદીનાળાની નિશ્ચિત વિરાધના કરવાનું સાધુઓને પણ ફરજીયાત થાય છે, તો પછી સ્પષ્ટપણે તેઓએ કબુલ કરવું જોઈએ કે અધિકવિરાધનાને **વર્જવા માટે અલ્પવિરાધનાનો પ્રસંગ અગર અલ્પવિરાધનાની કર્તવ્યતા સાધુઓને પણ છે, અને ભગવાન જિનેશ્વર દેવોએ પણ તેને આચાર તરીકે ગણાવેલી છે.**

આ વાત વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે અજ્ઞાની-જીવોને ભરમાવવા માટે માર્ગથી પતિત થયેલા લોકો જે એમ બોલે છે કે **"હિંસાના પ્રસંગમાં અને હિંસાના કર્તવ્યમાં ભગવાન જિનેશ્વરમહારાજની આજ્ઞા હોય નહિ અગર સાધુઓનો આચાર રહે નહિ."** એ કેવલ તે માર્ગભ્રષ્ટોનો બકવાદ છે.

ખરી રીતે તો ભગવાન્ જિનેશ્વરમહારાજનો માર્ગ સ્યાદ્વાદરૂપ છે, પરન્તુ એકાન્તરૂપ નથી, અને તેથી અધિકજીવોની વિરાધના અને અધિક સંયમ-વિરાધના વર્જવા માટે અલ્પજીવોની વિરાધના અને અલ્પ સંયમની વિરાધનાને અપરિહાર્ય તરીકે જણાવે છે. એટલુંજ નહિ, પરન્તુ તેના પ્રસંગને આચાર તરીકે જણાવે છે, અને તેમાં આશ્ચર્ય નથી. શું કુતર્કવાદીઓ એમ કહી શકે તેમ છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓએ સાધુઓને માસકલ્પાદિમર્યાદાએ વિહાર કરવાની આજ્ઞા કરી નથી અથવા નદી-નાળાં આદિ ઉતરવાનું જણાવ્યું નથી. શાસ્ત્રોમાં અનેક સ્થાને સાધુમહાત્માઓને વિહાર કરવાની આજ્ઞા સ્પષ્ટ શબ્દોમાં ફરમાવી છે અને નદીનાળાં વિગેરે ઉતરવાની આજ્ઞા તથાવિધિ પણ જણાવેલીજ છે. એટલે શાસ્ત્રને અનુસારનારાઓને તો એમ માન્યા સિવાય છુટકો નથી કે બહુ **વિરાધના વર્જવા માટે અલ્પ-વિરાધનાના સંભવવાળો કે અલ્પ વિરાધનાનો નિશ્ચયવાળો માર્ગ પણ આચરવો તે ભગવાન્ જિનેશ્વરમહારાજાની આજ્ઞારૂપ છે, એટલુંજ નહિ, પરન્તુ તે સંયમના અર્થીઓને અવશ્ય કર્ત્તવ્યરૂપ છે.**

જીવના બચાવ સારૂ ક્રિયા બીજી બાજુ છદ્મસ્થની કોઈપણ ક્રિયા અધિકરણ અને પ્રદ્વેષ વગરની હોય એમ બનતું નથી અને શાસ્ત્રકારોએ માન્યું પણ નથી. એટલે છદ્મસ્થે એ કરાતી ધર્મદેશના, પડિલેહણ, પડિક્કમણું, ગુરૂવંદન વિગેરે ધર્મક્રિયાઓ પણ સાંપરાયિક કર્મ-બંધનની ક્રિયારૂપ છે. તો શું કોઈપણ જૈનધર્મી મનુષ્ય તે ક્રિયાનું સાંપરાયિકપણું એટલે સંસારમાં રખડાવનાર કર્મોના બંધ કરાવનારી ક્રિયા આદિપણાને લીધે તે પડિલેહણ-પ્રતિક્રમણાદિ ક્રિયાઓ અકર્ત્તવ્ય છે, એમ માનવા અગર અકર્ત્તવ્ય માનીને તેનો પરિહાર કરવા તૈયાર થશે ખરો ?

કદાચ કહેવામાં આવે કે અધિક વિરાધનાથી બચવારૂપ

સંયમને માટે અને પૂર્વકાળના કરેલા કર્મના ક્ષયરૂપ નિર્જરાને માટે તે સાંપરાયિકપણાવાળી વન્દન-પ્રતિક્રમણાદિકની પણ ક્રિયા શાસ્ત્રદૃષ્ટિએ કર્ત્તવ્ય છે, એમ માનવા સાથે શાસ્ત્રાનુસારીઓને કર્ત્તવ્ય છે, તો એટલેથી સ્પષ્ટ થયું કે અધિક વિરાધના વર્જવા માટે અનન્ય ઉપાયરૂપ સ્વલ્પ-વિરાધનાવાળી ક્રિયા પણ કરવામાં આવે તો તે પણ કરનારો અધર્મી નહિં, પણ ધર્મિષ્ઠ ગણાય.

જો એમ ન માનીએ તો ધર્મદેશના-વન્દન-પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ કરનારા સાધુઓ વધારે સાંપરાયિક-ક્રિયામાં સંડોવાય અને તેથી આવું માનનારાઓ અધર્મી તો શું ? પણ અધર્મીઓની ટોચે પ્હોંચેલા ગણાય. એટલુંજ નહિ; પરન્તુ વિહાર અને વન્દન વિગેરે ક્રિયાઓ અધિક વિરાધનાને વર્જવારૂપ અને સંયમને પાલનરૂપ જે ધર્મ તેને માટે થતી હોવાથી તે વિરાધના ધર્મને માટે જીવહિંસાવાળી ગણાય અને જિનેશ્વરમહારાજના આગમને તાત્વિક રીતિએ નહિ સમજનારા મનુષ્યો તો તેવી રીતના તે વિહાર અને વન્દનાદિકને કરવાવાળા ધર્મિષ્ઠ જીવોને ધર્મિષ્ઠ તો ન માને, પરન્તુ દક્ષિણદિશામાં નારકી થવા લાયક એ જીવો છે એમ માને, પરન્તુ **શાસ્ત્રકારની આજ્ઞા અને જૈનશાસનનો માર્ગ સમજનારા લોકો તો તે વિહાર-મર્યાદા અને પડિલેહણ આદિ સામાચારીને આચરનારા જીવોને આસન્ન-મોક્ષગામી અને ધર્મિષ્ઠ માને.**

# શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્રની

# હૃદયંગમ વાંચના

વિવેચનકાર

પૂઃ-આગમોદ્ધારક શ્રી આચાર્યદેવ

આગમોદ્ધ પર્યાલોચક શ્રી દેવસૂર-તપાગચ્છ-સામાચારી સંરક્ષક પ્રવરવાદિવિજેતા શ્રી શલાણાનરેશપ્રતિબોધક પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી વિ. સં. ૧૯૯૮ ના પાલીતાણા પન્નાલાલ બાબુની ધર્મશાળાના ચોમાસામાં તત્ત્વરૂચિ પુણ્યાત્મા જિજ્ઞાસુઓના લાભાર્થે શ્રી તત્ત્વાર્થસૂત્ર જેવા ગહન ગંભીર સૂત્ર ઉપર વાચના બપોરે ફરમાવતા.

જેની નોંધ તે વખતે પૂ. આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજીમ૦ શ્રીએ ટૂંકમાં કરેલ, તેના ઉપરથી અને પોતે કરેલી નોંધના આધારે સહૃદયતાનિધિ પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વર શ્રીએ વ્યવસ્થિત સુધારા-વધારા કરી વ્યવસ્થિત પ્રેસ-કોપીરૂપે વાચનાનું સળંગ લખાણ તૈયાર કરેલ.

પરમસૌજન્યનિધિ પૂ. આચાર્યશ્રી હેમસાગર સૂરીશ્વરજીમ૦ શ્રીએ "શ્રી આગમજ્યોત" માં પ્રકાશનાર્થે પરમકરૂણા કરી સં. ૨૦૨૯ ના વૈશાખ મહિને પાલીતાણામાં મલી.

જેને કે ભાષાકીય ઘણા સંશોધનો પેરા પાડવા આદિ સુધારાથી વ્યવસ્થિત "આગમ જ્યોત" માં વર્ષ ૯ પુસ્તક ૨થી આપવાની શરૂઆત કરેલ.

છ હપ્તા આવી ચુકયા છે. ચોથા હપ્તેથી પાંચમા અધ્યાય વાચના શરૂ થઈ છે. તેના નવમા સૂત્ર સુધી વિવેચન આવી ગયું છે, હવે તેથી આગળની વાચનાનો ભાગ શરૂ થાય છે.

પુણ્યવાન્ વિવેકી આત્માઓ જ્ઞાની ગુરૂના ચરણોમાં બેસી ખુબ જ ગંભીરતાથી વાંચે-વિચારે અને તત્ત્વની સમજુતી મેળવે એવી શુભકામન છે. સં. ]¡

## શ્રી તત્ત્વાર્થ સૂત્રની વાચના

सूत्रम्- सख्येयासंख्येयाश्च पुद्गलानाम् ॥सू-१०॥

**સૂત્રાર્થ**- પુદ્ગલોના સંખ્યાતા અસંખ્યાતા અને च થી અનંત પ્રદેશો છે.

टीकार्थ- પુરાવું અને ગળવું તે પરિણામથી पुद्गल એવી જે સંજ્ઞા જેઓને પ્રાપ્ત થયેલી છે, તેવા તેમ જ પરમાણુથી પ્રારંભીને અચિત્ત-મહાસ્કંધ સુધીના ચિત્ર-વિચિત્ર રૂપાદિ પરિણામવાળા જે પુદ્ગલો તેના યથાસંભવ સંખ્યાતથી પ્રારંભીને અસંખ્યાત અને અનત પ્રદેશો છે, અર્થાત્ સંખ્યાત-પ્રદેશી પુદ્ગલ-સ્કંધના સંખ્યાત પ્રદેશો, અસંખ્યાત-પ્રદેશી પુદ્ગલ-સ્કંધના અસંખ્યાત પ્રદેશો અને અનંત-પ્રદેશી પુદ્ગલ-સ્કંધના અનંત પ્રદેશો છે. સૂત્રમાં નહિ ગ્રહણ કરેલ અનંત પ્રદેશતા પ્રથમના સૂત્રમાંથી લાવવા માટે च શબ્દનો પ્રયોગ છે. તે જ અર્થ જણાવવા માટે ભાષ્યકાર કહે છે-

भाष्यम्-संख्येया असंख्येया अनन्ताश्च पुद्गलानां भवन्ति, अनंता इति वर्तन्ते ।

**ભાષ્યાર્થ**- સંખ્યેય, અસંખ્યેય અને અનંત સંખ્યા પ્રમાણુ પુદ્ગલોના પ્રદેશો છે. સૂત્રમાં અનંત નથી, માટે आकाशस्यानन्ताः એ સૂત્રમાંથી આ સૂત્રમાં કહેલ च શબ્દ વડે अनंता ની અનુવૃત્તિ લવાય છે.

**ટીકાર્થ**- તાત્પર્ય એ છે કે વિધાન કરવા યોગ્ય પદોની અનુવૃત્તિ થાય છે, પરંતુ તે એમને એમ પણ થાય છે, અથવા તો કોઈ તેવા પ્રકારના પદના પ્રયત્નથી પણ થાય છે તો અહીં

કેવી રીતે अनंत પદની અનુવૃત્તિ થયેલ છે, તો કહે છે કે च ના પ્રયત્ન વડે થયેલ છે.

શંકા - પુદ્ગલ શબ્દ વડે અણુનું (પરમાણુનું) પણ ગ્રહણ થાય છે, પુદ્ગલનો અર્થ પુરાવું અને ગળવું એવો પ્રથમ જ તમોએ કરેલો છે. એવા પરમાણુરૂપ પુદ્ગલના આ અનંત સૂત્ર વડે જણાવ્યા પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત પ્રદેશોમાંથી કોઈ પણ એક પ્રકારની સંખ્યાવાળા પુદ્ગલો હોવા જોઈએ. જો ત્રણમાંથી એકપણ સંખ્યાવાળા પ્રદેશો પરમાણુ–પુદ્ગલના ન હોય તો તે પરમાણુને પુદ્ગલ પણ કહી શકાય નહિ. અને જો સંખ્યાતાદિ કોઈ પણ સંખ્યા-વાળા પ્રદેશો છે, એમ કહો તો ઘટાદિ દ્રવ્યની માફક પરમાણુ ન કહી શકાય. કહો કે પરમાણુ એક–પ્રદેશી છે તો ઉપર જણાવેલ સંખ્યામાંથી કોઈપણ સંખ્યાવાળા પ્રદેશો જેમાં હોય તેને જ પુદ્ગલ કહેવાય. એ લક્ષણથી જે પુદ્ગલમાં તે સંખ્યા-માંથી કોઈપણ સંખ્યાવાળા પ્રદેશો નથી એ વસ્તુ જ આકાશ કુસુમની માફક અસત્ છે.

ઉત્તર : પ્રદેશો બે પ્રકારના છે. દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ. યદ્યપિ દ્રવ્યરૂપ પ્રદેશો પરમાણુઓમાં નથી, તોપણ પર્યાયરૂપ પ્રદેશો પરમાણુઓમાં છે. પર્યાયસ્વભાવી પ્રદેશો રૂપાદિ છે. અને તે પર્યાયસ્વભાવ પ્રદેશોના ગ્રહણથી પરમાણુ સપ્રદેશી છે. ।।૧૦।।

હવે જે પ્રમાણે દ્રવ્યપ્રદેશો વડે ઘટ સપ્રદેશી છે. તે પ્રમાણે પરમાણુ પણ દ્રવ્યપ્રદેશોથી સપ્રદેશી છે, એમ કહેનારા-ઓની ઉક્તિમાં અસિદ્ધ દોષ આવે છે તે જણાવવા માટે કહે છે–

सूत्रम् नाणोः ।।૫-૧૧।। પરમાણુને (દ્રવ્ય) પ્રદેશો નથી.

भाष्यम्-अणोः प्रदेशा न भवन्ति । પરમાણુને દ્રવ્ય પ્રદેશો હોતા નથી.

**ટીકાર્થ**– સ્કંધને બનાવવામાં જેમ પ્રદેશો પરિણામી કારણના ભાવને ભજવે છે, તે પ્રમાણે પરમાણુને પુરવાવાળા પરિણામી કારણના ભાવને ભજવાવાળા દ્રવ્યરૂપ પ્રદેશો હોતા નથી, જેઓ સપ્રદેશપણા વડે પરમાણુપણાનો અભાવ સાધે છે. તેઓના મત પ્રમાણે તેવો જે અંત્ય પ્રદેશ તે પરમાણુ નથી. એમ કહેવું તે પ્રતીતિ-વિરોધ છે. કારણ કે અંત્ય પ્રદેશ કહેવો છે અને તે તે પરમાણુ કહેવો નથી એ કેમ બને? પરમાણુ ન કહેવો હોય તો તેને અંત્ય પ્રદેશ પણ ન કહી શકાય.

વળી પરમાણુમાં જે સપ્રદેશપણું કહેવું છે તે અવ્યાપક અને અસિદ્ધ બે દોષવાળું છે, એટલે જેમ વનસ્પતિમાં ચૈતન્ય-ગુણની સિદ્ધિ માટે लज्जावंती રીસામણી નામની વનસ્પતિને અંગુલી વિગેરેમાં સ્પર્શથી થતી લજ્જા હોય (રૂપ હેતુ) બીજી વનસ્પતિઓના ચૈતન્ય-ગુણની સિદ્ધિ માટે અવ્યાપક તેમજ અસિદ્ધ છે. તે પ્રમાણે પરમાણુમાં સપ્રદેશીપણું એ પણ અવ્યાપક અને અસિદ્ધ દોષયુક્ત છે. કારણ કે દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એ ચાર પ્રકારના પરમાણુરૂપ પક્ષમાં દરેક ઠેકાણે સપ્રદેશીપણું છે નહિ. ફક્ત (પર્યાયની અપેક્ષાએ) દ્રવ્ય પરમાણુમાં જ સપ્રદેશપણું છે.

વળી જે એમ માને છે કે જે દ્રવ્યમાં મધ્ય તથા વિભાગ ન હોય એ આકાશ-પુષ્પની માફક અસત્ છે (વસ્તુ જ નથી) અને જો મધ્ય તથા વિભાગ યુક્ત છે. તો તે મધ્ય તથા વિભાગ યુક્ત ઘટ દ્રવ્યની માફક અણુ નથી.

તેવાઓના મન્તવ્ય મુજબ તેમણે માનેલ વિજ્ઞાનક્ષણમાં અનેકાન્ત દોષ આવે છે. એટલે કે જે વિજ્ઞાન-ક્ષણને તમારે

સૂક્ષ્મ નિરવયવ માનવો છે. તેમાં મધ્ય અને વિભાગ છે કે નહિ. જો નથી તો તમારા કહેવા પ્રમાણે તે વિજ્ઞાનક્ષણ નામની વસ્તુ નથી. જો મધ્ય અને વિભાગ છે, તો સાવયવ હોવાથી ક્ષણ નહિ કહેવાય.

માટે તમારી માન્યતાથી જ તમારે શિરે વિરોધ દોષ આવતો હોવાથી તે કલ્પના કરવી અયુક્ત છે. પરમાણુને સાત આકાશ પ્રદેશની અથવા દશ દિશાની સ્પર્શના છે. એમ માની તેમાં વિભાગની કલ્પના કરનારાઓની માન્યતા પણ ઉપરના જવાબથી દૂર થાય છે.

પાછળના એટલે મધ્ય અને વિભાગ હોય તેમાં ઘટની માફક અણુત્વ નથી, તે પ્રયોગમાં હેત્વસિદ્ધપણું દૂર કરવા માટે ભાષ્યકાર મહારાજા જણાવે છે.

भाष्यम्—अनादिरमध्योऽप्रदेशो हि परमाणुः ॥

**ભાષાર્થ**—પરમાણુ અનાદિ (આદિ વિનાનો) અમધ્ય (મધ્ય વિનાનો) અને અપ્રદેશી (પ્રદેશ વિનાનો) છે.

**ટીકાર્થ**—આદિ, મધ્ય, અન્ત્ય પ્રદેશો વડે ન્યૂન (રહિત) હોય તે પરમાણુ કહેવાય.

**શંકા**—ભાષ્યમાં આદિ મધ્ય શબ્દ છે. પણ અન્ત્ય શબ્દ નથી તો તે કયાંથી લાવ્યા ? તો કહે છે કે

પ્રદેશના ગ્રહણથી અન્ત્યનું ગ્રહણ થાય છે. કારણ કે વિભાગ કરતાં કરતાં છેલ્લો જે નિરવયવ વિભાગ તે પ્રદેશ કહેવાય. અથવા આદિ અને મધ્યના ગ્રહણથી ઉપલક્ષણથી જ અન્ત્યનું ગ્રહણ થાય છે, કારણ કે આદિ અને મધ્ય હોય ત્યાં અન્ત્ય હોય જ છે.

આ પક્ષમાં અ-પ્રદેશનો અર્થ દ્રવ્ય અને ક્ષેત્ર રૂપ વિશિષ્ટ પ્રદેશોનો વ્યિવચ્છેદ થવામાં સમજાવે અર્થાત્ પરમાણુ કાળથી તેમજ ભાવથી સપ્રદેશી છે. પરન્તુ દ્રવ્ય અને ક્ષેત્રથી અપ્રદેશી છે. એટલે આદિ મધ્ય અને અન્ત્ય પ્રદેશો વડે અપ્રદેશી છે અને રૂપાદિ પર્યાયો વડે સપ્રદેશી છે.

શંકા—જે દ્રવ્યમાં આદિ મધ્ય અને અન્ત્ય વિભાગ ન હોય તો સત્વ (વસ્તુત્વ) શી રીતે સંભવી શકે? તો તેના સમાધાનમાં જણાવે છે જે વસ્તુની સત્તામાં આદિ મધ્ય અને અન્ત્ય વિભાગો પ્રદેશો કારણ નથી.

કારણ કે આદિ મધ્ય અને અંત્ય વિભાગ વિના પણ તમો વિજ્ઞાનક્ષણુનો વિચાર કરો જ છો.

શંકા—જ્યારે પરમાણુ એ દ્રવ્ય છે તો ઘટાદિ દ્રવ્યની માફક અથવા દ્વિપ્રદેશી અનંત પ્રદેશી સ્કંધોની માફક આકાશમાં તે પરમાણુ-દ્રવ્યોનો પ્રવેશ થવો ન જોઈએ અને જો પ્રવેશ સ્વીકારીએ તો અમુક અવયવ (વિભાગ) નો આકાશમાં પ્રવેશ પ્રથમ થયો. અને અમુક વિભાગમાં પછી થયો. એમ કહેવાથી પ્રદેશનું સાવયવપણું સિદ્ધ થશે? એમ જો કહેતા હો તો ઉત્તરમાં જણાવે છે.

જે પૂર્વોક્તરીતિએ પરમાણુમાં અવિભાગપણું સિદ્ધ હોવાથી આકાશમાં પરમાણુની અનુપ્રવેશ સંબંધી માન્યતા પણ દૂર થાય છે, કારણ કે જેટલું પરમાણુનું ક્ષેત્ર છે તેટલું જ આકાશ પ્રદેશનું પરિમાણ છે જો બંનેના ક્ષેત્રનું વિષમ અથવા આદિ-મધ્યાન્ત-વિભાગવાળું પરિમાણ હોય તો અનુક્રમે જ થાય એ બરાબર છે, પરંતુ પરમાણુ અવિભાગી હોવાથી અનુપ્રવેશે પરમાણુનું રહેવાપણું કહેવું તે અયોગ્ય છે.

આ પ્રમાણે કહેવાથી આકાશના સર્વવ્યાપીપણામાં વ્યાઘાત આવતો નથી. કારણ બૌદ્ધોની માન્યતા પ્રમાણે પ્રસિદ્ધ એવો જે વિજ્ઞાન ક્ષણ છે, તે જેમ આદિ–મધ્યાન્ત વિભાગ વિનાનો હોવા છતાં સર્વ વસ્તુની સાથે સંબંધવાળો છે, તે પ્રમાણે પરમાણુને પણ આકાશનો સંબંધ હોઈ (આકાશ સર્વમૂર્ત દ્રવ્યસંયોગી હોઈ) આકાશ સર્વગત છે, એ નિઃસંશય છે. માટે પ્રદેશ પોતે જ પ્રદેશરૂપ છે, પરંતુ તે પ્રદેશને બીજાં દ્રવ્યપ્રદેશો નથી. એ પ્રમાણે યથાર્થ ગુરૂ–વચનનું આરાધન કરેલું નથી તેવા બૌદ્ધ વિગેરે અન્યવાદી વડે કહેવાતાં જે કુવચનો છે તે સર્વનું દ્રવ્યાસ્તિક તેમ જ પર્યાયાસ્તિક ઉભય-નયના સદ્ભાવ વડે સ્યાદ્વાદમતના આલંબનપૂર્વક આગમ અને યુક્તિથી નિરાકરણ કરવું યોગ્ય છે.

હવે ઉપર જણાવેલા ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય પુદ્ગલ અને જીવાસ્તિકાય એ દ્રવ્યો આકાશ–દ્રવ્યની માફક આત્મપ્રતિષ્ઠ (એટલે પોતે જ પોતાના આધારે રહેલ) છે કે પાણી વિગેરે દ્રવ્યોની માફક અન્ય દ્રવ્યોના આધારે રહેલ છે.

ઉત્તર– નિશ્ચયનયના અભિપ્રાયથી દરેક વસ્તુ આકાશ માફક સ્વપ્રતિષ્ઠ છે. એટલે પુદ્ગલ પુદ્ગલમાં, જીવ જીવમાં સ્વપ્રતિષ્ઠ છે, પરંતુ વ્યવહારનયના અભિપ્રાયથી ધર્મ અધર્મ પુદ્ગલ અને જીવોનું સ્વરૂપ જણાવે છે.

सूत्रम्– लोकाकाशेऽवगाहः । લોકાકાશમાં અવગાહ છે.

भाष्यम्– अवगाहीनामवगाहो लोकाकाशे भवति । અવગાહી ધર્માદિ દ્રવ્યોનો અવગાહ લોકાકાશમાં છે.

ટીકાર્થ– અનુપ્રવેશવાળા એવા જે પુદ્ગલાદિ દ્રવ્યો છે તે દ્રવ્યોનો અવગાહ ધર્માધર્મ દ્રવ્યથી વ્યાપ્ય એવા આકાશા-

**સ્તિકાયમાં છે, એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો અવગાહ આકાશ-દ્રવ્યમાં છે.**

ધર્માધર્મથી વ્યાપ્ત આકાશ દ્રવ્ય કહેવાનું કારણ એ છે કે તે વડે લોકાકાશનું ભાન થાય છે. એટલે ધર્માદિ-દ્રવ્યોનો અવગાહ લોકાકાશમાં છે, જે પ્રમાણે એક વસ્તુ અન્ય સ્થાનેથી અન્ય સ્થાને મુકતાં તે સ્થાનવર્તી આકાશ દ્રવ્ય અવગાહ્ય-દ્રવ્યને અવગાહ આપે છે. એટલે કે તે અવસરે તે દ્રવ્યનો અને તે આકાશનો સંયોગ થયો. એ પ્રમાણે ધર્માદિ દ્રવ્યોનો આકાશ દ્રવ્યની સાથે કયારે સંયોગ થયો ? એમ જો પ્રશ્ન થાય તો તેના સમાધાનમાં જણાવે છે કે **ધર્માધર્માદિ દ્રવ્યોનો આકાશ દ્રવ્યમાં અવગાહ અનાદિકાલીન છે.** પરસ્પર એકમેકપણાની પરિણતિ વડે તે પ્રકારે તે દ્રવ્યો રહેલા છે. ધર્માદિ-દ્રવ્યોથી વ્યાપ્ત આકાશ દ્રવ્યાસ્તિકાય અન્ય આકાશમાં જીવાદિ-દ્રવ્યોનો અવગાહ નથી. કારણ કે અન્ય એટલે કે અલોકાકાશમાં ધર્માદિક દ્રવ્યો નથી, અને ગતિ-સહાયક તેમ જ સ્થિતિસહાયક ધર્માધર્માદિ દ્રવ્યો સિવાય જીવ પુદ્ગલોનો અલોકાકાશમાં અસંભવ છે.

જો એમ પૂછતા હો કે અલોકાકાશમાં ધર્મા૦ અધર્મા૦ કેમ નથી ? તો કહે છે કે તેવો જ ધર્મા-ધર્મ દ્રવ્યોનો સ્વભાવ છે. અને જયાં સ્વભાવ આવ્યો તેમાં પ્રશ્નનો અવકાશ રહેતો નથી માટે ધર્મા ધર્માદિ-દ્રવ્યોનો લોકાકાશમાં અવગાહ છે, એ બરાબર છે. ॥૧૨॥

લોકાકાશમાં ધર્માધર્માદિ દ્રવ્યોનો અવકાશ છે, એ કહ્યું તે તો બરાબર છે, પરંતુ તે અવગાહ સર્વ-પ્રદેશોની વ્યાપ્તિવાળો દૂધ-પાણી અથવા વિષ-રૂધીર સરખો છે કે સરોવરમાં પુરૂષ ઉભો રહે તેના સરખો છે ? એ જરૂર કહેવું જોઈએ તે વસ્તુ જણાવે છે.

सूत्रम्—धर्माधर्मयोः कृत्स्ने ।५-१३॥

ધર્માધર્મ–દ્રવ્યનો સમગ્ર લોકાકાશમાં અવગાહ છે.

भाष्यम्—धर्माधर्मयोः कृत्स्ने लोकाकाशेऽवगाहो भवति इति ॥

ભાષ્યાર્થ—ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાયનો સંપૂર્ણ લોકાકાશમાં અવગાહ છે.

ટીકાર્થ—સમગ્ર લોકાકાશમાં ધર્માધર્મ દ્રવ્યની અયુત સિદ્ધિ છતાં એટલે અનાદિ–સંયોગ સિદ્ધ છતાં ચંદ્ર–મંડળમાં રહેનાર ચંદ્રિકાની માફક અવગાહ છે. એટલે કે જે પ્રમાણે ચંદ્રિકા આધેય છે અને ચંદ્ર–મંડળ આધાર છે.

વળી ચંદ્ર–મંડળ અમુક વખતે ચંદ્રિકાનું આધાર બન્યું, તે પણ જેમ કહી શકાતું નથી, તે પ્રમાણે ધર્મા૦ અધર્મા૦ એ આધેય છે, અને લોકાકાશ એ આધાર છે. તેમ જ તે આધેય આધારનો સંબંધ પણ અયુતસિદ્ધ અનાદિ–સંયોગ–સિદ્ધ છે. પરંતુ લોકાકાશથી બહાર ધર્માધર્મ દ્રવ્ય નથી.

શંકા—ધર્માધર્મ દ્રવ્ય પોતે જ અલોકાકાશમાં જતું નથી. કે ધર્માધર્મને જવાની શક્તિ છતાં અલોકાકાશના રોકાણથી ધર્માધર્મ દ્રવ્ય અલોકાકાશમાં જઈ શકતું નથી ?

એ શંકાનું સમાધાન દ્રષ્ટાંતપૂર્વક આપે છે.

ચૈતન્ય ગુણ જેમ જેટલું શરીરનું પ્રમાણ હોય તેમાં જ રહે છે, તેથી ન્યૂન કે અધિક દેશમાં જેમ રહેતો નથી, અને તેમાં ચૈતન્ય–ગુણની અન્ય સ્થાને જવાની શક્તિનો અભાવ અથવા તો શક્તિ છ[illegible] અન્યદ્રવ્યોનો પ્રતિઘાતરૂપ હેતુ જેમ માનવામાં આવતો નથી, તે પ્રમાણે ધર્માધર્મ દ્રવ્યનું પણ લોકાકાશ માત્રમાં જ રહેવું ચોક્કસ સમજાય છે. એથી જ ક્ષીર–નીરની માફક અન્યોન્ય અવગાહની પરિણતિરૂપે ધર્માધર્મ દ્રવ્યનું લોકાકાશમાં રહેવાપણું

છે, પરંતુ સરોવરમાં રહેલ પુરૂષની માફક અવગાહ સમજવાનો નથી ? કારણ કે સૂત્રમાંજ સંપૂર્ણવાચી कृत्स्न શબ્દનું ગ્રહણ છે. ૧૪–૧૩૧.

હવે પુદ્ગલોનો લોકાકાશમાં અવગાહ કેવી રીતે ? તે જણાવે છે.

सूत्रम्—एक प्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ।४-१४।।

પુદ્ગલોનો અવગાહ લોકાકાશના એક પ્રદેશમાં બે પ્રદેશમાં યાવત્ સંપૂર્ણ લોકાકાશમાં છે.

**ટીકાર્થ**—एकप्रदेशादिषु એ સમાનાધિકરણ (કર્મધારય) ગર્ભિત બહુવ્રીહિ સમાસ છે. एकश्चासौ प्रदेशश्च-एकप्रदेशः, एक प्रदेश आदिर्येषाँ ते-एकप्रदेशादयः, तेषु एक-प्रदेशादिषु એટલે કે પરમાણુથી લઈ તે અનંતાણુ સુધીના સ્કંધોનો અવગાહ એક આકાશ પ્રદેશ બે આકાશ પ્રદેશાયાવત્ અસંખ્ય આકાશ-પ્રદેશો છે.

भाष्यम्—अप्रदेश-संख्येया-संख्येयानंतप्रदेशानां पुद्गलानामेकादिष्वाकाश प्रदेशेषु भाज्योऽवगाहः । भाज्यो विभाज्यो विकल्प्य इत्यनर्थान्तरं, तद्यथा. परमाणोरेकस्मिन्नेव प्रदेशे, द्वणुकस्यैकस्मिन्, द्वयोश्च्यणुकस्यैकस्मिन्, द्वयोस्त्रिषु च एवं चतुरणुकादीनां संख्येयासंख्येयप्रदेशस्यैकादिषु संख्येयेषु असंख्येयेषु च अनंतप्रदेशस्य च ।।१।।

**ભાષ્યાર્થ**—પરમાણુ, સંખ્ય-પ્રદેશી, અસંખ્ય-પ્રદેશી તથા અનંત-પ્રદેશી પુદ્ગલોનો અવગાહ એક આકાશ-પ્રદેશમાં હોય અથવા બે આકાશ-પ્રદેશમાં ત્રણ આકાશ પ્રદેશમાં સંખ્યાતા-અસંખ્યાતા આકાશ-પ્રદેશમાં પણ યથાસંભવ વિકલ્પે હોય. ભજના, વિભાષા અને વિકલ્પ એ સર્વે પર્યાયવાચક શબ્દો છે. હવે કેવી રીતે અવગાહ હોય ? તે સ્પષ્ટ જણાવે છે. પરમાણુનો એક આકાશ-પ્રદેશમાં અવગાહ હોય. દ્વિપ્રદેશી સ્કંધનો એક આકાશ-પ્રદેશમાં અથવા બે આકાશ પ્રદેશમાં-ત્ર્યણુક (ત્રિપ્રદેશી સ્કંધનો) એક, બે-અથવા ત્રણ આકાશ પ્રદેશમાં હોય એ પ્રમાણે એ પ્રમાણે ચતુઃ પ્રદેશી સ્કંધ માટે ચાર આકાશ પ્રદેશ પર્યંત

સમજવું. સંખ્યપ્રદેશી સ્કંધ તેમજ અસંખ્ય-પ્રદેશી સ્કંધનો અવગાહ એક આકાશપ્રદેશમાં યાવત્ સંખ્યાત-પ્રદેશીનો સંખ્યાત આકાશપ્રદેશમાં અને અસંખ્યાત-પ્રદેશી સ્કંધનો અસંખ્યાત આકાશ-પ્રદેશમાં જાણવો. એ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધનો અવગાહ પણ એક આકાશપ્રદેશમાં બેમાં ત્રણમાં યાવત્ સંખ્યાત અથવા અસંખ્ય આકાશ પ્રદેશમાં સમજવો, પરંતુ અનંત આકાશ પ્રદેશમાં નહિ કારણ કે, લોકાકાશ અસંખ્ય-પ્રદેશ પ્રમાણ છે.

**ટીકાર્થ**. સ્વયં પ્રદેશ હોવા છતાં જેને બીજો દ્રવ્ય પ્રદેશ નથી એટલે કે કાળ પ્રદેશ ભાવ પ્રદેશ ભલે હો! એવો જે પરમાણુ તે અપ્રદેશ કહેવાય છે. સંઘાતવિશેષથી સંખ્યાત પરમાણુથી બનેલો હોય તે સંખ્યાત પ્રદેશી પુદ્ગલસ્કંધ કહેવાય. એ પ્રમાણે અસંખ્ય પ્રદેશોના સંઘાતથી બનેલો તે અસંખ્ય-પ્રદેશી અને અનંત પરમાણુનો બનેલ તે અનંત-પ્રદેશી કહેવાય.

અહીં એક પરમાણુ અને બીજા પરમાણુનો સંયોગ હોય તેને અમારે દ્વિપ્રદેશી સ્કંધ કહેવો નથી. એપ્રમાણે સંખ્ય પ્રદેશી અસંખ્ય-પ્રદેશી તેમજ અનંત-પ્રદેશી સ્કંધોમાં એક એક યાવત્ અનંતા પ્રદેશોનો સંયોગ ગણવાનો નથી, કારણ કે સંયોગ જો ગણીએ તો ચૌદ રાજલોકવર્ત્તી સર્વ પુદ્ગલસ્કંધો તેમજ પરમાણુઓ તો અનંતર-પરંપર સયોગ રહેલો હોઇ સ્કંધોની અવ્યવસ્થા થઇ જશે. માટે **સંયોગના બદલે સંઘાત ગણવાનો છે**. સૂત્રકાર મહારાજાએ પણ એ કારણથી संघात-भेदाभ्यां એ પ્રમાણે આગળના સૂત્રમાં પ્રતિપાદન કરેલું છે.

एकादिष्वाकाश-प्रदेशेषु इति આભાષ્ય-વાર્તિક વડે સૂત્રના एकप्रदेशादिषु એ પદનો સ્પષ્ટાર્થ જણાવ્યો છે. એક છે આદિ જેમાં એવા આકાશ પ્રદેશોમાંનો અવગાહ તો પરમાણુ દ્વયણુક યાવત્ અનંત પ્રદેશી પુદ્ગલોમાં વિકલ્પે છે.

ધાતુ અનેકાર્થક હોવાથી ભજનાનો અર્થ વિકલ્પ થાય

છે, તે પર્યાયવાચી શબ્દો આપીને સમજાવેલ છે. भाष्यो विभाष्यो विकल्पः વિગેરે પરમાણુના પ્રારંભથી વિશેષ અતિશય વડે કહેવું તે વિભાષા. એટલે કે જ્યાં જે વિશેષણ હોય તેને અંગે વિશેષ યોગ્ય ભેદોની કલ્પના કરી લેવી. જ્યાં ભેદ હોય ત્યાં વિકલ્પ હોઈ શકે છે, જેમ દ્વયણુકનો અવગાહ એક આકાશ-પ્રદેશમાં અથવા તો બે આકાશ-પ્રદેશમાં વગેરે ભાષ્ય સુખેથી સમજી શકાય તેવું છે, પરમાણુ તો ભેદ વિનાનો હોવાથી એક આકાશ-પ્રદેશની જ અવગાહનાવાળા છે અને તેથી પરમાણુની અવગાહનામાં વિકલ્પ નથી.

શંકા-અત્યંત સૂક્ષ્મ એવા આકાશ-પ્રદેશમાં સંખ્યાત પ્રદેશી યાવત્ અસંખ્ય તેમજ અનંત-પ્રદેશી સ્કંધો શી રીતે અવગાહી શકે! કારણ કે પરમાણુ અને આકાશ-પ્રદેશનું બંનેનું પ્રમાણ સરખું છે. સરખું પ્રમાણ હોવાથી એક આકાશ-પ્રદેશ પર એક પરમાણુ રહે તે બરાબર છે, પરંતુ દ્વયણુક યાવત્ સંખ્ય અસંખ્ય અને અનંત-પ્રદેશી સ્કંધોનો અવગાહ કેમ સંભવે! માટે કહો કે પરમાણુ કરતાં આકાશ-પ્રદેશનું પ્રમાણ મોટું છે! તેમ જો ન કહેવા માંગતા હોતો કહો કે અસંખ્ય અનંત પ્રદેશી સ્કંધો એક આકાશ-પ્રદેશમાં અવગાહી શકે નહિ.

વાદી પોતાની આ શંકા મજબુત કરવા માટે દૃષ્ટાંત પૂર્વક દલીલ કરે છે કે એક ઘડામાં ચાર સમુદ્રના પાણીનો સમાવેશ થઈ શકે નહિ, કારણ કે પાણી ઘણું છે અને ઘડાનું પ્રમાણ નાનું છે. એ પ્રમાણે એક આકાશ-પ્રદેશમાં સંખ્ય-પ્રદેશી વિગેરે સ્કંધો અવગાહી શકે નહિ.

ઉત્તર- સંઘાતરૂપ પ્રચય વિશેષથી હાથીદાંતનો ટૂકડો અલ્પાવગાહમાં રહેલો છે અને તેટલા જ તોલ પ્રમાણ ભીંડી ઘણા અવગાહને રોકીને રહેલ જોવાય છે. હાથીદાંતના ટૂકડાઓ

સૂક્ષ્મ અવયવો કરીએ તો પણ ઘણા છે. કાંઈ ભીંડાના અવયવોથી ઓછા નથી તોપણ અલ્પ આકાશમાં રહે છે, માટે તેવો કોઈ સૂક્ષ્મ પરિણામ વિશેષ પુદ્ગલોમાં ઉત્પન્ન થાય છે કે જેથી અનંત પરમાણુઓ પણ સ્કંધપણે પરિણમ્યા છતાં એક આકાશ પ્રદેશ ઉપર રહી શકે છે.

બીજું દૃષ્ટાંત આપી તે વસ્તુ સમજાવે છે. અતિશય ઘન એવો જે લોઢાનો ગોળો જેમાં લગીરપણ અંતર દૃશ્યમાન થતું નથી, તેવા ગોળામાં ધમણના પવનથી પ્રેરાયેલા એવા અગ્નિના અવયવો ચારે બાજુથી દાખલ થાય છે, જે અગ્નિથી વ્યાપ્ત એવા લોઢાના ગોળામાં લગીર પણ છિદ્રો નથી. તેને બુઝાવવા માટે જ્યારે તેના પર પાણી નંખાય છે, ત્યારે છિદ્ર નહિં છતાં નિર્વ્યાઘાતપણે પાણીનો તેમાં પ્રવેશ થાય છે માટે આબાળ ગોપાળ પ્રસિદ્ધ એવું આકાશનું દુર્ભરપણું (ગમે તેટલું નાખે તો પણ જે કોઈ વખતે ભરાય નહીં) જાણીને એક આકાશ-પ્રદેશમાં અસંખ્ય કે સંખ્ય પ્રદેશી વગેરે સ્કંધોના અવગાહ સંબંધી લગીર પણ મુંઝાશો નહિ.

પુનઃ આ વાતને દૃષ્ટાંતથી વિશેષ સિદ્ધ કરે છે. રેતીથી સંપૂર્ણ ભરેલા પ્યાલામાં તેટલું જ પ્યાલા પ્રમાણ પાણીનો સમાવેશ થતો જાય છે. કદાચ કહો કે રેતીથી પ્યાલો ભરેલો હતો. છતાં પોલાણ હતું જેથી પાણીનો સમાવેશ થયો. તો બીજું દૃષ્ટાંત આપે છે. એક દીપકની પ્રભાના સમૂહથી પ્રકાશિત થયેલ ઓરડામાં હજારો દીવાની પ્રભાના સમૂહાકારે પરિણામ પામેલા પુદ્ગલોનો પ્રવેશ પ્રત્યક્ષ પ્રમાણસિદ્ધ છે. તે પ્રમાણે એક આકાશ-પ્રદેશમાં ઘન (સંઘાત) પરિણામ વિશેષના સ્વીકારથી એટલે કે સંઘાત-પરિણામથી અનંત-પરમાણુના બનેલા અનંત સ્કંધો રહી શકે છે, તેમાં જરા પણ શંકાનું સ્થાન નથી.

એ પ્રમાણે પુદ્‌ગલોનું અવગાહ-ક્ષેત્ર કહીને જીવોનું અવગાહ-ક્ષેત્ર કેટલું છે તે જણાવે છે—

सूत्रम्– असंख्येय-भागादिषु जीवानाम् ॥५–१५॥

એક અસંખ્યેય ભાગ બે અસંખ્ય ભાગ ત્રણ અંસખ્ય ભાગ યાવત્ લોકાકાશમાં જીવનો અવગાહ છે.

**ટીકાર્થ**– असंख्येय भागादिषु એવામાં સમાનાધિકરણ (કર્મધારય) ગર્ભિત બહુવ્રીહિ સમાસ છે. लोकाकाशेऽवगाहः એ સૂત્રમાંથી लोकाकाशे એ સપ્તમ્યન્ત પદની અનુવૃત્તિ લેવાય છે અને अर्थवशाद् विभक्तिविपरिणामः એ ન્યાયથી સપ્તમ્યન્તને બદલે ષષ્ઠી વિભક્તિ કરી લોકાકાશના એક અસંખ્ય બે અસંખ્ય વગેરે ભાગોમાં જીવોનો અવગાહ છે. એ પ્રમાણે અર્થની યોજના કરવી.

હવે असंख्येयभागादिषु એ પદનો વિગ્રહ કરે છે. असंख्येयश्चासौ भागः असंख्येयभागः, स आदिर्येषां ते असंख्येय भागादयः

સામાન્યતઃ એવો નિયમ છે કે अन्यपदार्थप्रधानो बहुव्रीहिः બહુવ્રીહિ સમાસમાં અન્ય-પદાર્થની પ્રધાનતા હોય છે, એટલે કે चित्रा गावो यस्यस चित्रगुः गोपः એ સમાસમાં ચિત્રગુ શબ્દથી જેમ ગોપના અર્થનું ભાન થાય છે, તે પ્રમાણે અહીં અન્ય પદાર્થ કયો લેવો? એવી શંકા જો થતી હોય તો કહે છે કે અન્ય પદાર્થ તરીકે તે જ અસંખ્યાતા ભાગો લેવાના છે. તેમાં કોઈ વખતે એક લોકાકાશ પ્રદેશના અસંખ્યાતા ભાગમાં, કોઈ વખતે બે અસંખ્યાતા ભાગમાં, કોઈ વખતે ત્રણે અસંખ્યાતા ભાગમાં (યાવત્ કેવલી સમુદ્‌ઘાતની અપેક્ષાએ સર્વ લોકાકાશમાં) જીવોનો અવગાહ છે.

અહીં શંકા થાય છે કે અસંખ્યાત ભાગ એ શબ્દથી લોકના એક આકાશ-પ્રદેશનું પણ ગ્રહણ થશે. કારણ કે સમગ્ર લોકાકાશના અસંખ્ય પ્રદેશો હોવાથી એક

આકાશ-પ્રદેશ પણ અસંખ્ય ભાગ જેટલો જ છે, તો તેના સમાધાન તરીકે સમજવું જોઈએ કે એક આકાશ-પ્રદેશને લોકના અસંખ્યાતમા ભાગ જેટલો સ્વીકારી એક આકાશ પ્રદેશમાં પણ જીવની અવગાહના ગણવી હોત તો एक-प्रदेशादिषु भाज्यः पुद्गलानां એ પૂર્વ સૂત્રથી આ સૂત્ર જુદું કરવાની જરૂર ન હતી. पुद्गलानां એ પદના સ્થાને जीव-पुद्गलानां કરીને પણ જે શંકાકારનો ઇષ્ટ અર્થ છે તે અર્થની પ્રાપ્તિ થાત, પરંતુ પૃથક્ સૂત્ર રચ્યું છે એથી જ એ સિદ્ધ થાય છે કે असंख्येयभाग એ પદથી એક આકાશ-પ્રદેશ રૂપ અસંખ્યાતમો ભાગ ન લેતાં આગળ ટીકાકાર મહાશય જણાવશે તે પ્રમાણે અંગુલનો અસંખ્યાતમો જ ભાગ લેવાનો છે.

भाष्यम् - लोकाकाश - प्रदेशानामसंख्येय - भागादिषु जीवानामवगाहो भवति, आ सर्वलोकादिति ॥१५॥

**ભાષ્યાર્થ**- લોકાકાશ-પ્રદેશોના અસંખ્યાત ભાગ વગેરેમાં જીવોનો અવગાહ હોય છે તે યાવત્ સર્વલોક સુધી.

**પ્રશ્ન**-जीवस्य એક વચન ન આપતાં સૂત્રકારે जीवानां બહુવચન કેમ આપ્યું ?

**ઉત્તર**- ચૌદરાજ લોકવર્તી જીવોની જઘન્ય, મધ્યમ કિંવા ઉત્કૃષ્ટ એવી કોઈ પણ એક અવગાહના નહિ મળે કે જ્યાં એક અવગાહનામાં એક જ જીવ હોય. સર્વત્ર એક અવગાહનામાં સૂક્ષ્મ-નિગોદની અપેક્ષાએ અનંતા જીવો છે, અને તે જણાવવા માટે એકવચન ગ્રહણ ન કરતાં જીવોનાં બહુવચન ગ્રહણ કર્યું.

**ટીકાર્થ**- આ ભાષ્ય વડે લોકાકાશ એ અધિકાર પદની (આગળના સૂત્રોમાં) અનુવૃત્તિ જણાવાય છે, તેમ જ વિભક્તિ-વિપરિણામ કહેવાય છે. લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે, તે

અસંખ્ય-પ્રદેશ પ્રમાણુ લોકાકાશનો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણુ અસંખ્યાતા ભાગો વડે બુદ્ધિથી વિભાગ કરવાનો છે.

એટલે કે લોકાકાશમાં અંગુલાસંખ્યેય-ભાગ-પ્રમાણુ અસંખ્યાતા વિભાગોની બુદ્ધિથી કલ્પના કરવી, તેમાં જઘન્યથી તેવા એક અસંખ્યાતમાં એક જીવની અવગાહના છે. કોઈક જીવ તેવા બે વિભાગને અવગાહે છે, કોઈક ત્રણ વિભાગને અવગાહે છે, કોઈક ચાર વિભાગને અવગાહે છે, યાવત્ કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ કોઈક જીવ સર્વ લોકાકાશને વ્યાપીને રહેલ છે.

કેવલી સમુદ્ઘાતના પ્રસંગ સિવાય કોઈ પણ જીવ સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપીને રહેતો નથી.

એ પ્રમાણે લોકની મર્યાદા વડે જીવોનો અવગાહ કહ્યો. પરંતુ અલોકાકાશના એક પણ આકાશ-પ્રદેશની અવગાહના જીવોને હોતી નથી. ૧૫

भाष्यम्- अत्राह को हेतुरसंख्येय-भागादिषु जीवानामवगाहो भवतीति ?

અહિં શિષ્ય શંકા કરે છે કે-દરેક જીવોની સંખ્યા નિયત હોવા છતાં કોઈ જીવનો એક અસંખ્યાત ભાગ પ્રમાણુ અવગાહ કહ્યો. કોઈ જીવનો બે અસંખ્યાત ભાગ પ્રમાણુ, કોઈનો ત્રણ કોઈનો ચાર અસંખ્યાત ભાગ, યાવત્ કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વ લોકાકાશ પ્રમાણુ કહ્યો, તેમાં શો હેતુ છે? તેનો ઉત્તર આગળના સૂત્રથી આપે છે.

**ટીકાર્થ**-આત્માના અસંખ્ય પ્રદેશ પરિમાણુ સંબંધી નિયતપણું છતાં કાર્મણ-શરીર વડે પ્રાપ્ત થયેલ ઔદારિકાદિ શરીરના સંબંધથી જીવનું અલ્પાધિક લોકાકાશના પ્રદેશોમાં રહેવાપણું જે કહો છો, તેમાં શું કારણ છે? કારણ કે ચૌદ રાજ લોકવર્ત્તી કોઇ પણ જીવના આત્મ-પ્રદેશોની સંખ્યામાં વૈષમ્ય

નથી. એટલે સરખા પ્રમાણુ વાળાવસ્તુઓનો અવગાહ એક સરખો જોવામાં આવે છે, તો તુલ્ય આત્મ-પ્રદેશોથી સંખ્યાવાળા જીવોના અવગાહમાં પણ સાદ્રશ્ય હોવું જોઈએ, છતાં તુલ્યપણાનો કેમ સ્વીકાર કરતા નથી? એ પ્રમાણે આક્ષેપ થયે છતે સમાધાન આપવા માટે સૂત્ર ફરમાવે છે—

सूत्रम्-प्रदेशसंहार-विसर्गाभ्यां प्रदीपवत् ॥ ५. १६ ॥

સૂત્રાર્થ—પ્રદેશોનો સંહાર-(સંકોચ) અને પ્રદેશોનો વિસર્ગ (વિકાસ)એ બન્ને કારણથી દીપકની માફક જીવોનો અલ્પાધિક અવગાહ હોય છે.

ટીકાર્થ—પ્રદેશ કોને કહેવાય! તે પ્રથમ જણાવેલ છે.

એક આત્માના પ્રદેશો લોકાકાશના પ્રદેશ—તુલ્ય અસંખ્યાત છે. તે આત્મ-પ્રદેશોનો સંકોચ તેમજ વિકાસ એ બન્ને કારણથી દીપકની માફક જીવોની અવગાહનાનું વૈષમ્ય છે.

દીપકનું દ્દષ્ટાંત સમજાવે છે. જે પ્રમાણે દીપકના તેજસ્વી અવયવો-કિરણો અવકાશ પ્રમાણે વિસ્તારને પામનારા છે. અર્થાત્ સ્વલ્પ અવકાશ (નાનો ઓરડો) હોય તો તેટલામાં પ્રકાશ આપે છે, અને મોટો અવકાશ હોય તો (મોટો ઓરડો) તેટલામાં પ્રકાશને વિસ્તારે છે. તે પ્રમાણે આત્મપ્રદેશો ઉત્કૃષ્ટ-કોટિના સંકોચને પામ્યા હોય તો લોકાકાશના એક (અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ) અસંખ્ય ભાગમાં અવગાહીને રહે છે, એ જ તેજ એક જીવના આત્મ પ્રદેશો સર્વોત્કૃષ્ટહદના વિકાસને પ્રાપ્ત થયેલા હોય તો ચૌદરાજ લોકને વ્યાપીને રહે છે, અને મધ્યમ સંકોચ વિકાસ હોય તો મધ્યમ અવગાહનામાં રહે છે. આ વસ્તુ ભાષ્ય-કાર મહારાજા સ્પષ્ટ દર્શાવશે.

શરીરના કોઈ અવયવમાં ગડગુમડ વગેરે થયું હોવાથી તેનું ઓપરેશન કરાવ્યા બાદ જે જગ્યાએથી અળગેલો ભાગ

કાઢી નાખવામાં આવે છે, તે જગ્યા પુનઃ લોહી-માંસથી પાંચ પંદર દિવસે ભરાઈ જતી જોવાય છે. તેમાં આજની વૈજ્ઞાનિક શોધ પ્રાણુવાયુનું કારણ માને છે. એટલે કે ભલે તે બગડેલો ભાગ તે સ્થાનેથી કાઢી નાખ્યો પરંતુ તે સ્થાને પ્રાણવાયુ રહેલો હોવાથી તે જગ્યા પુનઃ લોહી-માંસ વડે ભરાઈ જાય છે, કારણ કે તેવો પ્રાણુવાયુ ન માનીએ તો કાપેલા ભાગે માંસ ભરાય છે, તે પ્રમાણે શરીરના બીજા ભાગ ઉપર ટેકરાની માફક લોહી-માંસ પણ વધવું જોઈએ. એ પ્રમાણે અન્ય ભાગમાં વધતું જોવામાં આવતું નથી, એથી સિદ્ધ થાય છે કે પ્રાણુવાયુ ઓપરેશન કરેલ સ્થાને છે અને બીજા શરીર ઉપરના ભાગમાં નથી. **જૈન દૃષ્ટિ પ્રાણુવાયુને કાર્મણ શરીર માને છે.**

भाष्यम्-जीवस्य हि प्रदेशानां संहार-विसर्गाविष्टौ प्रदीपस्येव ।

**ભાષ્યાર્થ**—દીપકના કિરણોની માફક જીવના પ્રદેશોનો સંહાર-વિસર્ગ ઈષ્ટ છે.

**ટીકાર્થ**—વસ્ત્રની પિંડિત (ઘડી વાળેલી) અવસ્થા અને વિતત (પહોળી) અવસ્થાની માફક અથવા દીપકના પ્રદેશોના સંકોચ-વિકાસની માફક અથવા તો ચામડાના (હવાથી ભરેલા અને હવા વિનાના) દડાની માફક જીવના પ્રદેશોનો સંકોચ-વિકાસ સમજવો.

એટલે એકનું એક વસ્ત્ર ઘડી વાળેલુ હોય તો ઓછી જગ્યા રોકે છે અને એમને એમ છૂટું હોય તો વધારે અવગાહ રોકે છે, અથવા દીપકનો પ્રકાશ નાના ઓરડામાં હોય તો નાના ઓરડામાં અજવાળું આપે છે અને મોટો ઓરડો હોય તો મોટા ઓરડામાં વિસ્તારને પામે છે, અથવા તો ચામડાનો દડો હવાથી ભરેલો હોય તો ઘણા આકાશ-પ્રદેશોને અવગાહે છે. અને હવા વિનાનો દબાવેલો હોય તો ઓછા અવગાહને રોકે છે.

તે પ્રમાણે જીવ-પ્રદેશો પણ કાર્મણ-શરીર વડે પ્રાપ્ત થયેલ ઔદારિકાદિ શરીર નાનું હોય તો નાના શરીરમાં અને મોટું શરીર હોય તો મોટા શરીરમાં અવગાહીને રહે છે.

અહીં શંકા થાય કે સંકોચ-વિકાસવાળા દ્રવ્યો પટાદિ દ્રવ્યોની માફક અનિત્ય થાય છે.

તો તેના ઉત્તરમાં કહે છે કે એ પ્રમાણે એકાંતે અનિત્યપણું કહેવું એ અયોગ્ય છે, કારણ કે અનેકાંતવાદીઓ પટ-પ્રદીપ વિગેરેની એકાંતે અનિત્યતા સ્વીકારતા નથી, **અનેકાંતવાદીઓને દરેક વસ્તુ દ્રવ્યમાં-પર્યાય બન્ને નયો ઇષ્ટ હોવાથી પ્રત્યેક પદાર્થો નિત્ય અને અનિત્ય વિકલ્પયુક્ત જ છે. એ પ્રમાણે જૈનોની પ્રતિજ્ઞા છે.**

આ પ્રમાણે ઉત્તર સાંભળીને વાદી પુનઃ કહે છે કે ઉપરના કથનથી તો આત્મા પણ અનિત્ય થશે તો તેના ઉત્તરમાં કહે છે કે આત્માનું પર્યાયનયની અપેક્ષાએ અનિત્યપણું થાય એ તો અમને ઇષ્ટ જ છે. આવું કથન કરવાથી જેઓની નીચે જણાવાતી માન્યતાઓ છે તે માન્યતાઓનો પણ નિરાશ થશે, તે માન્યતાઓ જણાવે છે :—

वर्षातपाभ्यां किं व्योम्नश्चचर्मण्यस्ति तयोः फलम्
चर्मोपमश्चेत् सोऽनित्यः खतुल्यश्चे दशस्यलः ॥१॥

વરસાદ અને તાપ વડે આકાશને શું લાભ અથવા શું નુકશાન અર્થાત્ કંઈ લાભ અથવા નુકશાન છે નહિ, પરંતુ તે વરસાદ અથવા તાપનું ફળ આકાશમાં રહેલ ચામડાને છે, એટલે વરસાદ પડવાથી ચામડું કોમળ થાય છે અને પહોળું પણ થાય છે. અને તડકો પડવાથી ચામડું સૂકાઈ જાય છે અને સંકોચાય છે.

માટે આત્મા ચામડાના સરખો સંકોચ-વિકાસવાળો હોય તો ચામડું અનિત્ય હોઈ આત્મા પણ અનિત્ય છે અને આકાશના

સરખો આત્માને કહેવો હોય તો આકાશને જેમ સંકોચ-વિકાસ રૂપ કાંઈ ફળ દેખાતું નથી. તે પ્રમાણે આત્મામાં પણ કાંઈ ફળ દેખાવું જોઈએ.

આ પ્રમાણે કથન કરનારાઓનું મંતવ્ય પણ પૂર્વના કથનથી અસિદ્ધ થાય છે, કારણ કે આકાશ એકાંતે નિત્ય નથી, તેમ તેમાં અવગાહીને રહેલ ચામડું એકાંતે અનિત્ય નથી, કારણ કે જગતવર્તી સર્વે દ્રવ્યો ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે અવસ્થાએ યુક્ત હોય છે તે પ્રથમ કહ્યું છે અને આગળ પણ કહેવાશે. જો આત્માને એકાંતે નિત્ય અથવા એકાંતે અનિત્ય માનીએ તો આત્માને કર્મના ફળનો સંબંધ રહેતો નથી અને આત્મા કર્મના ફળનો અનુભવ કરે છે અને પ્રતિપ્રાણી-પ્રસિદ્ધ વિચિત્રતાથી પ્રત્યક્ષ છે, માટે દ્રવ્ય-પર્યાયની અપેક્ષાએ આત્માનું નિત્ય નિત્યપણું છે.

હવે દીપકનો સંકોચ વિકાસ કેવી રીતે થાય છે. તે જણાવવા માટે ભાષ્યકાર મહર્ષિ ફરમાવે છે કે—

भाष्यम्- तद्यथा तैल-वर्ति-अग्निउपादानप्रवृद्धः प्रदीपो महतीमपि कूटागारशालां प्रकाशयति, अण्वीमपि, माणिकावृत्तो माणिकां, द्रोणावृतो द्रोणं, आढकावृत्तश्चाढकं, प्रस्थावृतः प्रस्थं, पाण्यावृतः पाणिमिति ॥

**ભાષ્યાર્થ**- તેલ, વાટ, અગ્નિ એ ઉપાદાન કારણોથી વૃદ્ધિ પામેલો દીપક મોટી પણ શિખરના આકારયુક્ત શાળાને પ્રકાશે છે. નાનીને પણ પ્રકાશે છે, મોટી કોઠીથી ઢંકાયો હોય તો મોટી કોઠીને, દ્રોણ-પ્રમાણ ભાજનથી ઢંકાયો હોય તો તેને, આઢક-પ્રમાણ ભાજનથી ઢંકાયેલો હોય તો તેને પ્રસ્થ-પ્રમાણ પાત્રથી ઢંકાયેલો હોય તો તેને અને ખોબા પ્રમાણ ભાજનથી ઢંકાયેલો હોય તો તેને પ્રકાશે છે.

ટીકાર્થ- દેદીપ્યમાન કિરણોના સમૂહવાળો, કોઠી આઢક (માપવિશેષ) પ્રસ્થ રૂપ જે આધારના સંબંધવાળો તેમ જ નિરાવરણ એવું જે આકાશ તે આકાશમાં વ્યાપ્ત થયેલ અન્ધકાર વડે જેનું પ્રમાણ નિયત થયેલ છે, એવા દીપક સંબંધી પ્રકાશના અવયવો-કિરણોના સંકોચ-વિકાસથી ઓછો, તેથી વિશેષ ઓછો, તેથી પણ વશેષ ઓછો, અથવા તદ્દન બીજો તે દીપક જણાય છે, એને તે જ દીપક કોઠી વિગેરે સર્વ આધાર સંબંધી આવરણ દૂર થયા બાદ પ્રથમ જે હતો તેમાં તે જ મૂળ પ્રકાશવાળો ઘણા આકાશમાં પ્રકાશ આપે છે. તેલ, વાટ અગ્નિ એ દીપકની કારણની સામગ્રી છે. શિખરયુક્ત આકારવાળી શાખા કોઠી વગેરે કહેવાથી દીપકના પ્રકાશની જુદી જુદી અવસ્થાઓ જણાય છે.

આ પ્રમાણે કહેવાથી તાત્પર્ય એ આવ્યું કે કૂટાગાર શાલામાં હોય કે કોઠીમાં હોય, પરંતુ તે દરેક સ્થાને પોતાના પ્રકાશ કિરણ રૂપ જે અવયવો છે તેમાં ન્યૂનાધિક ન કરતાં છતાં પણ દીપક અધિકરણના સંબંધને અંગે અલ્પ વા અધિક દેશમાં પ્રકાશ આપે છે.

भाष्यम्- एवमेव प्रदेशानां संहार-विसर्गाभ्यां जीवो-महान्तमणुं वा पञ्चविधं शरीरस्कन्धं धर्माधर्माकाश पुद्गल-जीवप्रदेश-समुदायं व्याप्नोति, अवगाहते इत्यर्थः

ભાષ્યાર્થ- એ પ્રમાણે જ આત્મા પ્રદેશોનો સંકોચ-વિકાસ વડે જીવ મોટા અથવા નાના યથાસંભવ પંચ પ્રકારના શરીરસ્કંધોને એટલે ધર્માસ્તિકાયાદિકના પ્રદેશ-સમુદાયને વ્યાપીને રહે છે, અવગાહે છે.

ટીકાર્થ—દીપકનું દૃષ્ટાંત આપીને દાર્ષ્ટાન્તિક યોજના કરે છે. જે અર્થ સ્પષ્ટ કરે છે. પંચ પ્રકારના શરીરસ્કંધો એટલે

જ્યાં જ્યાં પાંચ શરીર-સ્કંધોમાંથી કોઈ પણ સ્કંધો છે, ત્યાં ધર્મ-અધર્મ-આકાશ પુદ્ગલ અને જીવના પ્રદેશો રહેલા હોવાથી શરીર સ્કંધની અવગાહનો સાથે ધર્મ-આકાશ-પુદ્ગલ અને જીવના પ્રદેશો સમુદાયની અવગાહના પણ જીવને અંગે આવી જાય છે. પ્રત્યેક આકાશ-પ્રદેશમાં એ પ્રમાણે સિદ્ધ છે, જીવના પ્રદેશોની ભજના છે, કારણ કે જ્યાં એક જીવની અવગાહના છે અને આકાશ પ્રદેશને વર્જી તે પણ જીવની અવગાહના છે. માટે એ પ્રમાણે જીવ ધર્માસ્તિકાયાદિ સમૂહને વ્યાપીને રહે છે.

भाष्यम्-धर्माधर्माकाश-जीवानां परस्परेण पुद्गले षुच वृत्तिर्न विरुध्यते, अमूर्तत्वात्

**ભાષ્યાર્થ-શંકા**-ધર્માધર્માકાશાસ્તિકાય અને જીવાસ્તિકાયનું જુદા જુદા દ્રવ્યો છતાં એક જ સ્થાનમાં તેમજ પુદ્ગલોમાં રહેવાપણું શી રીતે થઈ શકે?

**ઉત્તર**—એ ધર્માદિ ચારે દ્રવ્યો અમૂર્ત-અરૂપી હોવાથી પરસ્પર સાથે રહેવામાં તેમજ પુદ્ગલોમાં પ્રવેશ કરીને રહેવામાં લગીર પણ વિરોધ નથી.

**ટીકાર્થ**—ધર્માદિ દ્રવ્યોનું અમૂર્તપણું હોવાથી પરસ્પર પ્રવેશ કરીને રહેવામાં બાધકપણું નથી. તેમજ પુદ્ગલમાં પ્રવેશ કરીને રહેવામાં બાધકપણું નથી. એ પ્રમાણે પરસ્પર પ્રવેશ હોવાથી જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિની અને અવગાહની સિદ્ધિ થાય છે. તેમજ આત્મા અને કર્મનો ક્ષીર-નીરની માફક વ્યાપક સંબંધ થાય છે,

કારણ કે જ્યાં જીવ અને પુદ્ગલ છે, ત્યાં ધર્માસ્તિકાયાદિ ન માનીએ તો તે સ્થાને અમુક વખત સુધી અવસ્થિત રહેવામાં જે અધર્માસ્તિકાયને સહાયક ગણાવે છે, તે કેમ બનશે? જીવ અને પુદ્ગલોનો પણ પરસ્પર પ્રવેશ ન માનીએ તો જીવ જ્યાં અવગાહીને રહેલો છે, ત્યાં જ અવગાહીને રહેલા કાર્મણવર્ગણા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાનું સિદ્ધાંતમાં યુક્તિ સંગત પ્રતિપાદન છે તે કેમ ઘટી શકે?

માટે ધર્માદિ-દ્રવ્યોનો તેમ જ જીવ-પુદ્ગલનો પરસ્પર પ્રવેશ હોય તેમાં જરા પણ બાધકપણું નથી.

આ વિવેચનથી એ સિદ્ધ થયું કે જીવ-પ્રદેશોના સંકોચ અથવા વિકાસ વડે નાના કિંવા મોટા શરીરને ગ્રહણ કરે છે.

भाष्यम्– अत्राह-सति प्रदेशसंहार–विसर्ग संभवे कस्मात् संख्येय भागादिषु जीवानामवगाहो भवति, नैक प्रदेशादिष्विति, अत्रोच्यते–

**ભાષ્યાર્થ**—અહીં શંકા થાય છે કે-આત્મ-પ્રદેશોનો સંહાર અને વિસર્ગ થાય છે, તો પછી અસંખ્ય ભાગ વગેરેમાં જીવનો અવગાહ શા માટે કહો છો. એક આકાશ-પ્રદેશમાં જીવન સર્વ આત્મપ્રદેશોનો અવગાહ કેમ નથી?

**ટીકાર્થ**—પ્રદેશોનો સંકોચ કરવાની આત્માની જ્યારે શક્તિ છે, તો પછી સંપૂર્ણ કારણ-સામગ્રીથી યુક્ત એવો જીવ સર્વ આત્મ-પ્રદેશોને સંકોચીને અનંત-પ્રદેશી પુદ્ગલસ્કંધની માફક એક આકાશ-પ્રદેશમાં અવગાહીને કેમ રહેતો નથી? કારણ કે તે અસંખ્ય ભાગ પ્રમાણ જઘન્ય અવગાહનાથી ન્યૂન અવગાહના થવામાં કોઈ પ્રતિબંધકનો અભાવ છે. તો પછી અસંખ્ય-ભાગપ્રમાણ વગેરે આકાશમાં અવગાહ કહો છો અને એક આકાશ-પ્રદેશમાં કેમ નથી કહેતા? માટે ઉપરનું કથન યુક્તિ વગરનું છે.

એ પ્રમાણે શંકાના સમાધાનમાં હવે ભાષ્યકાર જણાવે છે, જે અમે યુક્તિ વિનાના પદાર્થનું પ્રતિપાદન કરતા નથી, પરંતુ યુક્તિથી જ પ્રતિપાદન કરીએ છીએ, કઈ યુક્તિ છે? તે જણાવે છે.

भाष्यम्—संयोगत्वात् संसारीणाम् चरम-शरीर-त्रिभाग-हीनावगाहित्वांत् च सिद्धानामिति ॥१६॥

**ભાષ્યાર્થ**—સંસારિઓનું સંયોગીપણું હોવાથી તેમજ અયોગી એવા સિદ્ધોનું ચરમ-શરીરનું ત્રીજા ભાગે રહેવું

હોવાથી આત્મ-પ્રદેશોનો સંકોચ સ્વભાવ હોવા છતાં પણ એક પ્રદેશાદિમાં અવગાહ નથી.

ટીકાર્થ—યોગો ઔદારિકાદિ શરીરરૂપે પ્રસિદ્ધ છે, એટલે કે ભાષ્યમાં જે संयोगतत्त्वात् પદ ગ્રહણ કરેલું છે, તેમાં योगपदथी અહીં ઔદારિકાદિ શરીરોનું ગ્રહણ કરવું છે.

જો કે योगपदथी ઔદારિકાદિ પ્રત્યેક-શરીરનું સામાન્ય ગ્રહણ થઈ શકે છે, તોપણ આ પ્રસ્તુત વિષયમાં કાર્મણ-શરીરનું ગ્રહણ કરવાનું છે, કારણ કે ઔદારિકાદિ કુલ શરીરોનો અવગાહ પણ કાર્મણ શરીરના અવગાહને અનુસરી રહેલો હોઈ કાર્મણ શરીર ઔદારિકાદિ સર્વ શરીરમાં વ્યાપ્ત છે, એ પ્રમાણે કાર્મણ શરીરરૂપ યોગવાળા જીવો સયોગી કહેવાય, એટલે પ્રસ્તુત પ્રકરણમે અંગે સયોગી એટલે કાર્મણ-શરીરી જીવ સમજવો.

સર્વ સંસારી-જીવોને કાર્મણ શરીર અવશ્ય હોય છે, તેથી અનંતાનંત પુદ્ગલસ્કંધોના સમુદાયરૂપ સર્વ સંસારી જીવોમાં રહેલા કાર્મણ શરીરના સંબંધથી સંસારી-જીવનું જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્યાકાશપ્રદેશોમાં અવગાહીને રહેવાપણું છે, પરંતુ અનંતપ્રદેશી પુદ્ગલસ્કંધોની માફક એક પ્રદેશ વગેરેમાં અવગાહીને રહેવાપણું નથી.

જો કે ટીકાકાર મહારાજાએ કાર્મણ-શરીર અનંતાનંત પ્રદેશી અનંતપુદ્ગલોના સ્કંધરૂપે હોઈ જીવોનું અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાહીને રહેવાપણું માન્યું છે, પરંતુ એ વસ્તુ અવશ્ય વિચાર કરવા લાયક છે. કે કાર્મણવર્ગણા યોગ્ય અનંત પ્રદેશી પુદ્ગલસ્કંધો સૂક્ષ્મપરિણામે પરિણમેલા હોઈ એક આકાશપ્રદેશની અવગાહનામાં રહે છે. તો પછી તે જ કાર્મણપુદ્ગલોને અંગે જીવોનું અસંખ્ય આકાશપ્રદેશમાં રહેવા સંબંધી વ્યાખ્યાન કરવું એ કેમ યોગ્ય હોઈ શકે?

ટીકાકાર મહારાજાની વિદ્વત્તા અવર્ણનીય છે. એ મહાશયે કયા આશયથી કાર્મણ-શરીરના આધારે અસંખ્ય પ્રદેશાવગાહી-પણું વર્ણવ્યું હશે, તે તેઓ અથવા કેવળી-ભગવંતો જાણે પરંતુ વિચાર કરતાં કાર્મણ શરીરના અનંત પ્રદેશી પુદ્ગલસ્કંધોના આધારે જીવનું અસંખ્ય-પ્રદેશ=અવગાહિત્વ સિદ્ધ કરવું, તે કરતાં ઔદારિક કિંવા વૈક્રિય-શરીરના સ્થૂલપુદ્ગલ-સ્કંધોના આધારે અસંખ્ય-પ્રદેશ-અવગાહિત્વ સાબિત કરવું, એ વિશેષ બુદ્ધિ-ગમ્ય થઈ શકે તેમ છે.

કારણ કે કાર્મણ-વર્ગણાના પુદ્ગલોની અપેક્ષા ઔદારિક અને વૈક્રિય-વર્ગણાના પુદ્ગલો સ્થૂલ છે.

જો કે કાર્મણ-વર્ગણાની અવગાહના અંગુલાસંખ્યેયભાગ પ્રમાણ છે. અને ઔદારિક-વૈક્રિય વર્ગણાના પુદ્ગલ પણ અંગુલ અસંખ્યેયભાગપ્રમાણ છે; પરંતુ કાર્મણની અવગાહના કરતાં ઔદારિક-વૈક્રિય વિગેરેની અવગાહના પશ્ચાનુપૂર્વીના ક્રમથી વિશેષ મોટી છે. એ પ્રમાણે વર્ગણાની અંગુલઅસંખ્યેયભાગ પ્રમાણ અવગાહનાનાં આધારે કાર્મણ-શરીરની અપેક્ષાએ જઘન્યથી પણ જીવનો અવગાહ અંગુલ-અસંખ્યેયભાગપ્રમાણ હોઈ તેમાં વિરોધ નથી.

ટીકાકાર મહર્ષિનો આશય પણ એ પ્રમાણે હોય તો યુક્તિ સંગત છે.

શંકા-સંસારી-જીવો સયોગી હોવાથી અંગુલાસંખ્યેય ભાગ પ્રમાણ જઘન્યથી ભલે હો! પરંતુ અયોગી તેમજ સિદ્ધના જીવોની અવગાહના એક આકાશ-પ્રદેશ વિગેરેમાં સંકોચથી કેમ ન હોય!

ઉત્તર-અયોગી ગુણસ્થાને વર્તતું ચરમ-શરીરની ભાગ-ન્યૂન શરીરને અવગાહે છે. અને સિદ્ધો પણ તે પ્રમાણે છે. એથી એ જણાવાય છે જે શરીરમાં ત્રીજો ભાગ પોલાણ છે.

અને સકરણ-વીર્યના પ્રયત્નથી યોગનિરોધ-કાળમાં તે શુષિર-ભાગ પુરાઈ જતો હોવાથી અયોગી તેમજ સિદ્ધોની અવગાહના ચરમ-શરીરની અપેક્ષાએ ત્રિભાગહીન અવગાહના છે.

એ કારણથી નિરાવરણ અનંત-વીર્યવાળા ભગવંતને પણ ચરમ-શરીરની અપેક્ષાએ ત્રિ.-ભાગની અવગાહનાથી ન્યૂન અવગાહના આત્મ-પ્રદેશોનો સંકોચ સ્વભાવ છતાં થતી નથી, તો પછી બીજા સંસારી માટે શું કહેવું ! એ પ્રમાણે સ્વભાવ છે.

**જ્યાં સ્વભાવ વસ્તુ થઈ એટલે પ્રશ્નનો અવકાશ રહેતો નથી.**

કદાચ એમ કહો કે સંસારીજીવ સયોગી હોઈ અથવા સકર્મક હોઈ ઉકત અવગાહનાથી ન્યૂન અવગાહના ન થાઓ ! પરંતુ કર્મ-રહિત એવા સિદ્ધના જીવોને વિશેષ સંકોચ કેમ થતો નથી ? એમ જે કહેતા હો તેને કહીએ છીએ: સિદ્ધના જીવોને પણ સંકોચ સંબંધી પ્રયત્ન જ નથી અને પ્રયત્નના અભાવમાં સકરણ-વીર્યનો અભાવ એ જ મુખ્ય કારણ છે, અર્થાત્ સકરણ-વીર્યના અભાવથી પ્રયત્ન નથી અને પ્રયત્નના અભાવથી સિદ્ધના જીવને પણ ચરમ-શરીર-ત્રિભાગહીન અવગાહનાથી વિશેષ સંકોચના અભાવે એક પ્રદેશ વગેરેમાં રહેવાપણું નથી, એ પ્રમાણે પ્રતિપાદન કરવું, તે નિરવદ્ય અથવા બરાબર છે.

**સંક્ષિપ્ત તાત્પર્ય-આ પ્રમાણે છે.**

આત્મ-પ્રદેશોનો સમૂહ વિકાસ અને સંકોચવાળો હોઈ કમળના દાંડલાના તંતુની માફક નહિ તૂટવાપણાએ વિકાસ પામે છે. અર્થાત્ કમળ-નાળને ભાંગતાં તેમાંથી રેસાઓ લાંબી નિકળે અને વચમાંથી તૂટતા નથી. તે પ્રમાણે આત્મ-પ્રદેશો વિકાસ પામતા છતાં પણ વચમાંથી તૂટતા અગર છૂટા પડતા નથી, પરંતુ

આત્મ-પ્રદેશોની શ્રેણીઓ બંધાય છે, વિકાસ છતાં પણ વચ્ચેથી નહિ તુટવામાં કારણ આત્મ-પ્રદેશનું અમૂર્તપણું આત્મ-પ્રદેશોનો વિકાસ સ્વભાવ અને આકાશ-પ્રદેશનું એકત્વ પરિણામ છે. જીવ શરીરની અપેક્ષાએ મોટો થવાથી વિકાસે છે એ તો નક્કી છે. એક જ કમળ-નાળના તંતુ-સમૂહની માફક એટલે જ્યારે એ તંતુસમૂહ વચમાંથી તૂટી જાય છે, ત્યારે જે બાજુ વધારે ભાગ હોય છે તે બાજુ તાંતણા ઓમળી જાય છે, તે માફક શરીર-વ્યાપી જીવના કોઈ અવયવનો થાય છે, ત્યારે નાના અવયવોને છોડીને અર્થાત્ નાના અવયવમાંથી નિકળીને બીજા મોટા શરીર સંબંધી ટૂકડામાં આત્મ-પ્રદેશો આવી જાય છે.

*અહીં સવાલ થાય કે-અવયવનો છેદ થતાં નાના વિભાગમાંથી* મોટા વિભાગમાં આત્મ પ્રદેશોને દાખલ થવાનું જ્યારે જણાવો છો તો મસ્તકનો છેદ થયા છતાં મસ્તક રૂપ નાના વિભાગને છોડીને શરીર રૂપ મોટા વિભાગમાં કેમ આત્મ-પ્રદેશો આવતા નથી! આનો ખુલાસો એ છે કે જીવ-પ્રદેશો જ્યાં વિશેષ એકઠા થઈને રહે છે તેને **સ્થાન** કહેવાય છે. એ પ્રમાણે મસ્તક એ ઘણુંજ મહત્ત્વનું મર્મસ્થાન હોઈ વિશેષ આત્મ-પ્રદેશોની સંખ્યાવાળું છે. બીજા સ્થાનની અપેક્ષાએ મર્મ સ્થાનમાં વેદના પણ ઘણી થાય છે અને આયુષ્યનો ઘાત અધ્યવસાન-નિમિત્ત-વેદના વગેરે સાત કારણોથી થાય છે, એ પ્રસિદ્ધ છે. માટે સંકોચ કિંવા વિકાસ થાય તો પણ નાશ થતો નથી. અને સ્યાદ્વાદી-અનેકાંતવાદીઓને કોઈ પણ વસ્તુનો સ્વતત્ત્વની અપેક્ષાએ દ્રવ્યનયની અપેક્ષાએ નાશ ઈષ્ટ જ નથી, આત્મ પ્રદેશોનો સંકોચ વિકાસ થવા છતાં આત્મ-પ્રદેશોની સંખ્યામાં હાનિ કે વૃદ્ધિ જરા પણ થતી નથી. ક્ષેત્રથી ભલે સંકોચ પ્રસંગે હાનિ વિકાસ-પ્રસંગે વૃદ્ધિ થાએ, માટે આત્મ-પ્રદેશોનો સંકોચ-વિકાસ સ્વભાવ જરૂર સ્વીકારવો.

## આત્માનો ઉત્કર્ષ ક્યારે સધાય ?

શાસ્ત્રકાર મહાત્માઓએ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે "देहदुःखं महाफलं" અર્થાત્ સંયમમાં બાધા ન થાય અને અસંયમનું પોષણ ન થાય તેવી રીતે શરીરને દેવાતી બાધા અગર શરીર દ્વારા સહન કરાતી બાધા મહાફળને દેવાવાળી એટલે મોક્ષના સાધનભૂત નિર્જરા–ધર્મને કરવાવાળી અને વધારવાવાળી છે.

વળી શાસ્ત્રકારો પરિષહ અને ઉપસર્ગોની પીડાને ડગલે પગલે સહન કરવા માટે મોક્ષાર્થીઓને ફરમાન કરે છે. તો પછી દુઃખથી ડરવું એ મોક્ષાર્થીઓને માટે એક અંશે પણ પાલવે નહિ.

છ ખંડના માલિક ચક્રવર્તીઓ અને રાજા–મહારાજાઓ પણ જ્યારે સાધુપણાની દશામાં દાખલ થાય છે, ત્યારે તેઓને અનુચિત અશનાદિકના અને પરિષહ–ઉપસર્ગનાં દુઃખો વેઠવાનો પ્રસંગ આવે છે અને તેવા દુઃખો વેઠવાથી તેઓ પોતાના આત્માનો ઉત્કર્ષ સાધી શકે છે.

## સુખ ઉપર પ્રીતિ અને દુઃખ ઉપર દ્વેષ કઈ અપેક્ષાએ ?

જો કે સંસારના સર્વ જીવોનાં લક્ષણ તરીકે સુખ ઉપર પ્રીતિ અને દુઃખ ઉપર દ્વેષ એ બે વસ્તુઓ શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે, પરંતુ તે સુખ ઉપરનો રાગ અને દુઃખ ઉપરનો દ્વેષ સાંસારિક સાહજિક અને સર્વદાની પ્રવૃત્તિને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે.

એટલે પૂર્વભવમાં બાંધેલા ગાઢતર–કર્મોના ક્ષયને માટે ઉદ્યમવાન્ બનેલા મહાનુભાવોને માટે દુઃખનો દ્વેષ અને સુખનો રાગ હંમેશાં વ્યાપક હોય એટલે અસ્તિત્વમાં હોય એમ સમજવાનું નથી.

આ હકીકત આત્માના અનુપમ સુખને ગૌણ કરીને આલેખાયેલી છે.

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૫૦૬ વર્ષ ૧૫ | વિ. સં. ૨૦૩૬ પુસ્તક ૩


## દાન-ધર્મની મહત્તા

यः सद् बाह्यमनित्यं च, क्षेत्रेषु न वपेद् धनम् ।
कथं वराकश्चारित्रं, दुश्चरं स समाचरेत् ! ॥१॥

**શબ્દાર્થ**-જે મનુષ્ય ઉદ્યમદ્વારા મેળવી શકાય, ઉદ્યમદ્વારા વધારી શકાય, ન હોય તો નવેસરથી પણ આવે એવું ધન શ્રી સર્વજ્ઞ ભગવાન્ અને તેઓના શાસનરૂપ સાતક્ષેત્રમાં ખરચવાદ્વારા વાવશે નહિ તો તે બિચારો રાંક ચારિત્ર શી રીતે આચરશે અને પાળશે ?

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્ય** મ. યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે-જે મનુષ્ય આત્માથી દૂર રહેનાર એટલુંજ નહિ પણ આત્માની સાથે વળગેલા શરીરથી પણ દૂર રહેનાર એવા ધનને આત્માના ઉદય અને મોક્ષની યુક્તિ માટે નહિ વાપરે તે વરાક ચારિત્રને કેમ આચરશે અને આદરથી પાળશે ?

જે મનુષ્ય ધનની આવી સ્થિતિ સમજે છે કે તે ધન આ જન્મમાં અનેક વખત આવી મળે છે અને અનેક વખત જાય પણ છે, અર્થાત્ લક્ષાધિપતિ હંમેશાં લક્ષાધિપતિપણે રહેતા નથી, તેમ દરિદ્રો

પણ હંમેશાં દરિદ્રપણે રહેતા નથી. લાખો લક્ષાધિપતિઓ અંતરાયના ઉદયે કંગાલ થઈ જાય છે અને લાખો દરિદ્રો અંતરાયના ક્ષયોપશમને લીધે લક્ષાધિપતિ અને કોટયાધિપતિ થાય છે. વળી લાખો મનુષ્યો એવા છે કે જેઓ પહેલાં લક્ષાધિપતિ હતા અને હવે કોટયાધિપતિ થયા છે. કોઈ એવા પણ મનુષ્યો છે કે જેઓ પહેલાં કોટીપતિ હતા અને હમણાં લક્ષાધિપતિ છે, એવી રીતે લક્ષાધિપતિ લોકો કોટીપતિ અને હજારપતિ બને છે અને હજારપતિઓ લક્ષાધિપતિ અને કોટીપતિઓ બને છે.

આવી સંસારમાં ધનની વિચિત્રતા દેખીને તે ધનની અનિત્યતા તરફ એક અંશે પણ શંકા ન થાય તેમ છતાં એવા અનિત્ય સિદ્ધ થયેલા ધનને પણ જેઓ શાશ્વત–સુખમય અને નિત્ય અવ્યાબાધ એવા મોક્ષના સાધનભૂત પાત્રમાં ન ખરચે તે રાંકડો ચારિત્ર શી રીતે ગ્રહણ કરશે અને પાલશે?

બીજી બાજુ વિચારીએ તો જે ઉત્તમ–પુરૂષ કે જેઓ સમ્યક્ત્વાદિને પામેલા છે અને જેઓના આત્મામાં મોક્ષની ઈચ્છા અસ્થિમજ્જાએ વ્યાપી રહી છે અને કેવલ મોક્ષનો ઉદ્દેશ છે અને મોક્ષ શિવાય જેઓને સ્વપ્ને પણ અન્ય ઈચ્છા થતી નથી, અને જે ભાગ્યશાળીઓ માટે શાસ્ત્રકારોનું ફરમાન છે કે मोक्खं मोत्तूणर्किंपि ण पत्थेइ અર્થાત્ મોક્ષ સિવાય કોઈપણ ચીજની એ સમ્યક્ત્વાદિવાળાને ઈચ્છા હોય નહિ.

વળી જે મહાપુરુષોને માટે ચક્રવર્તી અને દેવેન્દ્રાદિની સ્થિતિઓ પણ વિરસપણું ચોકખે–ચોક્ખું દેખાડી રહી છે, તે ઉત્તમ–પુરૂષોથી ઉતરતા નંબરના જેઓ વિમધ્યમ પુરૂષો કે મધ્યમ પુરૂષો છે, જેઓને અનુબંધ વિનાનું ઉત્તમોત્તમ પુરૂષ જેવું કર્મ કરવાનું થતું નથી, તેમ કેવલ કુશલાનુબંધવાળું જે ઉત્તમપુરૂષોનું કર્મ તે પણ કરવામાં આવતું નથી, પણ જેઓ મોક્ષના પરમધ્યેયને પહોંચ્યા નથી તેમજ "શ્રી નિર્ગ્રન્થ–પ્રવચન

છોડીને આખું જગત્ અને આખા જગતની સર્વ વસ્તુ ભયંકર અનર્થરૂપ છે" એવી ધારણાવાળા થયા નથી, કુટુંબકબીલા અને ધનમાલના સુખની ઇચ્છા આ ભવને માટે કરે છે અને બીજે ભવે જ્યાં જાય ત્યાં પણ વિશેષે કરીને ધનકુટુંબ-કબીલો ઋદ્ધિ-સમૃદ્ધિની ઇચ્છા રાખે છે. તેવા વિમધ્યમ અને મધ્યમપ્રકારના જીવોને તેઓની તુલના દૃષ્ટિને અંગે જણાવાય કે જ્યારે તમો આવતા ભવમાં સુખની અને ઋદ્ધિ-સમૃદ્ધિની ઇચ્છા રાખો છો, તો ધ્યાન રાખવાની જરૂર છે કે રસાલ જમીન હોય પુષ્કરાવર્ત્ત સરખો વર્ષાદ હોય તો પણ વાવ્યા વિના ખેડુતને પણ બીજી ફસલમાં કાંઈ મળતું નથી, તો પછી તે તમામ મધ્યમ અને વિમધ્યમ જીવો વાવ્યા વિના ક્યાંથી મેળવશે?

આ વાવવાની વાત જે શ્રી હેમચંદ્રસૂરિમહારાજે જણાવી છે તે ખ્યાલ રાખવા જેવી છે.

એકલા ચારિત્રની દુષ્કરતા માટે ધ્યેય રાખીને જો આ શ્લોક કહ્યો હોત તો શ્લોકના પૂર્વાર્ધમાં પણ ત્યાગને સ્થાન આપત અને જણાવત કે क्षेत्रेषु न त्यजेद् धनं અર્થાત્ સદ્આદિ અવગુણોવાળું પણ ધન જીવો જ્યારે ભવાંતરના તેવી જાતના ઉચ્ચતમ જાતના મળતા પદાર્થો માટે પણ ક્ષેત્રોમાં વાપરવા દ્વારા છોડશે નહિં તો સર્વ ત્યાગરૂપ ચારિત્ર શી રીતે કરશે? પણ એમ ન જણાવતાં જે ધનને ક્ષેત્રોમાં વાવવાનું જણાવે છે, તે ઉત્તમ અને ઉત્તમોત્તમ પુરૂષો સિવાયના મધ્યમ અને વિમધ્યમ-પુરૂષોને પણ દાનમાં પ્રવર્તાવતા જણાવે છે.

આ ઉપરથી એમ જણાવે છે કે આ દાનથી મળતા દેવલોકની ઋદ્ધિઆદિ તપાસો. જુઓ કે દેવતાના ભવમાં જે જે દેવતાને જે જે વિમાન કે દેવલોકની માલીકી મળેલી છે, તે કોઈ દિવસ તેમના દેવપણાના ભવ સુધી જવાની નથી. અર્થાત્ દેવલોકમાં ઇંદ્રપણું સામાનિકપણું કે લોકપાલ આદિપણું જન્મથી મળે છે અને મરણની દશા સુધી તેને તે ઇંદ્રપણું આદિ રહે છે. અર્થાત્ ઇંદ્રાદિકના ભવમાં

ઈંદ્રાદિકપણું આવવા-જવાવાળું નથી અને તેથી તે સત્પણ નથી, અનિત્ય પણ નથી. તો તેવી રીતે દેવ-દેવેંદ્રાદિની ઋદ્ધિને આપવામાં સમર્થ એવું ધન ન વાપરે તો તે મધ્યમ કે વિમધ્યમ મનુષ્ય ચારિત્રને ક્યાંથી આદરી અને આચરી શકશે ?

પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી દાનને સહેલું મનાવે છે, અને તે દાનની અપેક્ષાએ ચારિત્રને દુષ્કર જણાવે છે અને જણાવે કે છે ક્ષેત્રોમાં ધનને નહિં વાપરનારો દુષ્કર એવા ચારિત્રને ક્યાંથી કરી શકશે ?

ધ્યાન રાખવું કે **દાન એ દ્રવ્યસ્તવ છે અને ચારિત્ર એ ભાવસ્તવ છે, વળી દાન એ એકાંકી અંગ છે, ત્યારે ચારિત્ર એ શીલ તપ અને ભાવ એ ત્રણ અંગવાળું છે.**

આ ઉપરથી એટલું સમજવાનું છે કે દાનને માટે જેઓ પરિણામનો ઉલ્લાસ ન કરી શકે તેઓ દુષ્કર એવા ચારિત્રને આદરી અને પાળી શકે નહિં. હિંસા કરનારા, જુઠું બોલનારા, ચોરીઓ કરનારા, રંડીબાજીઓ કરનારા જીવો ચારિત્રને પામનારા અને પાળનારા થયા એમ શાસ્ત્રોમાં સ્થાને-સ્થાને છે, પરંતુ કોઈપણ શાસ્ત્રમાં કોઈપણ સ્થાને ધન-ધાન્યાદિના કે કુંટુંબ-કબીલાના મમત્વને છોડયા સિવાયના સાધુ થયા અને સાધુપણું પાલ્યું એવા દાખલા નથી.

**માટે ચારિત્રની ભૂમિકા તરીકે સાત ક્ષેત્રે ધન વાપરવા રૂપ દાનની આવશ્યકતા સ્વીકારવી જોઈએ.**

જ્ઞાની તે કે જે
સમજણપૂર્વક પાપ છોડે

## શરીર પરના મોહની ભયંકરતા

ખરેખર, આ શરીર કેદખાનું છે, જેલ સળગી જાય તો કેદીને સળગવું જ પડે, સુખ-દુઃખ, શાના લીધે ? દુનિયાદારીની આપત્તિ શાને લીધે ? ભટકતી જાતપણું કેવળ આ પાંજરાના લીધે જ. એટલા માટે શ્રી મુનિ સુંદરસૂરિજીએ જણાવ્યું કે—

देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि
देहस्थ एव भजसे भवदुःखजालं ।
लोहाश्रितो हि सहते घनघातमग्नि-
र्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे ॥

**અર્થ**—શરીર પર મોહ કરીને પાપ શા માટે કરે છે ? ખરેખર ! તું શરીરના આશરે છે, એટલે જ તારે બધા દુઃખો ભોગવવા પડે છે.

જેમ કે લોઢામાં પ્રવેશેલ અગ્નિ ઘણના ઘા ખાય છે, પણ આકાશની જેમ જો નિરાશ્રય રહે તો અગ્નિને કે તને કંઈ પીડા જ ન થાય.

એટલે કે દેહમાં મુંઝાઈને ધન-ધાન્ય-અગ્નિ આદિના આરંભ-સમારંભોનું પાપ કેમ જાણતો નથી ? આ શરીરથી તું ટેવાઈ ગયો છે. શરીર એ જ હું, હું એ જ શરીર. આત્માને તો હિસાબમાંથી બહાર કાઢી નાખ્યો છે. શરીર રોગી-નિરોગી તો હું રોગી -નિરોગી, શરીર ઊંચું; તો હું ઊંચો એટલી દશા કરીને તું શરીરમાં મુંઝાઈને દુનિયાનાં બધાં પાપો કરે છે, તે બધાં પાપોનું કારણ શરીર ! પરંતુ ખ્યાલ રાખો કે-સરકાર ગુનેગારને સજા કરે છે, તે સાધન દ્વારા જ સજા કરે છે; કર્મરાજા સજા, યાતના ભોગવાડે છે, તે પણ શરીર દ્વારા ! સાગરોપમો સુધી નરકમાં દુઃખ ભોગવે છે તે શરીર દ્વારા જ !

કોટીધ્વજને ઘેર ધાવણો છોકરો હોય, તેને ઘેર દેવાળું આવ્યું હોય તો છોકરાને કંઈ છે ? છોકરાને શાખ-આબરૂનો

ખ્યાલ નથી, ખાવા-પીવાનો જ ખ્યાલ છે, તેમ આપણને મોક્ષ, ખાવા-પીવા કામ ન લાગે તેવો ખ્યાલ છે. આ છોકરાના વિચારો તે અક્કલની ખામીથી કે વસ્તુતાએ છે! દૂધ વખતે દૂધ પીવા મળી ગયું, તો છોકરાને બસ છે. આબરૂની કિંમત છોકરાને ન હોય.

દુનિયાદારીમાં એના વિષયમાં માચેલા-રાચેલા આત્માના સ્વરૂપને-મોક્ષને સમજે નહીં, તેથી મોક્ષમાં ખાવા-પીવાદિનું સુખ નથી, એમ કહ્યા કરે. એ જ બાળક સમજણમાં આવે ત્યારે, 'તે વખતે ક્યાં મારી આબરૂ હતી?' એમ કહે, અક્કલ આવ્યા પછી આબરૂની કિંમત સમજે. તેવી રીતે અહીં પણ મનુષ્ય વિચાર કરે; ત્યારે ખાવું પીવું, ઓઢવું વગેરે આત્માને કે શરીરને? શરીર પાંચ ભૂતનું પૂતળું, તેને ઉપયોગી વસ્તુ ન મળે એટલે મોક્ષમાં ખાવાનું નહીં, વગેરે વિચારો થાય.

મોક્ષની તુલના પાંચ-ભૂતના પૂતળા સાથે કરી. નાનું બચ્ચું પિતાએ ક્રોડનું દેવાળું કાઢયું છતાં તેના મગજ ઉપર અસર કશી નથી. તેવી રીતે આ આત્માને પણ આ શરીરની કેદમાં-પાંજરામાં એટલી બધી દૃઢતા થઈ ગઈ છે કે-પાંજરાને લીધે આત્માની શી દશા થઈ છે તેનો ખ્યાલ નથી. આ શરીરરૂપી પાંજરામાં નાખીને કર્મરાજા સજા ભોગવાવે છે. જેમ સરકારને હદ, બહારના ગુનામાં ના ઈલાજ રહેવું પડે છે.

એક ખૂન કર્યું તો ફાંસી. ને ૧૦ ગુના વધના કર્યા તો પણ એક જ ફાંસી. નવ ગુનાનું શું? સરકાર દશ વખત ફાંસી દેતી નથી.

પહેલાં છીંડીવાળો કાયદો હતો. ઘણા ટાઈમ પહેલાં ફાંસીની સજામાં ગુનેગારને ફાંસીએ લટકાવવો. એટલું જ માત્ર હતું. કોઈ સારા શ્રીમંતનો છોકરો ખૂનના કેસમાં સંડોવાઈ ગયો. કોર્ટમાં કેસ ચાલ્યો. બેરીસ્ટર ઊભો રાખ્યો.

બેરીસ્ટર કંઈ બોલે નહીં. તે કહે કે મારે કંઈ નથી કહેવું. કેસ સાબિત થયો. ક્રોસ પણ ન કર્યો, ચાર્જ કરી આરોપી ઠરાવ્યો; પેલો શ્રીમંત સમજે છે કે–મારો બેરીસ્ટર બચાવ કરશે, બેરીસ્ટરે ના પાડી કે મારે કંઈ નથી કહેવું.

હવે કોર્ટનો ઉપાય ન રહ્યો, છોકરાનો બાપ બેરીસ્ટરને કહે છે કે આ શું? સજા થઈ. સજા અમલમાં મૂકવાનો દિવસ આવ્યો; છોકરાને માંચડે ચડાવ્યો કે તરત બેરીસ્ટરે માંચડો તોડી નાખ્યો; વાંચો, કાયદામાં એમ લખ્યું છે કે–'ગુનેગારને ફાંસીને લાકડે લટકાવવો.' બસ લટકાવી દીધો. લખેલી સજાનો અમલ થઈ ગયો. 'મારી નાંખવો' એમ નથી લખ્યું. સરકારી હોદ્દેદારો બીલે મુખે પાછા ગયા.

પછી સુધારો કર્યો કે–મરે ત્યાં સુધી લટકાવવો. આમ પહેલાં બારી હતી. તે વખતે દસ વખત પણ સજા કરી શકત. હવે તો બારી વગરનો ચોખ્ખો કાયદો છે. જીવ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી ફાંસીને લાકડે લટકાવવો.

તેમાં પણ કોઈએ દસનાં ખૂન કર્યાં, તેમાં એક ગુનાની સજા થઈ, નવનું શું? ત્યાં સરકારની સજા ચાલી શકતી નથી. કોઈ દેશપ્રેમી હિંદુને ફાંસી થઈ ત્યાં તેણે કહ્યું કે–આ જન્મ કે આવતા જન્મ માટે? હું અનેક જન્મ માનનાર હિંદુ છું.

એમ અહીં ગુનાની સજા થઈ, પરંતુ આવતો જન્મ પણ તમારે માટે છે. આગળ અહીંયાની સરકારની સત્તા નથી.

પરંતુ કર્મરાજાની ચારે ગતિમાં રખડાવવાની સત્તા છે. અહીં આ પાંજરામાં રાખે, તો જ સજા બજાવી શકે. ત્યાં શરીરરૂપી પાંજરામાં રાખે તો જ સજા બજાવી શકે. 'देहस्थ एव भजसे' ભલે શરીરરૂપી કર્મની કેદમાં રહેલો છે, માટે સુખ–દુઃખ ભજે છે.

આગને કોઈપણ મારતું નથી. લોઢામાં પેસે એટલે ઘણ ખમવા પડે. અગ્નિ ઘણના માર શાથી સહન કરે છે? લોઢામાં પેઠો તેથી. આથી કહે છે કે-'नभोवत् अनाश्रयत्वे'

આકાશની જેમ અનાશ્રયપણામાં-મોક્ષમાં મઝા છે. આકાશને ઘણ વાગે છે? તે કોઈમાં પેસતું નથી. માટે તું શરીરના બંધનથી નિરાળો હોય તો જન્મ-જરા-મરણાદિ દુઃખ સહન કરવાનું હોય નહીં.

શ્રી આગમોદ્ધારક દેશના સંગ્રહ ભાગ-૧ દેશના ૨૪ પા. ૨૨૮

## દુઃખને સહન કરતાં શીખો!

"મનુષ્યે સુખશીલતાવાળા ન થતાં દુઃખની સહિષ્ણુતાવાળા થવું જોઈએ.

જે મનુષ્યો સુખશીલતાથી જીવન ગુજારવાવાળા હોય છે તે મનુષ્યોને તાત્કાલિક સંયોગે આપણે આપતાં કઈ દશા થાય છે? તે સુજ્ઞ મનુષ્યોના ધ્યાન બહાર નથી!

સુજ્ઞ મનુષ્યો જાણે છે કે—

દેશના નેતાઓ દેશના ઉદ્ધારને અંગે કારાગૃહમાં જવું પડે એ પ્રથમ નક્કી કરીને તે કારાગૃહની દશાને લાયક નીતિએ પણ સ્વાધીન દશામાં વસે છે અને કારાગૃહની રીતોએ ટેવાયેલા મનુષ્યો અનેક વખતે કારાગારમાં ગયા છતાં દેશની ઉન્નતિના ધ્યેયને છોડતાં નથી."

પર્યુષણા પર્વનું ઉત્તમ ધ્યેય—પા. ૫૨




[ પૂ. આગમોદ્ધારક બહુશ્રુત ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવશ્રીના તાત્ત્વિક લખાણો-વ્યાખ્યાનોના સંગ્રહરૂપ પ્રકટ થતા "આગમ-જ્યોત"ના ત્રીજા પુસ્તકમાં રાખેલ મુજબ પૂ. આગમોદ્ધારકશ્રીના આગમિક-પદાર્થોની છણાવટવાળા વ્યાખ્યાનો-નિબંધો-સ્વતંત્ર લેખોનું સંકલનાત્મક પ્રકાશન થાય છે.

તે મુજબ પૂ. આચાર્યદેવશ્રી હંસસાગર સૂરીશ્વરજી મ. સંગ્રહમાંથી પ્રાપ્ત થયેલ વ્યાખ્યાનો વ્યવસ્થિત કરી પ્રકાશિત કર્યા છે. સં.]

## આગમોની અત્યંત હિતકારિતા

[ આ વ્યાખ્યાન પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ સં. ૨૦૦૩ વૈ. સુ. ૧૧ નેમુભાઈ શેઠની વાડીમાં સુરત જૈન તામ્રપત્ર આગમમંદિર સંસ્થાની સ્થાપના પ્રસંગે ચતુર્વિધ સંઘ સમક્ષ આપેલ, તેનો ઉતારો પૂ. આ. શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. ના સંગ્રહમાંથી મળેલ, તે વ્યવસ્થિત કરી રજુ થાય છે. ]

आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणा ।
जिणो तित्थं सुअं संघो, सव्वे ते बहुमन्निआ ॥

શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે-સંસારમાં જે મતો પાપ-પુણ્ય અને મોક્ષને માનનારા છે, તે તમામ મતો ત્રણ તત્ત્વોમાં તો સમાન માન્યતા ધરાવે છે, તે કયા ત્રણ તત્ત્વો ? દેવ, ગુરૂ અને ધર્મ.

કોઈપણ આસ્તિક મતવાળાઓ દેવ, ગુરૂ કે ધર્મ એ ત્રણ તત્ત્વને માનવામાં આનાકાની કરતા નથી, એને અંગે નકારતા નથી. અર્થાત્ 'તે ત્રણને ન માનવા' તેવો કોઈપણ આસ્તિકનો અવાજ નથી. વસ્તુસ્થિતિ જો આમ છે તો પછી ભેદ કયાં પડે છે ? તો સમજો કે સ્વરૂપમાં !

'દેવ માનવા' તે વાતમાં દરેક આસ્તિક-દર્શનો એકમત છે. ગુરૂ માટે પણ તેમજ અને ધર્મ માટે પણ તેમજ, પોતાને અધર્મી કહેવડાવવા કોઈ તૈયાર નથી, પરંતુ તે દરેક પોતાને જે દેવ, ગુરૂ અને ધર્મને માનવાવાળા તરીકે ઓળખાવે છે, તે માત્ર નામથી જ, સ્વરૂપથી નહિ, કારણ કે કોઈ પરમેશ્વરનું કેવું સ્વરૂપ માને છે ? અને કોઈ કેવું ?

આ. પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે—'बहुत्वात् परीक्षाऽवतारः' અર્થાત્ ઘણાં હોય ત્યાં પરીક્ષાનો પ્રસંગ છે. દેવદત્તને જો એક જ છોકરો હોય તો મોટા-નાનાનો વિભાગ કયાંથી હોય ? એમજ દેવ પણ જો એક જ હોત તો પરીક્ષાનો અવકાશ ન હોત, પણ મત બહુ તેથી દેવ બહુ છે, અને તેથી દેવ બાબત પરીક્ષાનો અવકાશ છે.

આ પરીક્ષા કેવી રીતે કરવી ? જૈનેતરો ભૌતિક સંબંધે પરીક્ષાના અંગે ધન-સ્ત્રી-માલ વગેરે દેવ આપે છે, તેથી દેવ માને છે. જૈનો આત્માને અવિચલ પદ પમાડવાનું સાધન જેઓએ અમલમાં મુકયું અને બતાવ્યું, તેને અને તેથી દેવ માને છે.

ગૃહિલિંગે કે અન્યલિંગે પણ સિદ્ધ થનારા હોય છે, છતાં તીર્થંકર મહારાજ ઘરમાં કેમ ભાવના ભાવીને સિદ્ધ થતા નથી?

ભૂતકાળે, વર્તમાનકાળે કે ભવિષ્યકાળે તીર્થંકરો ગૃહી કે અન્ય લિંગે સિદ્ધ થતા નથી. કારણ કે—જે માર્ગ તેમણે દેખાડવો છે તે માર્ગનો પોતાને અમલ કરવો છે. જો તેઓ ગૃહિલિંગે રહે તો સાધુમાર્ગનું દૃષ્ટાંત બીજાને પૂરું પાડી શકે નહિ.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મ. જણાવે છે કે–ઉપસર્ગ–ત્યાગાદિ કરીને પણ જો કર્મનો જ ક્ષય કરવાનો છે, તો જેના આત્મામાં ઘણી શક્તિ છે એવા તીર્થંકરો, ગૃહવાસે રહીને પણ કર્મોનો માત્ર ભાવનાથી ક્ષય કરી દે છતાં, તેઓ ચારિત્ર કેમ લે છે? ત્યારે સમજો કે–તીર્થંકરો પોતાને માટે દીક્ષા લેતા નથી, ત્યાગ કરતા નથી. જગતને માટે દીક્ષા લે છે, ત્યાગ કરે છે. હું જગતને આ માર્ગે દોરું. એ પૂર્વની ઉત્કટ ભાવનાના બળે એમને ચારિત્ર લેવું જ પડે.

આથી જ દરેક તીર્થંકરને પાંચ કલ્યાણક નક્કી! જો તીર્થંકરો ગૃહી કે અન્ય–લિંગે કેવળજ્ઞાન પામે તો દીક્ષા કલ્યાણક ક્યાં રહ્યું? ત્યારે કહો કે જગતને કેવલજ્ઞાન પ્રાપ્તિના પંથે પ્રવર્તાવવાને માટે ભગવંતને ચારિત્ર લેવું પડે.

વળી તીર્થપતિઓને વ્રતના વિભાગ તરીકે ઉપસ્થાપના આદિ હોય નહિ. ત્યારે તીર્થંકરોને વ્રતોને માટે કેમ? શાસનની પ્રવૃત્તિ માટે ઉપસ્થાપનાનું જિનશાસનમાં નિયમિતપણું હોવાથી તીર્થંકરો સામાયિક ઉચરે છે તેની સાથે જ વ્રતો હોય છે, માટે જ શાસ્ત્રકાર 'व्रतानि विधिवत्०' કહે છે.

જગતને શમસુખ આપવાને માટે પ્રવૃત્તિ છે. તેથી જ તીર્થંકરો ત્યાગ કરે છે. આ રીતે ધર્મમાં પણ છે. અન્ય–દર્શનીઓને ભૌતિક

સાધનોને સુધારનારો ધર્મ માનવાનો, અને જૈનોને આત્મીય-સાધનને સુધારનારો ધર્મ માનવાનો.

કોઈ પણ મતવાળાને પરમેશ્વર વર્તમાનમાં પ્રત્યક્ષ નથી. ક્રિશ્ચિયનોએ ઈસુને દેખ્યા નથી. બૌદ્ધોએ બુદ્ધને દેખ્યા નથી. મુસ્લિમોએ મહમદને દેખ્યા નથી. ત્યારે સમજો કે તેઓ પોતાના શાસ્ત્રને આધારે જ પોતપોતાના દેવને માને છે. આથી નક્કી થયું કે દેવને ઓળખવાની જડ જો કોઈ હોય તો તે શાસ્ત્રો.

મહાવીર સર્વજ્ઞ થયા. ઇન્દ્રોએ પૂજ્યા વિ. આપણે દેખ્યું ? નહિ. ત્યારે એ બધું શેને આધારે માનીએ છીએ ? શાસ્ત્રને આધારે. તેવી જ રીતે આવું અને આમ આચાર પાળે તે ગુરુ કહ્યા. તે વાત માન્યા સિવાય કોઈ ગુરુમાં તે ગુરુતાનું સ્વરૂપ દેખ્યું ? તેવી જ રીતે અમે ધર્મ કર્યો, એમ કહ્યું પણ દેખ્યો ? નહિ. ત્યારે કહો કે દરેકને માનવા કોઈ પણ આધાર હોય તો તે શાસ્ત્ર જ છે. માટે જ શાસ્ત્રકાર અહીં કહે છે કે 'आगमं आयरंतेणं'.

પણ ધ્યાન રાખજો કે પ્રજા કરતાં જાસૂસો ઘણી જ વફાદારી દેખાડે, કારણ પ્રજાને પકડાઈ જવાનો ભય નથી. જ્યારે જાસુસને પકડાઈ જવાનો ભય છે.

મોહની આધીનતામાં ઘૂંચાયેલો મનુષ્ય, જ્યાં પૌદ્‌ગલિક ઈચ્છાવાળો હોય ત્યાં એટલો બધો 'તે તે નહિં મળે તો ? એવો ભય ધરાવે છે.' એ એટલો બધો પૌદ્‌ગલિક પદાર્થો મેળવવા તૈયાર રહે. પણ એથી આત્માને માટે શું ?

માટે કહ્યું કે अत्तणो हियकंखिणा મનુષ્ય આત્માની હિતની બુદ્ધિ-વાળો હોવો જોઈએ. જે સાધુને આત્માના હિતની ઈચ્છાએ આગમોનો આદર કરવો છે, તેને તો દહેરૂં પાસે હોય છતાં જો વરસાદ વર-સતો હોય તો ચિંતવે કે ભગવાનની આજ્ઞા નથી. આથી દેરે ન

જાય ત્યારે કહો, દર્શન કરવા જોઇએ, તેને બદલે તે દર્શન કરવા તો નથી ગયો. છતાં તે આરાધક ખરો ને? શાથી? શાસ્ત્રના આધારે વર્તે છે, તેથી.

**આગમનું આલંબન આગળ કરીને તીર્થંકર કે ગુરુની કારણવશાત્ સેવા ન કરે તો પણ તે દેવ અને ગુરુને માનનારો છે.** પણ ક્યારે? આગમને આગળ કરીને આગમ ના કહે ત્યારે ન આચરે. આગમ ના ન કહેતું હોય ત્યાં તો દેવ, ગુરુ અને ધર્મને આચરે જ. દેવ, ગુરુ ધર્મમાં બહુમાનની મનમાં શ્રેષ્ઠતા ન હોય તો તે કામનું નથી. **આગમનો આદર કરવાવાળો જ ખરેખર તે તત્ત્વત્રયીને સેવવાવાળો ગણાય.**

આ વાત ધ્યાનમાં લેશો ત્યારે સમજાશે કે 'हा अणाहा कहं हुता" એ વસ્તુ યથાર્થ છે. આ આત્માને દોરનાર કોણ? આગમ અને એથી જ કહ્યું કે 'ण हुंतो जो जिणागमो' જો જિનાગમો ન હોત તો અમારૂં શું થાત? આથી સ્પષ્ટ છે કે દેવ અને ગુરૂની ઓળખાણ આપનાર આગમ જ છે. ધર્મને પણ તે જ ઓળખાવે છે.

આવી આગમની મહત્તા સમજશો ત્યારે ખ્યાલમાં આવશે કે તીર્થંકર મહારાજાઓએ સ્થાપેલા ગણધર ભગવંતોએ કરેલ દ્વાદશાંગીની રચના વખતે દેવતાઓએ વાસક્ષેપ કર્યો, તે પણ આગમની મહત્તાને અંગે જ.

તે વખતે સામાન્ય-કેવલીઓ પણ ગણધર ભગવંતની પાછળ બેસે. કેમ? આશાતના નહિ? નહિ જ. કારણ કે કેવલજ્ઞાન કરતાં આગમ ઉત્કૃષ્ટ છે. **કેવલીમાં રહેલ કેવલજ્ઞાનના આધારે કોઈ સ્વરૂપ આપણાથી જાણી શકાતું નથી.** કેવલી પણ બોલે ત્યારે આપણે દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ જાણી શકીયેને? કેવલી ન બોલે તો તે તત્ત્વત્રયીનું સ્વરૂપ છદ્મસ્થો શી રીતે જાણી શકે? કેવલી પોતે જાણે તે વાત જુદી! પરંતુ શાસનવર્તી જીવોને તો તે

કેવલી પણ બોલે ત્યારે જ તત્ત્વત્રયીનું સ્વરૂપ જણાય ને ? કેવલીના કેવલજ્ઞાનથી છદ્મસ્થાને તત્ત્વત્રયીનું સ્વરૂપ જણાય ? નહિ જ.

આ વાત ખ્યાલમાં લેશું ત્યારે સમજાશે કે શાસ્ત્રકાર બધા જ્ઞાનોમાં શ્રુતજ્ઞાનની મહત્તા કેમ જણાવે છે ? શાસનની અપેક્ષાએ **કેવલજ્ઞાન કરતાં ઉપકારની દૃષ્ટિએ શ્રુતજ્ઞાનની મહત્તા છે.** જેમ જંગલમાં હીરા કરતાં લોટા–પાણીની મહત્તા છે, કારણ કે ત્યાં જીવનને ટકાવનાર હીરો નથી પણ પાણી છે. કેવલજ્ઞાન હીરા જેવું છતાં શાસનને ટકાવવા તો શ્રુતજ્ઞાન જ પાણીના લોટાનું કામ કરે છે. એથી જ સામાન્ય કેવલીઓ ગણધર–ભગવંતોની પાછળ બેસે છે. શ્રુતજ્ઞાનની આવી મહત્તા છે.

## સંસારમાં પરિભ્રમણ શાથી !

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।
आत्मीय-ग्रह-मोक्षश्च, धर्म-हेतु-प्रसाधनम् ॥

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય મહારાજ શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા,** ભવ્ય–જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા આગળ સૂચવી ગયા કે–

આ સંસારમાં આ જીવ અનાદિકાળથી રખડયા કરે છે. રખડતાં રખડતાં જ મનુષ્ય ભવ પ્રાપ્ત થવો ઘણો જ મુશ્કેલ છે.

હવે શંકા થાય કે–અમને પોતાને ‘તમે અનાદિ રખડતાં જણાવો છો’ તો અમારે જણાવવું પડે કે–અમને જ્યાં આ ભવ કે આ જન્મનો પણ ખ્યાલ નથી ત્યાં અનાદિની વાતનો ખ્યાલ કેમ માનીએ ? અમે માતાના ઉદરમાં અંધારી–કોટડીમાં ઊંધે માથે ૯। મહિના રહ્યા તેનો પણ ખ્યાલ નથી.

વળી જન્મ્યા પછી માતાનું દૂધ પીધું હતું, પારણામાં પોઢયા હતા, ધૂળમાં આળોટયા હતા, પાછળ હાથ રખાવીને ચાલતા હતા, આ બધું ખરૂં, પણ તે દરેકનો અમને ખ્યાલ નથી એ રીતે. જ્યારે અમને આ જન્મ કે આ ભવનો ખ્યાલ નથી તો પછી ગયા ભવનો અને ગયા જન્મનો ખ્યાલ કયાંથી હોય? જ્યારે તેનો ખ્યાલ ન હોય, તો અમારી આગળ ભાગવત જેવું કેમ ન ગણાય? ભેંસ એક અક્ષર સાંભળે નહિ, સમજે નહિ અને તેની આગળ આખું ભાગવત વાંચવું તે શું કામનું?

'અમને આ ભવ કે આ જન્મનો ખ્યાલ નથી તેમ ગયા ભવ ને ગયા જન્મનો ખ્યાલ નથી' આનું સમાધાન સમજો. કેટલીક વસ્તુ એવી હોય છે કે વિશેષનો ખ્યાલ ન આવે, પણ સામાન્યનો ખ્યાલ આવે.

તમારા હાથમાં ઘઉંનો દાણો હોય, હવે તે કયાંથી આવ્યો? કયા ભંડારમાં હતો? તે કોને આપ્યો? કયા ખેતરમાં વવાયો? કયા ખેડૂતે વાવ્યો? કોણે લણ્યો? કયા ગાડામાં આવ્યો? તે વગેરે આપણે જાણતા નથી પણ બીજ વવાયું હતું, અંકુરો થયો હતો, છોડ ઊગ્યો હતો અને તેમાંથી જ આ દાણો આવ્યો એ નક્કી છે. અંકુરો કે છોડવો ન થયો હોત તો આ દાણો ન હોત.

એવી રીતે ભવાન્તરને પણ સામાન્યપણે સમજી શકીએ. કેટલાક પદાર્થનું વિશેષ સ્વરૂપ ન જાણીએ. છતાં સામાન્યથી નિશ્ચિત કરી શકીએ. તેમ આપણે ગયો ભવ ને ગયો જન્મ કે આ ભવ અને આ જન્મને વિશેષ ન જાણીએ, પણ તેનો સામાન્યપણે નિશ્ચય કરી શકીએ. 'જન્મ અને કર્મ' આ બેના પરસ્પર સંબંધનો નિશ્ચય આ મુજબ કરી શકાય. દરેક જીવને પોતાનો જન્મ તો પ્રત્યક્ષ છે ને? તો પછી તે જન્મ કયારે બન્યો? કર્મ હતાં ત્યારે. કર્મ કયારે બન્યાં? તો પહેલાં જન્મ

હતો ત્યારે. જેમ બીજથી અંકુરો, અંકુરોથી બીજ, પાછો બીજથી અંકુરો, અંકુરોથી બીજ; **તેમ જન્મથી કર્મ, કર્મથી જન્મ** તેમ સમજવું. હવે પહેલું બીજ માનીએ તો તે ક્યાંથી આવ્યું? પહેલાં અંકુરો માનીએ તો તે ક્યાંથી આવ્યો? આમ પ્રશ્ન થાય. ત્યાં પહેલાં એકલું બીજ કે પહેલાં અંકુરો ન માની શકાય. માટે **બીજ અને અંકુરાની પરંપરા અનાદિની માનવી પડે.**

અન્ય દર્શનકારો, ઈશ્વરને સૃષ્ટિના સર્જનહાર તરીકે માને છે. જૈનેતરોએ સૃષ્ટિના સર્જન કરનારા અને જૈનોએ સ્વતંત્રતાનું સર્જન કરનારા હોય તે પરમેશ્વર માન્યા છે. જૈનેતરો ઈશ્વરને સૃષ્ટિના સર્જનહાર તરીકે માને છે, છતાં તેમના શંકરાચાર્ય સંસારને અનાદિનો માને છે. એ આશ્ચર્ય છે.

બીજ-અંકુર ન્યાયે કરીને આ સંસાર અનાદિનો છે. ઈશ્વરને સર્જનહાર તરીકે માનીએ તો જીવનો જન્મ વગર-કર્મે થઈ ગયો તેમ માનવું પડે? અથવા કર્મ વગર જન્મ થઈ ગયો એમ માનવું પડે. જન્મ વગર એકલું કર્મ કે કર્મ વગર એકલો જન્મ મનાતો નથી. જન્મ તે કર્મને અને કર્મ તે જન્મને આધીન હોય છે. આ પ્રમાણે જ્યાં તે બન્ને વસ્તુ કાર્ય-કારણ રૂપ છે, ત્યાં તેની પરંપરા અનાદિની હોય છે. તે સ્વતંત્ર અને પરસ્પર કાર્ય-કારણ તરીકે કેવી રીતે? તે સમજો.

અંકુરો, તે કાર્ય કે કારણ બન્ને રૂપે છે. પહેલાંના બીજનું કાર્ય, અને નવા બીજનું કારણ છે. બીજ પણ પહેલાંના અંકુરાનું કાર્ય અને નવા અંકુરાનું કારણ છે. આ રીતે પરસ્પર કાર્ય કારણ રૂપ છે.

જે વસ્તુ પોતે સ્વતંત્ર કાર્ય-કારણ રૂપ અને પરસ્પર કાર્ય-કારણ સંબંધ હોય તેને અનાદિની માનવી પડે. તેમ અહીં

આગળ જન્મ અને કર્મ તે બંને પરસ્પર કાર્ય-કારણરૂપ છે. આ જન્મ તે પહેલાંના કર્મનું કાર્ય અને નવા કર્મનું કારણ છે. તેમ કર્મ તે ગયા જન્મનું કાર્ય અને નવા જન્મનું કારણ છે. તેથી જન્મ અને કર્મ તે બંને સ્વતંત્ર કાર્ય-કારણરૂપ અને પરસ્પર કાર્ય-કારણ રૂપ છે માટે તે અનાદિના છે.

આપણે જન્મવાળા છીએ તે અનુભવ-સિદ્ધ વાત છે. જન્મ સાખી બતાવવો પડતો નથી. જન્મ સિદ્ધ છે. તો પછી તેનું કારણ કર્મ માનવું પડે. આમ હોવાથી કર્મનું કારણ જન્મ માનવો પડે, માટે જ તેની પરંપરા અનાદિની માનવી પડે. તેથી રખડપટ્ટી અનાદિની છે એમ સાબિત થાય છે.

અહીં એમ પ્રશ્ન થાય કે આ સાબિતી મુશ્કેલીથી થાય છે. તો પછી તેની ભાંજગડમાં પડવાનું શું કામ? દુનિયામાં કહેવત છે કે-ગઈ ગુજરી ભૂલી જાવ, गतं न शोचयेत् અમે અનાદિથી ભટકતા હોઈએ તેની તમારે મતલબ શી? કૂવામાં મનુષ્ય પડયો હોય તેને બહાર કાઢવો કે તે કયાંનો છે? કયાંથી આવે છે? શા માટે નીકળ્યો? કયાં જતો હતો? કેવી રીતે પડયો? તે વિચારો છો?

તો કહેવું પડે કે-તે વિચારવાનો અવકાશ નહિ. પણ તેને કેમ કાઢવો? તેનો તો વિચાર કરવાનો. પંડિતોમાં જે કહેવત છે કે-'गतं न शोच्यं बुधैः' તેનો વિચાર કરો! ગઈ વસ્તુનો અફસોસ કે શોક ન કરવો, પણ તે વખતે સમજુનું કામ કયું? ગઈ વસ્તુનો ખેદ ન કરવો પણ તેના જવાનાં કારણો જાણીને તે તે કારણોથી દૂર રહેવું તે ખરૂં જને? ભૂલ થઈ હોય તેનો શોક ન કરો પણ તેવી ભૂલ બીજી વખત ન આવે. તેમ તો વિચાર કરવો જ જોઈએ ને?

વારંવાર ભૂલ કરવી, ભૂલથી ખસવું નહિ, તે તો વિકલેન્દ્રિયનું કામ ગણાય. કહેશો કે કેમ? કોઈ એક પદાર્થ તરફ કીડીઓ

જતી હોય, તેના ઉપર ચોંટીને તે મરી જાય. ત્યારે બીજી કીડીઓ એમ ન વિચારે કે આ સ્થાને આટલી તો મરી ગઈ માટે આપણે ન જવું પણ તે તો સીધી જઈને તેના ઉપર જ પડે છે. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય માટે એમ છે કે ભૂલનો ભોગ બીજો બનતો હોય તો તે જોઈને સંજ્ઞી પંચેન્દ્રિય સમજી જાય. માંખો ટપટપ પડતી જાય ને મરતી જાય તો આગળ ગયેલી મરી ગઈ હશે! કેમ હું જાઉં! તેનો વિચાર તેને નહિ.

પહેલા કાળમાં કુતરાને મારવા માટે ઝેરી બરફી નંખાતી હતી. તે બે દહાડા નાંખે તેમાં બે ચાર કુતરા મરતા દેખીને બીજા કુતરા ત્યાં ન આવે. જ્યાં આગળ કુતરાને માર પડતો હોય ત્યાં તેના ઘર આગળ તે ન જાય. પણ રોટલો મળતો હોય, તો પુંછડી હલાવતો આવે છે. ભુતકાળની ભૂલનો ભોગ ભૂલી જવો તે જાનવરથી પણ ન બને, તો મનુષ્યથી કેમ બને?

આથી તે નક્કી થયું કે અનાદિ કાળથી ભટકયા તે સમજીએ નહિ તો તેના ભોગથી બચી શકીએ નહિં.

ધ્યાન રાખવું કે જ્યાં સુધી મનુષ્યને દર્દની ભયંકરતા લાગી નથી ત્યાં સુધી તેને વૈદ્ય, દવા અને પરિચર્યાની કિંમત નથી. વૈદ્ય દવા અને ચરીની કિંમત કોને? તો દર્દની ભયંકરતા લાગી હોય તેને. જેમ નાના છોકરાને સંગ્રહણી થઈ હોય, વૈદ્યને બોલાવ્યો, વૈદ્યે કહ્યું કે સંગ્રહણી થઈ છે. પછી વૈદ્ય ચાલ્યો ગયો. છોકરો બહાર રમવા નિકળ્યો. ત્યાં પાડોશીએ પૂછ્યું: બેટા વૈદ્ય આવી ગયો? ત્યારે છોકરો કહે કે હા—તે શું કહી ગયો? તો કહે કે સંગ્રહણી થઈ છે. આ છોકરાને મનમાં કયાંય ચિંતા રૂપ વિચાર કે વિકાર છે? તો ના. કેમ? તેને દર્દની ભયંકરતા શી?

તેમ અહીં આગળ જીવ ધર્મ શા માટે કરે? ધર્મ એ આત્માના ભવરૂપી રોગને કાઢવાની દવા છે. જેને ભવરોગનું ભયંકરપણું ન ભાસે, તેને ધર્મરૂપી દવાની કિંમત ન લાગે અને તેના દેનારાની

કિંમત હોય જ ક્યાંથી? ધર્મરૂપી દવા, દેવરૂપી વૈદ્ય અને પરિચર્યારૂપી ગુરુની કોને કિંમત નથી? ભવરૂપી રોગની ભયંકરતા નથી લાગી તેને!

ભવરૂપી રોગની ભયંકરતા ભાસી હોય તેને દેવરૂપી, વૈદ્ય ગુરુરૂપી પરિચર્યા અને ધર્મરૂપી દવાની કિંમત હોય છે.

ભવ્ય કોણ? તેના ખુલાસામાં શાસ્ત્રકારે જણાવ્યું કે જેને ભવની ભયંકરતા ભાસી હોય અને તેના લીધે જ્યાં જન્મ મરણ ન હોય એવો મોક્ષ મેળવવાને જેવો ઈચ્છયો હોય તેનું નામ ભવ્ય.

હવે મૂળ વાતમાં આવો કે આવો આત્મા ભવરૂપી રોગની પરિચર્યા કરનાર ગુરુની કિંમત કરે! ભવરોગની ભયંકરતા માનવા ઉપર જ દેવ–ગુરૂ અને ધર્મને માનવાની કિંમતનો આધાર રહેલો છે.

અનાદિથી આ જીવ, જન્મ–મરણ જન્મ–મરણ કર્યે જ જાય છે. કોઈ કાળ એવો નહોતો કે જેમાં આત્મા જન્મવાળો કે કર્મવાળો નહોતો. જન્મ–કર્મની પરંપરામાં અનાદિ કાળથી અટવાયો જાય છે. એ રખડપટ્ટીને અટકાવવાની તમારામાં લાયકાત છે. માટે આ ઉપદેશ દેવાય છે.

હવે વિચાર કરો કે બધા જીવોનું મૂળ સ્થાન કયું? આપણે ઉત્ક્રાંતિમાં વધ્યા છીએ, પણ આપણે ઉત્ક્રાંતિવાદવાળા નથી. એનો અર્થ શો? તો પહેલાં આપણે કઈ સ્થિતિમાં હતા? આ જીવની તાકાતની શરૂઆત દેખીએ તો કેટલી? નિગોદમાં!

નિગોદમાં અનંતા જીવ એકઠા મળે તેઓ ત્યાં પાછા એક જાતનો પ્રયત્ન કરે તે વળી સાથે જ પ્રયત્ન કરે; એમ તેઓ બધા સાથે મળીને અને એક સરખો પ્રયત્ન કરીને શરીર બનાવવા માંગે તે કેટલું બનાવી શકે? તો આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું ને વળી ન દેખાય તેવું, વાતવાતમાં 'હસે' એ પ્રમાણે કહેનારે ધ્યાન રાખવું કે–તું કોણ? તો આંગ્યા તુંગ્યનો અનંત ભાગ–તેમાં

તું વેચાયો, લેવાયો, દેવાયો કેવી રીતે? તો જેનેતરો શાક લેવા જાય ત્યારે ઉપરથી લસણની કળી માગી લે. લસણ અનંતકાય છે. તું આ લસણની કળીના કેટલામા ભાગે? તો અનંતમા ભાગે. આમાં આ જીવ 'હમે' એમ શું જોઈને કહે છે?

છોકરાઓ ચકેડાળ ઉપર ચડે છે. તેઓ ઉપર આવે ત્યારે મૂછ ઉપર હાથ નથી દેતા. કેમ? તો તે વિચારે કે હું મૂછ ઉપર હાથ દઉં, તેટલામાં નીચે ચાલ્યો જઈશ, આપણે તો માંગ્યા તુંગ્યાના અનંતમા ભાગે લેવાયા દેવાયા છીએ. છતાં તેના ઉપર 'અમે' એમ કેમ કરીએ?

મૂળ મુદ્દા ઉપર આવીએ દરેક જીવ પહેલાં કઈ શક્તિવાળી સ્થિતિમાં હતો તો અનંતા ભેગા થાય. એક સાથે પ્રયત્ન કરે એક સાથે પણ એક જ જાતનો પ્રયત્ન કરે ત્યારે આગળના અસંખ્યાતમા ભાગ જેટલું અને ન દેખી શકાય તેવું શરીર કરે.

આવી સ્થિતિમાંથી ઉત્ક્રાંતિ થાય ત્યારે બાદર નિગોદમાં આવે, પણ તે ફરક કેટલો? અનંતા સાથે મળે. સાથે પ્રયત્ન કરે અને એક જાતનો પ્રયત્ન કરે તો પણ શરીર તો આગળના અસંખ્યાતમાં ભાગ જેટલું જ બનાવે. ફરક એટલો કે પ્રથમનું શરીર દેખાતું નહોતું જ્યારે આ શરીર બાદર હોવાથી દેખાય છે.

એ સ્થિતિમાંથી પણ જો પાછો ન પડતાં આગળ જ વધે તો આત્મા ઉત્ક્રાંતિવાદી ગણાય, પરંતુ પાછા પણ પડવાનું થાય છે. પાછા પડનારા જીવ છે જેમ કે ચૌદ-પૂર્વી થયેલ પણ કષાય-પ્રમાદ વશ નિગોદમાં ઊતરી જાય. તેવી રીતે ઉપશમ શ્રેણીએ ચઢેલ આત્મા પણ તેવા પ્રમાદ વશ નિગોદમાં ઊતરી જાય તે કષાય અને પ્રમાદ પણ લાંબો નહિ. આ મુહપત્તિ કેવી ફક્કડ છે? તેની મૂર્છા માત્રથી નિગોદમાં ચાલ્યો જાય, કારણ કે ધર્મનું જે સાધન હતું તેને અધિકરણ બનાવ્યું, માલીકીની ચીજ બનાવી.

મુહપત્તિ કુક્કડ છે, એટલો જ સંકલ્પ જ્યારે નિગોદમાં ઉતારી દે તો પછી તેથી આકરા બીજા બધા સંકલ્પો શું ન કરે?

અમે મનુષ્ય બન્યા છીએ, એટલે ઊંચા જ ચઢીશું, પણ પડીશું નહિ એ ભરોંસે જૈનોને બેસી રહેવું પાલવે નહિ, અગિયારમા ગુણઠાણે ગયેલા ચૌદપૂર્વી, આહારક લબ્ધિવાળા, ચાર જ્ઞાનવાળા તે પણ નિગોદમાં ગયા, તો આપણે કયા હિસાબમાં? અવક્રાંતિ નહિ થાય તે આપણે માનવાનું નહિ. આપણે આજ સુધીમાં ચઢતાં ઉત્ક્રાંતિની અને પડતાં અવક્રાંતિની સ્થિતિ મેળવી છે.

હવે આવીએ મૂળ વાત ઉપર! બાદર-નિગોદમાંનો એક જીવ સ્વતંત્ર પ્રયત્ન કરીને શરીર બાંધે તે પણ ન દેખાય તેવું, તે સૂક્ષ્મ પૃથ્વીકાય ત્યાંથી આગળ વધે, ત્યારે સૂક્ષ્મ અપકાય. ત્યાર પછી બાદર અપકાય, ત્યાર પછી સૂક્ષ્મ તેઉકાય, ત્યાર પછી બાદર તેઉકાય, ત્યાંથી આગળ વધે ત્યારે સૂક્ષ્મ વાઉકાય, ત્યાર પછી બાદર વાઉકાય, આ બધાં સ્થાને જીવ અનુક્રમે અનુક્રમે ચડે. ચૌરાશી લાખ જીવાયોનિમાં પહેલાં સાત લાખ પૃથ્વીકાય ગણાવ્યા, પછી સાત લાખ અપકાય આદિ ગણાવ્યા, તે તેઓની ચેતના શક્તિ એક એકથી વધારે છે. માટે અનુક્રમે ચેતના શક્તિ વધતી હોવાથી આ ઉપર પ્રમાણે નિર્દેશ કરેલો છે.

આ બધા કઈ શક્તિમાં અનુક્રમે વધ્યા? તો એકલા શરીરની શક્તિમાં. તેઓમાં જીવવાની શક્તિ નથી તેનાથી આગળ વધ્યા ત્યારે બેઈન્દ્રિયમાં આવીએ ત્યાં સ્પર્શ અને રસ-એ બેને જાણવાની શક્તિ. જો ત્યાંથી ઉથલ્યા તો ઉપર જણાવ્યા પ્રમાણે પાછું ભટકવાનું.

એમ ભટકતાં ભટકતાં આગળ વધીએ ત્યારે તેઈન્દ્રિયપણામાં આવીએ એટલે કે સ્પર્શ, રસ ને ઘ્રાણની તાકાત મળે, તેમાંથી પણ અથડાતાં કુટાતાં સૂક્ષ્મ નિગોદ, બાદર નિગોદ, સૂક્ષ્મ પૃથ્વી, બાદર પૃથ્વી, સૂક્ષ્મ અપ, બાદર અપ, સૂક્ષ્મ તેઉ, બાદર તેઉ, સૂક્ષ્મ વાયુ,

બાદર વાયુ, પ્રત્યેક વનસ્પતિ વિગેરેમાં અથડાતાં બેઈન્દ્રિય ત્યાંથી અથડાતાં કુટાતાં ભાગ્ય બળવાન થાય ત્યારે પાંચે ઈન્દ્રિયની તાકાત મળે એટલે કે સ્પર્શ, રસ, ઘ્રાણ, રૂપ અને શબ્દ જાણવાની તાકાત મળે. આ પાંચ શક્તિ મળ્યા છતાં એ ત્યાંથી ઉથલ્યો તો પાછું ઉપર જણાવ્યા પ્રમાણે અથડાવાનું.

ત્યાંથી ભાગ્યના યોગે આગળ શક્તિ વધી એટલે કે (જેમ દરિયાની ભરતીમાં બરૂ નાંખીએ પછી તે બરૂની કઈ સ્થિતિ થાય છે તે વિચારો; તેમ આ જીવનની સ્થિતિ છે.) તેમ કરતાં ભાગ્યનો ઉદય થાય ત્યારે વિચારની તાકાત મળી. વિચાર કરવાની તાકાત મલ્યા છતાં તેનો ઉપયોગ ક્યાં થયો ? તો કે શરીરના રક્ષણમાં ! સુખના સાધનમાં ! સંતાન-સ્થાનના રક્ષણમાં !

કુતરા, કુતરી, ગાય, ઘોડા વગેરે વિચારની શક્તિવાળા છે ને ? તે શું વિચાર કરે ? શરીરના સુખના સાધન માટે કે સંતાન અને સ્થાનના રક્ષણ માટે વિચાર કરે ? તમારે ત્યાં ગાય, ભેંસ વિગેરે જન્મ્યા. તે વિચારવાળા અને પંચેન્દ્રિય છે. તેનો ઉપયોગ ક્યાં ? જંગલમાં જઈ ચરી આવવું, દૂધ આપવું, સંતાન કરવાં અને આયુષ્ય પુરૂં થાય ત્યારે ચાલતા થવું. તે તમારા ઘરનું જાનવર.

આપણે જન્મ્યા, પૈસા પેદા કર્યા, કુટુંબને પોષ્યું, સંતાનો થયા અને મર્યા, ત્યારે ચાલતા થયા. જાય બે પ્રકારે : કાં તો આંખ ઉઘાડે ત્યારે, કાં તો આંખ મીંચાય ત્યારે, આપણે ઉંઘમાં હોઈએ, સપનું આવ્યું, તેમાં હું છ ખંડનો માલિક બન્યો, ચૌદ રત્નો મળ્યાં, નવ નિધાન મળ્યાં અને પુષ્કળ ધન મળ્યું. હું ચક્રવર્તી રાજા થયો. આ ક્યાં સુધી ? તો આંખ ન ઉઘડી હોય ત્યાં સુધી, પણ આંખ ઉઘડી ત્યારે તેમાંનું કાંઈ નહિ.

આપણી આંખ મીંચાય નહિ, ત્યાં સુધી કંચન, કામિની

કુટુમ્બ, ધન-માલ-મિલ્કત વગેરે ગણાય. પણ જ્યાં આંખ મીંચાઈ ત્યાં તેમાંનું આપણું કાંઈ નહિં. હું પૂર્વભવમાં મહારાણી વિકટોરિયા હતી. એમ કહીને તે આ ભવે કહે કે આ મારૂં રાજ્ય છે માટે મને આપી દો. તો કોઈ આપવા તૈયાર થાય છે? તો ના, આંખ મીંચી એટલે એ બધું જ ગયું.

અહીં આપણે કુટુમ્બના, જાનવર શરીરના સુખના, સાધનના, સ્થાનના અને સંતાનના જ વિચારમાં રમીએ. માટે તમે જ્યાં સુધી આ ચારના વિચારમાં રહો, ત્યાં સુધી વધ્યા ન ગણાઓ, પણ આત્માના રક્ષણમાં વધો, ત્યારે મનુષ્યપણાને અંગે સમજણમાં આવ્યા ગણાઓ, એથી વધ્યા ગણાવો.

હવે આટલી સ્થિતિએ આવેલા આપણને સ્પર્શ, રસ, ઘ્રાણ, રૂપ અને સાંભળવું પ્રાપ્ત થવા સાથે વિચારને પણ અવકાશ મળ્યો છે. માટે અનાદિની આફત જન્મ અને કર્મની છે. તેને હું હવે કેમ જ રાખું એવો વિચાર કરવાનો.

તેથી જૈનોએ પરમેશ્વર કોને માન્યા? જન્મ-મરણની આપત્તિ ટાળનારા તે જૈનો ઈશ્વરને કઇ રીતે માને છે? તો સ્વતંત્રતાના સર્જનહાર તરીકે માને છે.

જૈનેતરો આ ઇશ્વરને માનતા નથી, તેઓ તો સૃષ્ટિના સર્જનહાર ઈશ્વરને માને છે. માટે જ તેઓ જ્યારે કર્મથી મલિન પરમેશ્વરને માને છે, ત્યારે જૈનો નિર્મળ પરમેશ્વર માને છે.

જૈનેતરો ઈશ્વરને નિરંજન નિરાકાર માને છે અને પાછો અવતાર માને છે. અવતારમાંથી ઇશ્વર થવું નિર્મળતા કે લિનતા? માટે જૈનેતરો મલિનતાને પરમેશ્વર માને છે, ત્યારે જૈનો નિર્મળતાને પરમેશ્વર માને છે.

જૈન અને જૈનેતરો અવતાર અને ઇશ્વર માને છે, તેમાં ફરક

કયો ? જૈનેતરો ઇશ્વરમાંથી અવતાર માને છે અને જૈનો અવતારમાંથી ઇશ્વરને માને છે. રૂષભદેવ ભગવાનના ભવો જણાવ્યા. ત્યાર પછી તેમાંથી રૂષભદેવ, ઇશ્વરપણાને પામ્યા, અવતારમાંથી ઇશ્વર માને તે ઇશ્વર સ્વતંત્રતાનો સર્જનહાર બની શકે પણ ઇશ્વરમાંથી અવતાર માને તે મલિનતાનો સર્જનહાર ગણાય.

મલિનતામાંથી નિર્મળતાનું સર્જન કોણ કરે તો સ્વતંત્રતાનો સર્જનહાર હોય તે. તેને જૈનો પરમેશ્વર માને છે. જ્યોતિ સ્વરૂપ બનાવનાર પરમેશ્વર હોવાથી સાધક કોઈ હોય તો તે જૈનોના પરમેશ્વર મોક્ષમાર્ગની સાધ્યતા કેટલી? કયાં કરી? કયારે કરી? કેવી કરી! તેવી બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરેએ કયાં કરી તે કહો? તો તેમાં સાધક દશા જ નથી એમ સ્પષ્ટ જણાશે.

સાધક દશા વગર સિદ્ધ માને કોણ? વિચારની તાકાત નહિ હોય તે માટે જૈનો પરમેશ્વર કેવાને માને છે? હવે વિચારવાની જરૂર એ રહી કે સ્વતંત્રતા, આબાદી, આઝાદી, વગેરે કઈ ચીજ છે? કેમ મળે? તેનાં કયાં કયાં સાધનો છે.? તે વગેરે જણાવશે તે અગ્રે વર્તમાન....

## "સાધુ કોણ"?

- જિનમતની પ્રતિષ્ઠા કરે તે સાધુ
- કેવળ મોક્ષની સાધના કરે તે સાધુ
- અરિહંતોની આજ્ઞાનું પાલન કરે તે સાધુ
- સર્વ શુભ-યોગોને સાધે તે સાધુ
- સર્વ પાપથી બચે-બચાવે તે સાધુ
- સામાયિક ચરિત્રરૂપી ગુણવાળા હોય તે સાધુ
- સ્વાર્થ સાથે પરાર્થ સાધે તે સાધુ
- સમતાને ધારણ કરે તે સાધુ

# આગમ જ્યોત

| વીર નિ. સં. ૨૫૦૭ | | વિ. સં. ૨૦૩૭ |
|---|---|---|
| વર્ષ ૧૫ | | પુસ્તક ૪ |

## माणुस्से खलु उत्तमे भवे

## મનુષ્ય ભવ ઉત્તમ કેમ ?

જૈન જનતા અને જૈનેતર વર્ગ પણ સ્પષ્ટ રીતે જાણે અને માને છે કે ચોરાશી લાખ જીવાયોનિમાં રખડતાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે.

જો કે દેવયોનિમાં સુખ-સાહ્યબી અને સમૃદ્ધિ અપાર છે; અને મનુષ્ય-જન્મ કરતાં દેવતાની સુખ-સાહ્યબી લાખો-ગુણી છે એમ લોકો માને છે.

છતાં ચોરાશી લાખ જીવાયોનિમાં મનુષ્ય-ભવની દુર્લભતા છે, એમ જૈન અને જૈનેતર શાસ્ત્રકારો સ્પષ્ટપણે ફરમાવે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં "दुल्लहे खलु माणुसे भवे-' એમ જણાવી ભગવાન્ **મહાવીર** મહારાજા ભગવાન્ **ગૌતમસ્વામી** સરખા ગણધર મહારાજને ઉપદેશ આપે છે.

સૂત્રકાર મહારાજા સામાન્ય રીતે સર્વ-સંઘને પણ "चत्तारि परमंगाणि, दुल्लहाणीह जन्तुणो, माणुसत्तं.।" એમ કહી મનુષ્ય-પણાની દુર્લભતા સ્પષ્ટપણે જણાવે છે.

**આવશ્યક નિર્યુક્તિ** વિગેરેમાં પણ चोल्लग-पासग-इत्यादि ગાથા દ્વારા સૂચિત દશ-દૃષ્ટાંતો ઉપરથી મનુષ્યપણાની દુર્લભતા સાબિત થાય છે. એટલે "**મનુષ્યભવ દુર્લભ છે.**" એમાં કોઈ પણ આસ્તિકથી મતભેદ ઊભો કરી શકાય તેમ નથી.

પરંતુ આવી રીતે ચોરાશી લાખ જીવા-યોનિમાં રખડતાં મળેલું મનુષ્યપણું દુર્લભ છતાં પણ જે મળ્યું છે, તેનો ઘણા ભાગે દુરૂપયોગ થાય છે.

આ કારણથી **શ્રીતત્ત્વાર્થસૂત્રમાં ભાષ્યકાર** મહારાજા મનુષ્ય-ભવને દુઃખ એટલે સંસારના કારણભૂત એટલે વધારનાર જણાવીને તથા जन्मनि कर्मक्लेशैरनुबद्धे એમ જણાવી આ મનુષ્યભવ કર્મ અને કલેશની પરંપરાવાળો થાય છે, તો તે મનુષ્ય જન્મ સંસારની વૃદ્ધિ કરાવનારો યાવત્ અનંતભવ ભટકાવનારો થાય છે.

એટલે શત્રુના જયને કરાવનાર એવું હથિયાર જેમ અણસમજુ મનુષ્યના હાથમાં આવ્યું હોય તો તે હથિયાર અણસમજુ એવા ગ્રહણ કરનાર મનુષ્યને કે તે ગ્રહણ કરનારના સંબંધીઓને મારનારું થાય છે.

તેવી રીતે આ મનુષ્ય ભવ પણ જો કર્મ-કલેશના અભાવને કરવા કે તેની કમી કરનારો હોય અને સંસારનું અલ્પપણું કરનારો કે સંસારનો અભાવ કરનારો હોય તો આ મનુષ્ય ભવને મેળવીને લાભ પામ્યા કહી શકાય.

અર્થાત્ માનવ-જાતની કે માનવદેહની જે મુખ્યતા શાસ્ત્રકારોએ કહેલી છે, અગર તો જગત્‌માં ગવાયેલી છે, તે દેખાતા મનુષ્યપણાની અપેક્ષાએ માનવદેહની-માનવજાતની મહત્તાને માટે નથી, પરંતુ ધર્મપ્રધાન જીવન દ્વારા સફળ કરાતા માનવજીવનની અપેક્ષાએ છે.

એટલે કે આ માનવદેહ એવો છે કે જેને પ્રાપ્ત કરવાવાળો

મનુષ્ય સંસારનું અલ્પપણું કે સંસારનું સર્વથા અભાવપણું કરી માનવદેહની સફળતા મેળવી શકે છે.

અર્થાત્ જે લોકો માનવદેહને પામ્યા છતાં તે માનવજાતિને પામ્યા છતાં કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્ચારિત્રની આરાધના દ્વારા એટલે ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિ દ્વારા માનવજાત કે માનવદેહને સફલ કરી શકતા નથી.

તેના હાથમાં આવેલું મનુષ્યપણું, માનવજાતિ કે માનવદેહ કેવલ કર્મ અને ક્લેશની પરંપરાને વધારી સંસારની વૃદ્ધિ કરનારો થાય છે.

આ અપેક્ષાએ શાસ્ત્રકારો કેટલેક સ્થાને જણાવે છે કે એવા કર્મ–ક્લેશની પરંપરાને વધારી સંસારને વધારનાર મનુષ્યો એટલે માનવ દેહવાળા કરતાં ઘોડા, ગાય વિગેરે જાનવરો ઘણા ઉત્તમ ગણી શકાય.

યાદ રાખવું કે માનવજાતિ પામેલો જીવ માનવજાતિના અનુભવમાં દરેક ક્ષણે પુણ્યના ઢગલાના ઢગલા ભોગવીને ખાલી કરી નાખે છે, અને તે પુણ્યના ઢગલા ખાલી કરવાની સાથે દરેક ક્ષણે પલ્યોપમના પલ્યોપમો સુધી ભોગવવા પડે તેવાં પાપો પેદા કરે છે.

જ્યારે કેટલાક જાનવરો દરેક ક્ષણે પોતાની જીંદગીમાં પૂર્વભવનાં કરેલા પાપોના ઢગલાને ઢગલા ખાલી કરે છે અને કેટલાક પવિત્ર મનવાળા અગર ખરાબ મન વગરના જાનવરો ક્ષણેક્ષણે કંઈ પલ્યોપમ સુધી કામ લાગે તેવા પુણ્યના ઢગલાઓ ઉપાર્જન કરે છે.

એટલે માનવજાતિમાં આવેલો મનુષ્ય જો દુર્ગતિ તરફ પ્રયાણ કરવાને તૈયાર થયેલો હોય તો તેના કરતાં સદ્ગતિ તરફ

પ્રયાણ કરવાવાળું જનાવર જરૂર ઉત્તમતાનું પાત્ર અને પ્રશંસાનું સ્થાન છે.

જેમ કે વ્યવહારમાં નીતિ શાસ્ત્રકારો સાહિત્યાદિકથી રહિત એવા માનવદેહવાળાને જાનવરની સાથે તોલે છે.

તેવી રીતે ધર્મ શાસ્ત્રકારો ધર્મ–રહિત એવા માનવધારીને તિર્યંચથી પણ અધમદશામાં ગણે છે.

ઉપરની હકીકત ધ્યાનમાં લેવાવાળો મનુષ્ય માનવનીતિને કે માનવદેહને ઉત્તમ માનવાવાળો થાય તેમાં આશ્ચર્ય નથી ? પરન્તુ તે માનવજાતિની કે માનવદેહની ઉત્તમતા માનવદેહ કે માનવજાતિ તરીકે નથી, એ સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે.

જૈનશાસ્ત્રનું યત્કિંચિત્ પણ જેને જ્ઞાન હોય અને જેઓ રમાવલ્લભ કે પ્રિયાવલ્લભ જેવા જડ–દાસો ન હોય. તેઓ એટલું તો સહેજે સમજી શકે તેમ છે કે આ માનવદેહ કે આ માનવ જાતિ આ જીવને પહેલવહેલી મળેલી છે એમ નથી, પરંતુ આ માનવજાતિ કે આ માનવદેહ અનંતી વખત મળેલો છે, પરંતુ તે અનંતી વખતે મળેલો માનવદેહ અર્થ–અભિલાષાનો ઉટજ અને કામાભિલાષાનો નિલય થઈ જવાને લીધે તે કેવળ પાપાલય જ થયેલો હતો, પરંતુ આ માનવદેહને જો દેવાલયના સેવક બનાવીએ તથા ધર્માનુષ્ઠાનના સ્થાનભૂત બનાવીએ તોજ આ આ માનવદેહ સફલતાને પામેલો કહી શકીએ.

**“હે માનવ ! તું ઉપરની હકીકત બરોબર સમજજે !** અને ગુંડાગીરીના ગહન વનમાં ઝંપલાયેલા રમાવલ્લભો અને રામાવલ્લભોની માનવદેહને ભોગાલય ગણવા જેવી અપવિત્ર અને તુચ્છમાં તુચ્છ વાણીને કાનમાં પણ પેસવા દઈશ નહિ ! પરંતુ અનંતા પુદ્ગલ પરાવર્તે મળેલા **આ માનવદેહને દેવ ગુરૂ અને ધર્મની પવિત્ર સેવાથી અલંકૃત કરીને જરૂર સફળ બનાવજે !!!”**

ઉપરે જણાવેલા કથનનું તત્ત્વ શ્રીદેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં સમજવાનું છે, પરંતુ એ માનવજાતિ તરફ કે કોઈપણ પ્રાણીજાતિ તરફ થતો અનુકંપાભાવ કે પરમ પવિત્ર ધર્મને આચરવાવાળા માનવજાતિ ધારી સાધર્મિકો તરફ ભક્તિ-ભાવની ન્યૂનતાને માટે કોઈપણ અંશે ઈશારો હોય એમ સમજવું નહિ.

"અરે માનવ? તું દુનિયાદારીથી વિચાર કરે તો તને જરૂર એમ જ લાગશે કે આ માનવદેહ જગતના સર્વ જીવો પ્રાણીઓ અને પુદ્ગલો તરફથી માત્ર પોષણ મેળવનાર સ્થિતિનો છે, પરન્તુ કોઈના પણ જીવનને મદદ કરનારો નથી, જ્યારે પાશવીય જીવન જો કે જાતિમાં હલકું ગણાય છે, છતાં તે એટલું બધું ઉત્તમ છેકે-ત્હારા જેવા માનવજીવનને જીવવાવાળાને આધારભૂત થાય છે.

સ્પષ્ટ વાત તું સમજી શકે તેમ છે કે-

જાનવર વગર ત્હારૂં જીવન પ્રવર્ત્તવું એ સર્વથા અશક્ય છે, પરંતુ ત્હારૂં જીવન ન હોય તો પશુ-વર્ગને પાશવીય જીવન જીવવામાં તો કોઈપણ જાતની અડચણ આવે તેમ નથી.

માટે તું કોઈના પણ જીવનમાં મદદગાર થવા માટે માનવ-જાતિની મહત્તા કંઈપણ અંશે ગણતો હોય તો તે ભૂલી જજે!

અને સર્વદા દેવ-ગુરૂ અને ધર્મની આરાધના દ્વારા એટલે ધર્મના અનુષ્ઠાનની પ્રવૃત્તિ દ્વારા તારા દેહને ગુંડાઓના માફક ભોગાલય નહિં, પણ પુણ્યાલય તરીકે બનાવજે!!!

"હે માનવ! યાદ રાખજે કે આ ઉપર જણાવેલું કથન કોઈ દેશ-કાલને અપેક્ષિત થયેલું નથી, તેમજ કોઈપણ કાલે ઉપરના કથનમાં ફેર થઈ શકે તેમ નથી.

માટે ઉપરનું કથન સત્ય તરીકે ધારજે! એટલું જ નહિં, પરન્તુ ઉપરના કથનને સનાતન સત્ય તરીકે ધારજે!!!"




[ પૂ. આગમપારગામી, સૂક્ષ્મતત્ત્વચિંતક, તાત્ત્વિક વ્યાખ્યાતા, આગમમર્મજ્ઞ શિરોમણિ, પ્રવર પ્રાવચનિક, પ્રૌઢ વ્યાખ્યાતા, શાસનધુરંધર પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આગમિક વિશાળ સ્વાધ્યાય, શાસનસુરક્ષા, સામુદાયિક અનેક કાર્યો કરવા ઉપરાંત સમયના સદુપયોગની દૃષ્ટિએ ગુજરાતી, હિંદી, સંસ્કૃત, પ્રાકૃતભાષામાં અનેકવિધ બાલભોગ્ય ગંભીર અને પ્રૌઢ સાહિત્યની રચના કરેલ

તેમાંથી ચૂંટીને પૂજ્યશ્રીની પ્રૌઢ–વિદ્વત્તાના આછા પરિચય માટે થોડી વાનગી અહીં રજુ કરાય છે. સં. ]

जैनोऽसौ श्रमणीगणं शिवपथोत्साहं धरन्तं सदा,
पश्येत् स्वीयकुटुम्बलोकललनावर्गान्मुदा सादरम् ।
स्त्रीत्वाज्जन्मन आरतोऽपरबलं निश्राय यो जीवित-
स्तं संरक्षणमान् भक्तिकरणैः पुष्याच्च धर्मोद्यतः ॥ १ ॥

जैनोऽसौ धर्ममूलं विनयमधिगतो धर्मकार्योद्यतेषु,
साध्वीवर्गेषु यस्माज्जिनगुणयतीनां या गुणानां प्रसक्तिः ।
तां सर्वां मूलरूपां विशदतमगुणामेष वर्गो दधाति,
मानं धत्ते गुणानां य इह नरगणो धन्य एषैव जिनः ॥ २ ॥

जैनो यो मनुते भवाब्धिमटतां सूक्ष्मान्निगोदाद् बहि-
र्निस्सरणं न हि दुष्करं परकृतं लोकानुभावो यतः ।
संमील्याश्रित-भव्ययाघनिचितिं दुःखित्वभावे धरन्,
निर्मायाल्पमसुश्रितं नयति तन्नेदं फलं स्वोद्यमात् ॥ ३ ॥

जैनोऽसौ वरधर्मकर्मकरणेऽनन्योपकारक्षमं,
मत्त्वा श्राद्धवरं तनोति नियतं तस्य प्रभावप्रथाम् ।
संघस्यापि चतुर्विधस्य नितरामाराधते स प्रभुः,
कर्त्ता कारयिता प्रशंसनपरस्तुल्यास्त्रयोऽप्यार्हताः ॥ ४ ॥

जैनोऽसौ मनुते समस्तजिनपै मोक्षं वरेण्यं पदं,
गन्तुं येऽसुभृतोऽर्हतां त्रिजगतां सन्धारयन्तो मताः ।
तेषां यो भणितः सुकर्मकरणे वर्गः शुचिर्योषितां,
तं नित्यं शिवधामसाधनपरं पूजास्पदं भक्तितः ॥ ५ ॥

जैनः स स्यान्मातृवर्गेण तुल्याः, सर्वाः श्राद्धीर्मानयित्व महेद् यः ।
मोक्षार्हायाः सप्तक्षेत्र्या विभेदां, चित्ते नैव सन्दधीताचलेक्षः ॥ ६ ॥

जैनः स एवार्हतधर्मधारी, यतो भवान्धोरवनोऽर्हताभूत् ।
नास्त्यन्यधर्मप्रवणो जनेऽस्मिन्, पुनातु देवो भविनो जिनोर्हन् ॥ ७ ॥

जैनः स एवात्यटनं भवाब्धौ, न वाञ्छति प्रेप्सति सिद्धिमार्गम् ।
जन्मान्तकेभ्यो भयभृच्छिवेप्सुः, पुनातु देवो भविनो जिनोऽर्हन् ॥ ८ ॥

जैनः स एव मनुते मुनिराजपादान्, संसारसागरतटालवने सुपोतान् ।
दारैर्धनैश्च धृतधर्मयोगान्, सेव्याः सदादरभरेण सुसाधुवर्याः ॥ ९ ॥

जैनः स एवाखिलतत्त्ववेत्ता, मार्गं मुनीनां दृढभक्तिभावः ।
सदा धरंस्तेषु गतः शरण्यं, सेव्याः सदादरभरेण साधुवर्याः ॥१०॥

जैनः स एव मनुते जगदेकसारं, हेतुस्वरूपसुविशुद्धमुदाररूपम् ।
सार्वज्ञ्यलाञ्छितजिनैरुदितं सुधर्मं, धर्मो जिनोदिततया भविनां शरण्यः ॥११॥

जैनः स एव मनुते जिनराजगीतं, प्रोक्तं सभासु गणभृन्नियमेन धर्मम् ।
यावत्प्रभावममलं भविभिर्धृतो हि, धर्मो जिनोदिततया भविनां शरण्यः ॥१२॥

પૂ. આગમો. આચાર્યશ્રી પ્રણીત "जैन गीता"
અધ્યાય ૨૮ થી ૩૩ના આદિ-અંતના શ્લોકો.

# ધન્ય જૈનત્વ

(કડખાની દેશી)

વિશ્વ વ્યવહારમાં મોહ માચ્યા વિના,
ધર્મની ધીર થઈ કોણ હામે ? ।
જગત્ જંજાળ છે આળપંપાળ આ,
ખાળવા નિત્ય એ કોણ ભામે ॥ ૧ ॥

કોણ નિજ આત્મના તત્ત્વને સ્વત્વથી,
પ્રેમ રાખી સદા નિત્ય સેવે ।
ધન્ય એ સાધુનો સંઘ સંસારમાં,
નિરમીયો શ્રી મહાવીરદેવે ॥ ૨ ॥

સેવતા ચરણ એ સાધુના પ્રેમથી,
શરણ પણ એ જ પ્રતિદિવસ ધારે ।
વ્યર્થ વાણી વડે મોહમાયા વિષે,
રાચતો શબ્દ પણ ના ઉચ્ચારે ॥ ૩ ॥

નિત્ય એવું મીઠું જીવન જે ગાળતા,
તે જ છે જૈન મહાવીર કેરા ।
અન્યથા હોય તે પિંજરો અસ્થિના,
વ્યર્થ છે તેમના વિશ્વ ફેરા ॥ ૪ ॥

પ્રાણના પંકમાં અંક રાખ્યા વિના,
મોહ માયા તજે નિત્ય માટે ।
ધર્મના અંશનો ધ્વંસ પણ ટાળવા,
ઝુઝતા સભામાં પ્રાણ સાટે ॥ ૫ ॥

ધન્ય છે એ જીવન એ વીર વિશ્વમાં,
ધન્ય છે માતૃભૂમિ તેમની આ ।
ધન્ય જૈનત્વ એ પ્રાણ પ્રકટાવવું,
વ્યર્થ ઉદ્‌ગાર ત્યાં ભાખવા શા ? ॥ ૬ ॥

## જય શત્રુંજય

જે ગિરિવરના પુણ્યગુંજનો કર્ણપટે અથડાયાં છે,
પુનિતભૂમિ એ સિદ્ધગિરિની પુણ્યતણી જ્યાં છાયા છે ।
પતિત જીવન પણ જે ભૂમિતળમાં સદા કાળ પલટાવે છે,
અમર શાન્તિને સદા હૃદયમાં પુણ્યક્ષેત્ર જે લાવે છે ॥ ૧ ॥

જ્યાં કેઈ ભવ્ય જીવો આ જગના પરમ મોક્ષપદ પામી ગયા,
સિદ્ધ બનીને અસંખ્ય આત્મા અમોઘ–સુખના સ્વામી થયા ।
જે ભૂમિથી સુખ–શાંતિ પ્રેમની નિર્મળ સરિતા રેલે છે,
દેહ અને દિલ એ બંનેમાં મોક્ષભાવ જ્યાં ખેલે છે ॥ ૨ ॥

દૂર થકી દેખાતાં આત્મા શાંત કરી સુખ જે આપે,
કુટિલ બંધનો આ કાયાનાં પલક એકમાં જે કાપે ।
સોરઠ કેરી ધર્મભૂમિને જે ગિરિવર શણગારે છે,
અસંખ્ય આ અવનિતલ કેરા જીવન પલકમાં તારે છે ॥ ૩ ॥

વિજય વરતો એ શત્રુંજય મમ ઉરનો ભય હરનારો,
અજબ શાન્તિની ધારા હૈયે રેડતાં લાગે પ્યારો ।
જેના તેજ અમોઘ સદા મમ પ્રાણ ઉજાળી સુખ આપે,
કોટિ કોટિ મુજ વંદન તેને અમર પદે જે નિત્ય સ્થાપે ॥ ૪ ॥




[ આગમજ્ઞ-સાર્વભૌમ, ગીતાર્થ શિરોમણિ, આગમપારદશ્વા પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગર સૂરીશ્વર-શ્રીની બહુમુખી-પ્રતિભાનાં દર્શન કરાવનાર તાત્ત્વિક નિબંધો, લેખો, વ્યાખ્યાનો, પ્રશ્નોત્તરો આદિના સંકલનરૂપે જન્મ પામેલા આ "**આગમ જ્યોત**"માં વિવિધ-વિષયોનું સંકલન વિભાગવાર અપાય છે.

તે પ્રમાણે આ ચોથા પુસ્તકમાં પ્રશ્નોત્તર-વિભાગમાં મહત્ત્વના પ્રશ્નોના ખુલાસા રજુ કરવામાં આવે છે.

જેમાં તેરમા વર્ષથી (બે વર્ષથી) પૂ. આગમોદ્ધારકશ્રીની સર્વતોમુખી-વિદ્વત્તાથી પ્રભાવિત ગુણાનુરાગી સ્વ. **શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી શાહે** પોતાના સ્વાધ્યાયે આગવી શૈલીથી "**શ્રી સિદ્ધચક્ર**"ની ફાઈલોમાંથી મહત્ત્વના પ્રશ્નોત્તરો જુદા તારવેલા.

જેનો ત્રીજો હપ્તો આ વખતે વ્યવસ્થિત કરી રજુ કરાય છે.

આ પ્રશ્નોત્તરોના પરમાર્થને જ્ઞાની-ગીતાર્થગુરૂના ચરણોમાં બેસી યોગ્ય રહસ્ય મેળવવા નમ્ર વિજ્ઞપ્તિ છે. ]

**પ્રશ્ન**—તીર્થંકર ભગવાન જે પ્રકાશે છે, તે શું સ્વતંત્રપણે પ્રકાશે છે ?

**સમાધાન**—શ્રી તીર્થંકર પરમાત્મા સ્વતંત્રપણે જ પ્રકાશે છે, કારણ કે તેઓ સર્વજ્ઞ છે. તેઓ કોઈ શાસ્ત્રો ઉપર આધાર નથી રાખતા. પરંતુ કેવળજ્ઞાનના કારણે સમસ્ત લોકાલોકનું સ્વરૂપ જાણનારા હોવાથી જેવું જુવે છે તેવું જ બોલે છે.

આચાર્ય, ઉપાધ્યાય સાધુ આદિ તો તીર્થંકર-ભાષિત શાસ્ત્રના આધારે ધર્મતત્ત્વનું પ્રવર્તન કરી શકે છે.

તે ઉપકાર તો ફક્ત તીર્થંકરોનો જ છે કે જેમની વાણી દ્વારા આખુંયે વિશ્વ સદ્બોધ પામે છે.

**પ્રશ્ન**—ગુણ એ તો આત્મીય વિષય છે. એટલે કે ચૈતન્યવંત છે, છતાં પણ જડ એવા અશોકવૃક્ષ, ચામર, સિંહાસન આદિને અરિહંત ભગવાનના આઠ ગુણમાં કેમ ગણ્યા ?

**સમાધાન**—પ્રથમ તો તીર્થંકર મહારાજાઓ જ અરિહંત પદમાં બિરાજે છે, જ્યારે તેમના ઘાતીકર્મોનો ક્ષય થાય છે, ત્યારે જેમ અપાયાવગમાતિશય આદિ ચાર ગુણો પ્રગટ થાય છે, તેમ અશોકવૃક્ષાદિ અષ્ટપ્રાતિહાર્યો પણ તેમની સાથે નિરંતર રહે છે, તેથી તેને પણ ગુણ તરીકે માન્યા છે.

આ પ્રાતિહાર્યો જોઈને કેટલાય જીવો સમ્યક્ત્વ પામી જાય છે, તેથી તેને ગુણ કહ્યા છે.

**પ્રશ્ન** : શ્રી તીર્થંકર ભગવંતો અપ્કાયના જીવોની દયા માટે તરસ્યા સાધુઓના પ્રાણની લેશભર પણ દરકાર નથી કરતા. જ્યારે પોતાની પૂજા માટે છ કાય જીવોની હિંસા કરવાનું વિધાન કરે તેનું રહસ્ય શું છે. ?

**સમાધાન :** શ્રી તીર્થંકર ભગવંતોએ પોતાની પૂજા કરાવવા માટે પૂજાનું વિધાન નથી ઘડ્યું, પરંતુ સર્વવિરતિની પ્રાપ્તિ માટે તેના ઉમેદવારે સર્વવિરતિધર અને સર્વવિરતિ ધર્મના પ્રરૂપક શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ, પૂજા, બહુમાન સત્કાર, સન્માનાદિ કરવા માટે પૂજાનું વિધાન કર્યું છે, તેમ કરવાથી સમકિતી-જીવોને આ ભવે કે ભવાંતરે અનુક્રમે સર્વ-વિરતિ જરૂર પ્રાપ્ત થાય છે.

તે ઉદ્દેશ્યથી જ શ્રી તીર્થંકર પરમાત્માએ જ્યાં સુધી સર્વ-વિરતિ પ્રાપ્ત નથી થઈ, ત્યાં સુધી પૂજાનું વિધાન સર્વવિરતિની પ્રાપ્તિના ઉપાયરૂપ કર્યું છે.

બીજા શબ્દોમાં પૂજાનું ધ્યેય સર્વવિરતિની પ્રાપ્તિ માટેનું છે.

જ્યારે સાધુ ભગવંતો પોતાના ધ્યેય રૂપ સર્વવિરતિ ગુણના રક્ષણ માટે અપકાયના જીવોની દયા માટે પ્રાણની આહુતિ આપે છે, તેમાં પણ સર્વવિરતિની રક્ષાનું જ ધ્યેય છે.

ઉપરની બંને બાબતોમાં ધ્યેય એક હોવાથી કોઈપણ પ્રકારે વિરોધ નથી પોતાની યોગ્યતા પ્રમાણે તે તે જીવો તે તે રીતે વર્તે છે.

**પ્રશ્ન** :– તીર્થંકર ભગવંતોનું બધું વર્તન અનુકરણીય ખરૂં ?

**સમાધાન** :– તીર્થંકર ભગવંતોએ જે વર્તન કર્મના ઉદયથી કરેલું હોય તે અનુકરણીય નથી, પણ જે કર્મના ક્ષયોપશમ અગર ક્ષયથી વર્તન થયું હોય તે અનુકરણીય છે.

સવસ્ત્ર-ધર્મ પ્રરૂપવા તેઓએ વસ્ત્ર રાખ્યું હતું, સપાત્ર ધર્મ પ્રરૂપવા તેઓએ પ્રથમ પારણે પાત્રમાં આહાર કર્યો હતો. બાર પ્રકારની તપશ્ચર્યા પ્રરૂપવા તેઓ સાધુચર્યામાં તત્પર રહ્યા.

આ બધું તેમના કર્મના ક્ષયથી થયેલું વર્તન હોવાથી અનુકરણીય છે.

વળી મહત્ત્વની વાત એ પણ છે કે–તીર્થંકર ભગવંતોનું કલ્પશિવાયનું વર્તન અનુકરણીય છે. !

**પ્રશ્ન** : उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा આ ત્રિપદી સામાન્ય કેવળી બોલે તો ગણધરો ચૌદ પૂર્વ અને બાર અંગ રચી શકે ખરા ?

**સમાધાન**—ના, સામાન્ય કેવળીએ કહેલી ત્રિપદીમાંથી ગણધરોને તેવા પ્રકારનો ક્ષયોપશમ ન થાય તેથી તેવી રચના થઈ શકે નહિં.

**પ્રશ્ન**—શ્રી તીર્થંકરનો જીવ અવધિ તથા મનઃ પર્યવજ્ઞાન વગરનો હોય ખરો ?

**સમાધાન**—ના, શ્રી તીર્થંકર દેવનો જીવ દીક્ષા લીધા પૂર્વે નિયમા અવધિજ્ઞાનવાળો હોય અને દીક્ષા પછી નિયમા મનઃ પર્યવજ્ઞાનવાળો હોય.



## પૂ. આગમોદ્ધારક—આચાર્યદેવશ્રીની ગહન-પ્રતિભા, શ્રુતાનુસારી-ક્ષયોપશમના પ્રતિબિંબ-સ્વરૂપ
## तात्त्विक प्रश्नोतराणि
## ગ્રંથનો
## ગુજરાતી અનુવાદ

[ પૂજ્યપાદ દેવસૂરતપાગચ્છ-સામાચારી-સંહિતા-સંરક્ષક, આગમજ્ઞ-સમ્રાટ્, પ્રાવચનિક-મૂર્ધન્ય, શૈલાણાનરેશ પ્રતિબોધક, ગીતાર્થશિરોમણિ, આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ ગીતાર્થપણાના નિષ્કર્ષ રૂપ ઉત્કૃષ્ટ ક્ષયોપશમના બળે, આગમિક અનેક ગૂંચભરી બાબતોના ખુલાસારૂપે "तात्त्विक-प्रश्नोत्तराणि" ગ્રંથ ૭૦૦૦ શ્લોક પ્રમાણ બનાવેલ છે.

જેનો પંદરમો હપ્તો ગુજરાતી અનુવાદ સાથે અહિં અપાય છે.

અત્યંત નય-અપેક્ષાઓથી ભરપૂર આ પ્રશ્નોત્તરો ખૂબ ગંભીરતાથી જ્ઞાની ગીતાર્થ મહાપુરુષોની નિશ્રાએ સમજવા-વિચારવા નમ્ર સૂચના સ્વાનુભવથી કરાય છે.

વિવેકી પુણ્યવાનો આ રીતે આ પ્રશ્નોત્તરોનો લાભ ઉઠાવે એ અભ્યર્થના................સં. ]

प्र० १०६-ननु शासने जैने गुणाः पूज्यताहेतुः गुणाश्चार्हद्भ्योधिकतराः सिद्धानां, तर्हि कथमादौ (अर्हन्) नमस्कार ? इति ।

ઉ०-सत्यं, सिद्धा अर्हदुपदिष्टमार्गाराधनादेव मोक्षमार्गस्य देशकत्वेनार्हत्प्रामाण्येनैव सिद्धानां सस्वरुपाणां प्रामाण्यादादौ तन्नमस्कार इति ।

પ્ર. ૧૦૬ : જૈનશાસનમાં ગુણો પૂજ્યતાનું કારણ છે, તો અરિહંતો કરતા સિદ્ધો ગુણમાં અધિકતર છે, તો શ્રી નમસ્કાર મહામંત્રમાં અરિહંતોને નમસ્કાર પ્રથમ કેમ ?

ઉ. ૧૦૬ : વાત સાચી ! પણ સિદ્ધોએ સિદ્ધપણું અરિહંત પ્રભુએ ઉપદેશેલ મોક્ષમાર્ગની આરાધનાથી મેળવ્યું છે. તેથી સિદ્ધોના પણ ઉપકારી તરીકે અરિહંત પરમાત્માને પ્રથમ-નમસ્કાર કરેલ છે.

प्र० १०७-ननु योगनिरोधेनायोगित्वेऽधिगतेऽन्यतर-वेदनीयोदय-सद्भावात्तदनुभवाय पुद्गलानामादानं भवेन्न वा ?

उ०-वेदनीयस्य पुद्गलकृतविपाकत्वात्, एष एव च वेदानुभवयोर्विशेषो यत इति सयोग्यन्त्यसमय एव चरमपुद्गलस्कन्धादानमिति न तत्र पुद्गलादानं, परमयोग्यन्तसमयं यावत् पुद्गलसंयोगस्य विद्यमानत्वान्नासंगति रिति ॥

પ્ર. ૧૦૭ : ચૌદમા ગુણઠાણે યોગનો નિરોધ થયેથી અયોગી અવસ્થા થયા પછી અન્યતર વેદનીય (સાતા કે અસાતા)નો ઉદય હોઈ તેના અનુભવ માટે પુદ્ગલોનું ગ્રહણ ખરું કે નહિ ?

યોગોનું તો સ્થિરીકરણ થઈ ગયું છે, તો પુદ્ગલોનું ગ્રહણ યોગપ્રવૃત્તિ વિના શી રીતે સંભવે ?

ઉ. ૧૦૭ : વેદનીય કર્મ પુદ્ગલ વિપાકી છે.

તથા વેદના અને અનુભવમાં આ ફરક છે. વેદનામાં બીજા બીજા પુદ્ગલોના સહકારની અપેક્ષા રહે છે, પણ અનુભવમાં તો પૂર્વગૃહીત પુદ્ગલો ભોગવાય.

તેથી સયોગીના અંતિમ સમય સુધી પુદ્ગલોનું ગ્રહણ યોગ-પ્રવૃત્તિથી હોય, પછી અયોગીના અંત્ય સમય સુધી માત્ર લીધેલા પુદ્ગલોનો સાહજિક-ભોગ હોય.

કેમકે પુદ્ગલ સંયોગ ચૌદમાના છેલ્લા સમય સુધી છે.

प्र० १०८–ननु भगवान् केवली यदा लोकव्यापकस्तदा त्वष्टरुचकप्रदेशा लोकरुचक स्थाने भवन्ति परमाद्यसमये ते कुत्र भवन्ति ? इति ।

उ०–दण्डसमय एव तान् रुचकस्थान् करोति, तत्रापि सम्बद्धा रुचकाकारेणैव चेति ॥

**પ્ર. ૧૦૮ : કેવલી ભગવાન્ જ્યારે સમુદ્‌ઘાત કરી ચોથા લોકવ્યાપી બને, ત્યારે આઠ રૂચક સમયે પ્રદેશો લોકના મધ્ય ભાગરૂપ રૂચક સ્થાને હોય, પરંતુ સમુદ્‌ઘાતના પ્રથમ સમયે તે પ્રદેશો ક્યાં હોય ?**

**ઉ. ૧૦૮ : સમુદ્‌ઘાતના પ્રથમ સમયે દંડ કરે તે વખતે તે આઠ પ્રદેશો લોકના મધ્યરૂપ રૂચક સ્થાને ગોઠવાઈ જાય, તે પણ આઠ રૂચક પ્રદેશના આકાર સાથે સુસંબંધિત જાણવા,**

प्र० १०९–ननु कियच्छेषायुष्कः केवली समुद्घातं कुर्यात् ? कियत्केवलिपर्यायश्च, किञ्च तत्र कारणमिति ?

उ०–अन्तर्मुहूर्त्तावशेषायुष्कः केवली समुद्घातं कुर्यात् कारणं च श्रेणिरचना तावत्काला तस्या उद्धृतानां समुद्घातेन क्षपणात् तथा अन्तर्मुहूर्त्तादधिकः षण्मास्याश्च न्यूनो यस्य केवलिपर्यायः स नियमात् समुद्धन्ति, तदधिकायुष्कस्तु भाज्यः, कारणं तु प्रागुपार्जितवेदनीयादेर्वेदनकालस्याल्पत्वमनुमीयते, प्रागपि सर्वेषु बध्यमानेषु महान् वेदनीयस्य भागः, केवलित्वे तु सर्वेऽपि बध्यमानास्तत्तयैवेति न्यूनायुष्ककेवलिनः समुद्घातस्यावश्यकतेति ज्ञायते, यश्च 'षण्मासाधिकायुष्क' इत्यादि, तत्र षण्मास्यवमायुष्क इति चारु ॥

**પ્રશ્ન. ૧૦૯–** : કેટલું આયુષ્ય બાકી હોય ત્યારે કેવલી સમુદ્‌ઘાત કરે ? કેવલજ્ઞાનનો કેટલો પર્યાય હોય તે કેવલી સમુદ્‌ઘાત કરે ?

: સમુદ્‌ઘાત કરવાનું પ્રયોજન શું ?

**ઉત્તર :–** : અંતર્મુહૂર્ત્તનું આયુષ્ય બાકી રહે ત્યારે કેવલી સમુદ્‌ઘાત કરે.

સમુદ્દ્ઘાતનું પ્રયોજન એ કે-કર્મના પુદ્ગલોની તેવી શ્રેણિની રચના હોય કે જે સીધી રીતે અંતર્મુહૂર્તમાં ભોગવી ન શકાય તેથી તે ખપાવવા માટે સમુદ્ઘાત કરવો પડે.

જેમનો અંતર્મુહૂર્તથી અધિક અને છમાસથી ન્યૂન કેવલી પર્યાય હોય તે નિયમા સમુદ્ઘાત કરે, છ મહિનાથી વધારે આયુષ્યવાળાને ભજના જાણવી.

: સમુદ્દ્ઘાતનું કારણ પૂર્વોપાર્જિત વેદનીયાદિ કર્મના સમૂહને સીધી રીતે ભોગવવા માટે સમય અલ્પ પડતો હોય.

આમેય સામાન્યથી સમયે સમયે બંધાતા કર્મમાંથી વેદનીયનો ભાગ વધુ પડતો હોય છે.

કેવલજ્ઞાન થયા પછી તો એક માત્ર સાતા વેદનીય જ બંધાય છે. તેથી વેદનીય કર્મનો જત્થો વધુ સંભવે છે.

તેથી છ મહિનાથી ન્યૂન આયુષ્યવાળા કેવલીને સમુદ્દ્ઘાત જરૂરી જણાય છે.

જે "षण्मासाधिकायुष्कः" એ ગાથાથી સમુદ્ઘાત કરનારની વાત જણાવી છે ત્યાં "षण्मास्यवमायुष्कः" એવો પાઠ ઉપયોગી જણાય છે.

प्र० ११०–ननु केवली परमात्मा कतिभिरात्मप्रदेशैर्दण्डादिकं कुरुते, कतिपयश्च भागः यावल्लोकव्याप्तिं शरीरस्थ एव भवतीति ।

उ०–दण्डसमय एवात्मनोऽसंख्येया भागा निर्गच्छन्ति, शरीरस्थश्चैकाऽसंख्येयो भागः तस्मादपि कपाटादिसमयेषु प्रतिसमयमसंख्येया भागा निर्गच्छन्ति भागश्चैकोऽसंख्येयस्तिष्ठति यावल्लोकव्याप्तिसमये यावदाकाश-प्रदेशमानं शरीरे आत्मप्रदेशास्तिष्ठन्ति, दण्डादिकारका अपि तत्तदकाकाशप्रदेशमाना एव, एवंच दण्डादितया स्थापितानामात्मप्रदेशानां तद्‌वस्थत्वं यावत्समुद्घातमित्य-वसीयते, स्थितावपि पल्योपमत्रयस्य प्रतिसमयमसंख्येयान् भागान् अनुभागस्य त्वनन्तान्, प्रतिनिवर्त्तमानस्तु स्थितेः संख्येयान् अनुभागस्य तु कण्डकमिति ॥

પ્રશ્ન-૧૧૦ કેવલી ભગવાન કેટલા આત્મ-પ્રદેશથી દંડાદિક કરે! કેટલો ભાગ આખા લોકને વ્યાપીને પણ શરીરસ્થ હોય?

ઉત્તર :- દંડ સમયે જ આત્માના અસંખ્ય ભાગો બહાર નીકળે છે, શરીરસ્થ એક અસંખ્યાતમો ભાગ હોય.

ત્યાર પછી પણ કપાટાદિ સમયે પ્રતિસમયે અસંખ્યાતા ભાગો બહાર નીકળે અને એક અસંખ્યાતમો ભાગ શરીરસ્થ હોય.

યાવત્ લોકવ્યાપકદશાએ પણ લોકાકાશપ્રદેશ જેટલા પ્રદેશો શરીરમાં હોય છે.

દંડાદિ સમયે પણ તે તે અવગાહનાના પ્રમાણે અસંખ્યાત પ્રદેશ હોય છે.

આ રીતે આત્મપ્રદેશોની અવસ્થિતિ સમુદ્ઘાત સુધી હોય છે.

સમુદ્ઘાત વખતે સ્થિતિ પણ દર સમયે ત્રણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો ક્ષય કરે છે. અને રસમાં અનંત પ્રદેશોનો ક્ષય કરે.

સમુદ્ઘાતથી પાછા ફરતી વખતે સ્થિતિમાં સંખ્યાતમા ભાગને અને રસમાં કંડકવર્ગ પ્રમાણુનો ક્ષય કરે.

હા...ર્દિ...ક...ક્ષ..મા...પ...ના

પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીના વ્યાખ્યાનાદિ સાહિત્યને યથામતિ ઝીણવટપૂર્વક વ્યવસ્થિત કરી સંપાદન કરવાના પ્રયત્ન સ્વરૂપ આ "આગમજ્યોત"માં કયાંય શાસ્ત્રો, આગમો અને જીત કલ્પની મર્યાદા વિરુદ્ધ આલેખાયું હોય તો સકળ શ્રીસંઘ સમસ્ત હાર્દિક मि..च्छा मि..दु.क्क.डं ।

# નમ્ર વિજ્ઞપ્તિ

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે સાત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપુર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

કોઈ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું સ્થાન ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે. ચતુર્વિધ શ્રીસંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ, સાધ્વીજી, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિને વિના મૂલ્યે મોકલાય છે.

ધર્મપ્રેમીઓને સ્થાઈ કોશમાં ૧૦૧ લખાવી સ્થાયી ગ્રાહક થવા ભલામણ છે.

**આર્થિક લાભ લેવાનું સરનામું**
શ્રી આગમો, ગ્રંથમાળા
**રમણલાલ જેચંદભાઇ શાહ**
કાપડ બજાર,
Po. કપડવંજ [જી. ખેડા]

**પ્રાપ્તિસ્થાન :**
'આગમ જ્યોત' કાર્યાલય
**માસ્તર હરગોવનભાઇ**
**મીઠાભાઇ ગુલાબચંદ જૈન**
**ઉપાશ્રય દલાલવાડા, કપડવંજ**




- દરેક શુભ ચીજોનું મૂળ ધર્મ છે ધર્મ હશે તો બધું રહેશે!
- "જ્ઞાન સર્વ આરાધક" એ વાકય નૈગમનયના અભિપ્રાયથી જાણવું.
- સોનું, ચાંદી કે ઝવેરાતની જેટલી કિંમત મગજમાં છે તેના કોડમેં ભાગે પણ ધર્મની કિંમત સમજાય તો ધર્મની પ્રવૃત્તિમાં ઉલ્લાસ જાગે.
- કોઈની ટીકા કરવાના બદલે તેના કામની પ્રશંસા કરો! જેથી તેનો ઉલ્લાસ વધે!
- આપણા પ્રતિ આદરભાવ સામાને ઉત્પન્ન થાય તેવું વાતાવરણ કેળવવું જરૂરી છે કે જેથી તેની છતી ભૂલોનો કરાતો નિર્દેશ પોતાની મેળે ઓળખી દોષ મુક્ત બનવા પ્રયત્ન કરી શકે!
- વચનનો ઉપયોગ બીજાના ઉલ્લાસની જાગૃતિ કેળવવા કરવો જરૂરી છે.
- દરેક માણસ પોતાની પ્રશંસા અને મહત્ત્વ ઇચ્છે છે પણ દુઃખની વાત એ છે કે આ બન્ને ચીજ બીજાને આપવા તૈયાર નથી. તો આપ્યા વિના શી રીતે મળે? એ પણ ખાસ વિચારણીય છે.
- બીજાની ટીકા કરનારો માણસ અણસમજથી પણ દુશ્મનાવટની ખરીદી કરે છે.

---

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦૦૦૧